بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

**બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ** رحمۃ اللہ علیہ **બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-ડિસેમ્બર-૨૦૧૧**

ઝીલ્ હજ્જ-મુહર્રમુલ હરામ

હિજરી સન : ૧૪૩૨/૧૪૩૩

વર્ષ : ૦૮, અંક : ૧૨, સળંગ અંક : ૯૬

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com



**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | ફિલ્મી ગીતોની ભયાનકતા વિશે એક સવાલ | ૦૨ |
| ૦૨ | **હુસૈનની હક્ક પર અડગતાએ મુસ્લિમોને શો.......** | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૯ |
| ૦૫ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૧ |
| ૦૬ | શિફા શરીફ | ૧૩ |
| ૦૭ | હુદાઈકે બખ્શિશ | ૧૫ |
| ૦૮ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૧૮ |
| ૦૯ | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | ૧૯ |
| ૧૦ | કાનૂને શરીઅત | ૧૯ |
| ૧૧ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૨૧ |
| ૧૨ | મુસ્લિમો માટે અલ્લામા ખૈરાબાદીની.... | ૨૨ |
| ૧૩ | ઈમામ હુસૈન તથા અમીર મુઆવિયાની ઉચ્ચતા.... | ૨૫ |
| ૧૪ | મુફતીએ આ'ઝમના તકવા તથા કરામતોની ઝલક | ૩૦ |
| ૧૫ | તલાકની અધિકતાના સબબો તથા તેનો ઈલાજ | ૩૪ |
| ૧૬ | પૂર્વગ્રહ (PREJUDICE) એક ખતરનાક બીમારી | ૩૮ |
| ૧૭ | પ્રો. તાહિરુલ કાદરી : ચિંતનની એક પળ | ૪૦ |
| ૧૮ | પન્ગનુર (આંધ્રપ્રદેશ)માં સુન્ની દેવબંદી...... | ૪૩ |
| ૧૯ | યૌમે આશૂરાની ઈબાદતો | ૪૫ |
| ૨૦ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૭ |


## ફઝ્લે શાને અહલે બયત....

ઝઝ : ઉસ્તાદે ઝમન હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ

બાગે જન્નત કે હૈં બહર મદહખ્વાને અહલે બયત
તુમ કો મુઝ્દા નાર કા અય દુશ્મનાને અહલે બયત

કિસ ઝબાંસે હો બયાં ઈઝ્ઝો શાને અહલે બયત
મદહગો એ મુસ્તફા હૈ મદહખ્વાને અહલે બયત

ઉન્કી પાકી કા ખુદાએ પાક કરતા હૈ બયાં
આયએ તત્હીરસે ઝાહિર હૈ શાને અહલે બયત

ઉન્કે ઘર બે ઈજાઝત જિબ્રઈલ આતે નહીં
કદરવાલે જાનતે હૈં કદરો શાને અહલે બયત

રઝ્મ કા મયદાન બના હૈ જલ્વાગાહે હુસ્નો ઈશ્ક
કર્બલામેં હો રહા હૈ ઈમ્તેહાને અહલે બયત !

ફૂલ ઝખ્મોં કે ખિલાએ હૈં હવાએ દોસ્તને
ખૂનસે સીંચા ગયા હૈ ગુલિસ્તાને અહલે બયત

જુમ્આ કા દિન હૈ કિતાબેં ઝીસ્તકી તય કર કે આજ
ખેલતે હૈં જાન પર શહઝાદગાને અહલે બયત

અય શબાબે ફસ્લે ગુલ યે ચલ ગઈ કૈસી હવા !
કર રહા હૈ લહલહાતા બુસ્તાને અહલે બયત

કિસ શક્કી કી હૈ હુકૂમત હાએ કયા અંધેર હૈ
દિન દહાળે લુટ રહા હૈ કારવાંને અહલે બયત

ખાક પર અબ્બાસો ઉષ્માને અલમબરદાર હૈં
બે કિસી અબ કૌન ઉઠાએગા નિશાને અહલે બયત

બેઅદબ ગુસ્તાખ ફિર્કાકો સુના દે અય **'હસન'**
યૂં કહા કરતે હૈં સુન્ની દાસ્તાને અહલે બયત

# ફિલ્મી ગીતોની ભયાનક્તા વિશે એક સવાલ

કાર્યાલય

**સવાલ** : ઘણા ગીતોમાં કુફ્રી વાક્યો હોય છે જે મુસલમાનોનાં ઘરોમાં T.V. કે DVD પર વાગે છે તેને મજાથી મુસલમાનો સાંભળે છે અમુક જાણે અજાણે એ ગાયનોથી ખુશ થાય છે. જેમાંના અમુક આ પ્રમાણે છે : (૧) તેરી પૂજા કરું તુઝે સજદા કરું ... (૨) બન ગયે હો તુમ મેરે ખુદા... (૩) શિરડીવાલે સાંઈબાબા આયા હૈ તેરે દરપે સવાલી..... (૪) તુઝમેં રબ દેખતા હૂં..... (૫) જય જય શિવશંકર... (૬) સબસે બળા તેરા નામ શેરોવાલી, બિગળી બના દે મેરી.... (૭) હરે રામ હરે ક્રશ્ન... (૮) ઓમ શાંતિ ઓમ...... વગેરે. શાદીઓના મૌકા પર મુસલમાનોને ત્યાં આ વાગે છે તેના પર સ્ત્રીઓ નાચે છે, સૌ સાંભળે છે. એવા લોકો માટે શરીઅતની રૂએ શો હુકમ છે ? (પ્રશ્ન ટૂંકાવી રજૂ કર્યો છે.) *પ્રશ્નકર્તા : સૈયદા શગુફ્તા કાદરિયા–અમરેલી*

**અલ્જવાબ** : بسم اللہ الرحمن الرحیم ઉપરોક્ત ગીતો–ગાયનો તથા આ પ્રકારનાં જેટલાં ગીતો છે સૌ નાજાઈઝ તથા હરામ છે. અને આ પ્રકારનાં ગાયનો સાંભળનારા તથા આ પ્રકારની મેહફિલોનું આયોજન કરનારા સખ્ત ગુનેહગાર છે અને એવા લોકો પર જાહેરમાં તૌબા તથા ઈસ્તિગફાર જરૂરી છે, કે એમાં કેટલાંક ગાયનો કુફ્રની નિકટ છે અને કેટલાંક ગાયનો તો કુફ્રી વાતો પર આધારિત છે. (વલ્અયાઝુ બિલ્લાહ !) દા.ત. સવાલનામામાં નં. ૧, ૨, ૫ અને ૭નાં ગાયનો. (જે સ્પષ્ટ કુફ્રી છે) જો આવાં ગાયનો કોઈકે નઊઝુબિલ્લાહ ગાયાં તો એના પર તૌબાની સાથે ફરીથી કલ્મો પઢવો તથા ફરીથી નિકાહ પઢવા પણ જરૂરી છે. ફતાવા રઝવિય્યહ્‌માં છે : "જેમણે હિંદુઓની સાથે 'જય' પોકાર્યું (જેમ કે જયરામ ચંદ્રજી, જય સીતાજી.... વગેરે) તે કાફિર થઈ ગયા, તેમની પત્નીઓ તેમના નિકાહથી નીકળી ગઈ. એમના પર લાઝિમ છે કે તૌબા કરે અને નવેસરથી કલ્મો પઢે અને પોતાની પત્નીઓથી નવેસરથી નિકાહ કરે." *(ફતાવા રઝવિય્યહ્‌, ભાગ : ૬, પેજ : ૫૦)* તેમજ એમાં છે : "જય" બોલવું કાફિરોનો તરીકો છે. અને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : "જે કોઈ કૌમથી મુશાબેહત (મળતાપણુ) ધરાવે તે એઓમાંથી છે." વળી બાતિલ મઅબૂદોની 'જય' છે તો કુફ્ર છે." *(૬/૧૪૯)* અને હનફી ફિક્હની મશ્હૂર કિતાબ અલ ઈશ્બાહુ વન્નઝાઈરમાં છે : "બુતોને પૂજવું કુફ્ર છે, અને દિલમાં શું છે એનો કોઈ એતબાર નથી." વલ્લાહુ તઆલા અઅ્‌લમ. (એટલે કોઈ કહે કે મેં તો ફક્ત દેખાડવા પૂરતુ જ જય પોકાર્યું કે પૂજા કરી કે તેમની સાથે પૂજાવિધિ કે બાતિલ મઅબૂદોની પ્રાર્થનામાં રહ્યો. પણ તેનું આ બહાનુ શરીઅતમાં ચાલશે નહીં, બલ્કે તે કાફિર થઈ જશે. –તંત્રી)

**લખનાર** : મુફતી મુહમ્મદ મુઝમ્મિલ બરકાતી મિસ્બાહી *(ખાદિમે દારુલ ઈફતા : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)*

**નોંધ** : મુસલમાનો ! ઈમાનની દુરુસ્તી વિના કદીય નજાત નથી થવાની માટે જેઓ જાણે અજાણે આવાં કુફ્રી ગાયનોની મજા માણવામાં સપડાયા હોય તેઓની ભલાઈ એમાં છે કે તેઓ પ્રથમ એ ભૂલની રબની બારગાહમાં તૌબા કરે પછી કલ્મો પઢે પછી પત્નીવાળા નિકાહ દોહરાવે. જાહેરમાં ગુનો કર્યો હોય તો બે પાંચ પચીસની હાજરીમાં તૌબા કરી કલ્મો પઢી સૌને ગવાહ કરી લે. અને નિકાહ દોહરાવવા માટે કાઝીને બોલાવવાની જરૂર નથી કોઈપણ બે સુન્ની સહીહુલ અકીદા ગવાહોની રૂબરૂ પોતાની પત્નીને કહે કે મેં આટલા રૂપિયા મહેરના બદલામાં તને મારા નિકાહમાં કબૂલ કરી તને કબૂલ છે ? તેણી કહે કે, કબૂલ છે. તો નિકાહ થઈ ગયા. તો ખચકાયા વિના આટલુ કરી જહન્નમના અઝાબથી બચશો. *–તંત્રી : બરકાતે ખ્વાજા*

# હુસૈનની હક્ક઼ પર અડગતાએ મુસ્લિમોને શો સંદેશ આપ્યો ?

તંત્રી લેખ

જિનકો ધોકે સે કૂફ઼ા બુલાયા ગયા, જિન્કો બૈઠે બિઠાએ સતાયા ગયા
જિનકી ગરદનપે ખંજર ચલાયા ગયા, જિન્કે બચ્ચોં કો પ્યાસે રુલાયા ગયા
ઉસ મુહમ્મદ (صلی اللہ علیہ وسلم) કે અખ્તરપે લાખોં સલામ

આહ ! કેટલી મજબૂત અડગતા છે હઝરત ઈમામે હુસૈન رضی اللہ عنہની ! અને કેવી અનેરી હિંમત ! કે ભાઈ, ભત્રીજા, પુત્રો, ભાણીયાઓ સૌ ખૂનની ચાદરો ઓઢીને સૂઈ ચૂક્યા છે, યઝીદ પલીદના જાલિમ લશ્કર સામે દીને હક્ક઼ની રક્ષા માટે નબી صلی اللہ علیہ وسلمના ખાનદાનના લાલો પોતાની અણમોલ જાનો કુર્બાન કરી ચૂક્યા છે, લાશોના ટુકડા ટુકડા વેર વિખેર પડેલા છે, સહારા તૂટી ચૂક્યા છે, ઉમ્મીદો ખત્મ થઈ ચૂકી છે, પણ કુર્બાન જાવ ઝહ્રાના લાલ પર કે માથા પર રજમાત્ર પણ કરચલી નથી પડી. તંબૂમાં આવ્યા અને હથિયારોથી સજ્જ થઈ મેદાનમાં જવાની તૈયારી કરવા લાગ્યા, આવા નાઝુક સમયે પણ ખાનદાનની ઔરતોને સબ્રની તલ્ક઼ીન કરી રહ્યા છે ! **મારી વફ઼ાત પર વાળ ન વિખેરશો, કપડાં ન ફાડશો, ચીસો ન પાડશો કે એ હરકતો ખાનદાને મુસ્તફ઼ા صلی اللہ علیہ وسلمને શોભા નથી આપતી.**

### ★ ઈમામે હુસૈન رضی اللہ عنہની શહાદત હજી રડાવી આપે છે ! ★

હે હઝરત ઈમામે હુસૈન رضی اللہ عنہની મહોબ્બતનો દમ ભરનારાઓ ! અહીં એક મિનિટ માટે થોભી જાવ ! અને વિચારો કે દીને હક્ક઼ની રક્ષા ખાતર, શરીઅતે મુહમ્મદીને આબાદ રાખવા ખાતર, શરીઅતના બાગી ફાસિક઼ ફાજિર યઝીદ પલીદની ગંદકીઓથી ઈસ્લામના ચહેરાને સલામત રાખવા ખાતર ઈમામે હુસૈન رضی اللہ عنہએ પોતાના જિગરના ટુકડાઓનું કર્બલાની ધરતી પર કટકા થઈને વિખેરાવાનું તો પસંદ કર્યું પણ યઝીદના હાથ પર બયઅત કરવાનુ માન્ય ન રાખ્યું. એટલા માટે આપ "શહીદે આ'ઝમ" કહેવાયા, નહીં તો શહીદ તો ઘણા થયા. અમુક સત્તા પ્રાપ્તિ કે પોતાની સત્તાને ટકાવી રાખવા શહીદ થયા જેમ કે તાજા જ દૃષ્ટાંતોમાં ઈરાકમાં સદ્દામ હુસૈન અને લીબિયામાં કર્નલ ગદાફી કે જેમને યૂરોપ, અમેરિકા, ફ્રાંસના સંગઠિત દેશોએ વિવિધ પોલીસીઓ વડે **ઈસ્લામ વિરોધી ચળવળ રૂપે** અને **તેલ પર કબજો જમાવવા** જુલ્મથી ખતમ કરી આપ્યા, ભલે જાહેરમાં ગમે તે ચાલાકીઓ કે ગમે તે પ્રકારનાં કારણો એઓ દર્શાવે. છતાં દુનિયામાં એમની શહાદતો ઈતિહાસના એક ખૂણામાં દફન થઈને રહી જશે, જ્યારે ઈમામે હુસૈન رضی اللہ عنہની યાદ લગભગ ૧૩૭૦ વરસો પછી પણ ઈસ્લામી જગત આજે એ રીતે મનાવે છે અને આપની શહાદતના વાક઼્યા સાંભળી આપોઆપ આંખો અશ્રુભીની એ રીતે થઈ જાય છે કે જાણે આ તાજો જ બનાવ છે.

## ★ ઈમામે હુસૈન رضی اللہ عنہની કુર્બાનીની ભાવના અને આપણી હાલત ! ★

હે મહબ્બતે અહલે બયતના દાવેદારો ! એ પણ વિચારો કે યઝીદ પલીદ ફાસિક઼ ફાજિર, શરાબી, ઝાની, બેનમાઝી, મુસલમાનોમાં દાઢી મૂંડાવવાની પહેલ કરનારો મહા ફાસિક઼ તથા રંગરાગનો રસીયો હતો જેના માટે ઈતિહાસ સાક્ષી છે, જો આપની સંમતિથી એ મુસલમાનોનો ખલીફા થાત તો નબી પાક صلی اللہ علیہ وسلمની શરીઅતની ધજ્જીઓ ઉડી જાત, ઈસ્લામનો ચહેરો વિકૃત બની જાત અને સત્તાના જોરે ઈસ્લામી ક઼ાનૂનો વિરુદ્ધ સરેઆમ લોકો બેબાક બની જીવવા લાગતા અને એને ગુનોહ પણ ન સમજતા ! એવું ન બને અને નાનાજાનની શરીઅત ઝિંદા રહે, ઈસ્લામનો ચહેરો સલામત રહે એટલા ખાતર જ આટલી મહાન કુર્બાની ઈમામે હુસૈન رضی اللہ عنہએ આપી. જ્યારે આજે બિનસાંપ્રદાયિક કહેવાતા આપણા આ દેશમાં તથા આપણા આ રાજ્યમાં મુસ્લિમો વિરુદ્ધ ગમે તેવા ક઼ાનૂનો લદાય રહ્યા છે છતાં એની સામે ક઼ાનૂની રીતે લડત લડવા પણ કોઈ તૈયાર નથી થતો ! એ તો ઠીક પણ જે શરીઅતે મુહમ્મદીની રક્ષા ખાતર ઈમામે હુસૈન رضی اللہ عنہએ ઈસ્લામની રાહમાં ખાનદાનને ખપાવી દીધું તે જ ઈસ્લામની તથા શરીઅતની વિરુદ્ધ મુસલમાનો પોતે જ સહકુટુંબ જીવન જીવી રહ્યા છે છતાં તેમના દિલમાં જરાય એ વાત ડંખતી નથી ! સહકુટુંબ બલ્કે પૂરો સમાજ (ઈલ્લા માશાઅલ્લાહ !) ઈસ્લામનો તથા શરીઅતનો બાગી હોય તેમ અને **"યઝીદનો ફેવરાઈટ !"** હોય તેમ યઝીદી કિરદાર અપનાવીને પોતે ફખ્ર અનુભવી રહેલ છે ! ઉપરથી તમાશો એ કે પોતાને હુસૈની કહે છે ! અસ્તગફિરુલ્લાહ ! અલ્લાહની પનાહ ! ક્યાં જઈને અટકશે આ ક઼ૌમ !

## ★ હુસૈની કિરદાર અને યઝીદી કિરદારની ટક્કર ! ★

યઝીદ પલીદ એ ગીત સંગીત તથા મુજરાનો, સ્ત્રીઓના ડાન્સનો શોખિન બન્યો હતો. તેની રાતો આ રંગરેલીઓ તથા અય્યાશીઓમાં ગુજરતી હતી. સારાંશ કે **આ યઝીદી કિરદાર છે કે ગીત સંગીત, શરાબ તથા ડાન્સના પ્રોગ્રામો ગોઠવવામાં આવે, બેન્ડબાજા તથા બેહયાઈઓભર્યા સરઘસો કાઢવામાં આવે.** આ શરીઅતના બાગી યઝીદીઓનો કિરદાર છે. ઈમામે હુસૈન رضی اللہ عنہ તથા અહલે બયતના ખાનદાને, નબી પાક صلی اللہ علیہ وسلمના જિગરના ટુકડાઓએ, હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہاના લાલોએ એનો વિરોધ કરવામાં તથા ટક્કર લેવામાં જ કર્બલાની રેતાળ ધરતીને પોતાના ખૂનથી લાલ કરી આપી. **આ હુસૈની કિરદાર છે કે એ સર્વ મનોરંજનનાં કામો, શરીઅત વિરુદ્ધનાં હરામ કામોને ત્યજી દે એટલું જ નહીં બલ્કે એનો વિરોધ કરવામાં આવે, બલ્કે એ હરામ કામો ગીત સંગીત, નાચ-ડાન્સ, પાર્ટી વગેરે વિશે કલ્પના પણ ન કરે !** તે જ હુસૈની કહેવાને પાત્ર છે.

જ્યારે આજે કહેવાતા હુસૈનીઓના કાનો બહેરા થઈ ગયા છે ! દિલો મુર્દા થઈ ગયાં છે કે વારંવારની રજૂઆતો, બયાનો છતાં તેમનાં પથ્થર દિલો પર કોઈ અસર નથી ! **રોજ જુઓ તો શાદીઓમાં સર્વ યઝીદી કામો બેન્ડ બાજા, ડી.જે., ગીત સંગીત, નાચ નખરા સર્વ ખુશી ખુશી થઈ રહ્યાં છે, દરેક ખુશીના પ્રસંગે કહેવાતા હુસૈનીઓ ફટાકડા ફોડીને શયતાનના ભાઈ બની રહ્યા છે !** વળી **યઝીદને હક્ક઼ પર તથા અમીરુલ મો'મિનીન કહેનારા** વહાબી, દેવબંદીઓ સાથે પણ બેધડક શાદીઓ કરી રહ્યા છે ! પછી ક્યા મોઢે તેઓ પોતાને મુસલમાન તથા ઈમામે હુસૈન رضی اللہ عنہના ચાહક,

અહલે બયતના દીવાના કહી રહ્યા છે ?! શરમ નથી આવતી ?!

અરે ! શાદીઓમાં જ નહીં, આજે તો ઘરે ઘર યઝીદી કિરદારની ચાહનાએ હુસૈની કહેવાતા લોકોના દિલોમાં એવું ઘર કરી લીધું છે કે સતત ઘરમાં ગીત સંગીત, નાચ ડાન્સ તથા નગ્ન અર્ધનગ્ન પર સ્ત્રીઓને પર પુરૂષોને જોવાનું મનોરંજન T.V. ના સ્ક્રિન પર ભાઈ, બહેન, પતિ પત્ની, દિયર, બનેવી, સસરા સાસુ સૌ સહકુટુંબ બલ્કે ઘર બહારના પર પુરૂષો તથા પર સ્ત્રીઓ સામૂહિક રીતે માણી રહ્યાં છે ! **સમગ્ર માહોલ એવો જણાય છે કે જાણે આ ચીજો હરામ તથા ગુનોહ જ નથી એ રીતે લોકો કરી રહ્યા છે !** (અલ્લાહની પનાહ !) ચાહે મુહર્રમનો મહિનો હોય, ચાહે રબીઉલ અવ્વલ શરીફ કે ગૌષપાક رضی اللہ عنہનો મહિનો ચાલતો હોય, ચાહે રમઝાન શરીફનો મુબારક મહિનો ચાલતો હોય..... **જે ઘર પાસેથી પસાર થાવ તમને T.V. પર ફિલ્મો, સીરિયલો કે ક્રિકેટ, ફૂટબોલ.... વગેરે મેચો ચાલતી હોવાના તથા મ્યૂઝિકના અવાજો સાંભળવા મળશે. ઈલ્લા માશા અલ્લાહ !** ક્યાં છે મુસલમાની ?! ક્યાં છે મહબ્બતે રસૂલ ?! ક્યાં છે મહબ્બતે અહલે બયત ?! કેવળ દાવા જ દાવા છે !

## ★ આજના યુવાન યુવતીઓ અને હુસૈની કિરદાર ! ★

હે હુસૈનીઓ ! સાંભળો ! હે અહલે બયતની મહોબ્બતની દાવેદાર બહેનો ! સાંભળો ! હુસૈની કિરદાર તે આનુ નામ ! કે ઈમામે હુસૈન رضی اللہ عنہની તા'લીમ તથા હઝરત ફાતિમા رضی اللہ عنہاની તર્બિયતથી રસૂલે પાક ﷺની શરીઅત પર તે સ્ત્રીઓની મજબૂત પકડ એ હતી કે કર્બલાની ધરતી પર એક પછી એક ગુલશને નબુવ્વતનાં ફૂલો કપાઈ કપાઈને વિખેરાઈ રહેલાં અહલે બયતના ખાનદાનની પાકીઝા સ્ત્રીઓ જોઈ રહી હતી, કલેજાં કપાઈ રહ્યાં હતાં, આંખોથી અશ્રુ વહી જતાં હતાં પણ **કોઈ મહાજૂઠો પણ એ દાવો ઈતિહાસમાં નથી કરી શક્યો કે અહલે બયતના કબીલાની સ્ત્રીઓ ચીસો પાડીને મેદાનમાં દોડી પડી, લાશો પર ઢળી પડી, બેપર્દા થઈ વાળો વિખેરી ચીસો પાડીને આળોટવા કે હાયવોય કરવા લાગી ! નહીં !** બલ્કે ખાનદાનનો મુખ્ય સ્તંભ આખરી સહારો હઝરત ઈમામે હુસૈન رضی اللہ عنہ શહીદ થઈ ગયા પણ સબ્રનો દામન થામીને રહી, એટલું જ નહીં તેમની લાશો પર યઝીદીઓએ ઘોડા દોડાવ્યા, તેમનાં મુબારક માથાંઓને ભાલાઓ પર ઊંચે લટકાવી પોતાની ક્ષણિક બહાદુરી તથા જીતનું એલાન કર્યું છતાં સબ્રનો દામન નથી છોડયો, ન યઝીદીઓને ગાળો ભાંડી, ન ચીસો પાડી, ન ભાગદોડ કરી ન બેપર્દા થઈ ! આ છે હુસૈની કિરદાર !

આજે પોતાને અહલે બયતની દીવાની જાણનારી તથા હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہاની કહેવાતી કનીઝાઓ પોતાના ફક્ત વજૂદને જ આઈનામાં જોઈ લે ! હે મારી બહેન ! આ શો હાલ તેં તારો બનાવ્યો છે ! આજે સહેજ અંદરો અંદર ઝઘડો પડે, મામૂલી બાબતે બોલાચાલી થાય તો મનોરંજન માણનારા, શયતાની નજરોવાળા માટે એક ડ્રામાના જેવા આનંદનો પ્રસંગ ઉભો થઈ જાય છે. ભૂંડી ગાળો, બેપર્દગી સાથે ભાગમભાગી તથા ન બોલવાનાં વેણો બહેનો બોલીને એકબીજાની ઈજ્જતના ધજાગરા ઉડાડી કાઢે છે ! એટલુ જ નહીં, એ પણ વિચારો કે અહલે બયતની પાકીઝા સ્ત્રીઓ સામાન્ય સંજોગોમાં તો બાપર્દા રહેતી જ હતી, તેમના ચહેરાની ઝલક કોઈ પર પુરૂષ પામી ન શકતો એ તો યક઼ીનન વાત છે જ, પણ કર્બલામાં આવા કપરા સમયે પણ એમણે સંતુલન નથી ગુમાવ્યું અને બેપર્દા

નથી થઈ. જ્યારે આજે આપણા સમાજની, હુસૈને પાક رضی اللہ عنہની દીવાની બહેનોની રહન સહન જોઈ લો !

**★ હે બહેનો ! હુસૈનથી સાચી મહોબ્બત છે તો પર્દો અપનાવી લો ! ★**

હે પ્યારી મુસ્લિમ બહેનો ! તમારી ઈજ્જત આબરૂની રક્ષાને લક્ષમાં રાખીને જ તો રસૂલે પાક صلی اللہ علیہ وسلمના લાડલા પ્યારા ઈમામે હુસૈન رضی اللہ عنہ તથા અહલે બયતના ખાનદાનનાં યુવાન તથા બાળકોએ શહાદત વહોરી ! તેની તમને જરાય લાજ નથી ! કે તમો યહૂદી ક્રિશ્ચયન બેહયા નાગી તથા ઉઘાડી, શરાબી, ઝાની કૌમો જેવુ કલ્ચર અપનાવી રહી છો ?! તમારા પર્દા ગાયબ થઈ ગયા ! તમારા માથા પરથી ઓઢણીઓ ગાયબ થઈ ગઈ ! તમારા વાળો કટ થઈ ગયા ! તમારા શરીરના અપારદર્શક ખુલતા લિબાસોનું સ્થાન પારદર્શક અતિચુસ્ત લિબાસોએ લઈ લીધું, **તમારા હાથો ઢાંકતી આખી બાંયોનું સ્થાન ટૂંકી તથા પારદર્શક નેટવાળી બાંયોએ લીધું ! અને હવે તો લગભગ બાંયો પણ ખતમ થઈને તમો તમારા માંસલ મસલ્સ દેખાડી તથા ગળાના કટ સ્તન સુધી લાવી દઈને નગ્ન દેખાવા લાગી છો ! તમારી જાંગો તથા પગો પર એવી ચુસ્ત ઈજારો છે કે જાણે કાંઈ પહેર્યું જ નથી ! નીચાં ખુલતાં તથા ઘેરાવવાળાં અપારદર્શક ફ્રોકોના સ્થાને ટૂંકાં ટી શર્ટ કે નામના ટૂંકા ચુસ્ત પારદર્શક ફ્રોકો તમે પહેરી લીધાં ! હે મુસલમાન બહેન ! તારી સદા શરમથી નીચે ઝુકેલી રહેતી આંખો આજે ગુનાહોની શોધમાં આમતેમ ભટકી રહી છે ?! પર પુરૂષના પડછાયાથી ભાગનારી તું બોયફ્રેન્ડો બનાવી ભટકી રહી છે ! શરમ કર ! મારી બહેન ! શરમ કર !** આ હુસૈનીઓનો નહીં નાલાયક યઝીદીઓનો કિરદાર છે ! આ તો ઈસ્લામના દુશ્મન યહૂદી ઈસાઈનું કલ્ચર છે ! તું મુસલમાનીનો, હુસૈની હોવાનો દાવો કરીને કયા માર્ગે જઈ રહી છે ?! આ તો જહન્નમનો માર્ગ છે જ્યાં તું ચાલી રહી છે ! પાછી ફરી જા ! ખુદાને ખાતર સંભલી જા ! તને મહબ્બતે રસૂલનો વાસ્તો ! તને ઈમામે હુસૈનનો વાસ્તો ! તને હસનો હુસૈનની ઔલાદ ગૌષપાકનો વાસ્તો ! ખ્વાજા ગરીબ નવાઝનો વાસ્તો ! પર્દો કરી લે બહેન ! અને ઈસ્લામને અપનાવી લે ! નહીં તો કાલે કયામતમાં એમને તું શું મોં બતાવીશ ?! ખુદાના ગઝબનો કેવી રીતે સામનો કરી શકીશ ?!

**★ હે હુસૈની યુવાનો ! સંભલી જાવ ! યઝીદી જેવા ન બનો ! ★**

**ઉન્હેં જાના ઉન્હેં માના, ન રખ્ખા ગૈર સે કામ-લિલ્લાહિલ્હ્મ્દ મૈં દુન્યા સે મુસલમાન ગયા**

–*(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

હે હુસૈની યુવાનો ! જો તમે તમારી જાતને મુસલમાન કહો છો ! જો તમે અલ્લાહને ચાહવાવાળા છો ! જો તમે મહબ્બતે રસૂલ صلی اللہ علیہ وسلمને દિલમાં સમાવી ચૂકેલા છો તો આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના આ શેઅર પર જીવન જીવી જાવ તો કામયાબ છો ! ઈમામે હુસૈને એ જ તો કર્યું ! અલ્લાહ વ રસૂલની મહોબ્બત, શરીઅતની હિફાઝતની ફિકરમાં અલ્લાહની રાહમાં પોતાના ગુલશનના નાઝુક ફૂલોને કર્બલાની ભૂમિ પર વેર વિખેર કરી નાખ્યાં, છેવટે પોતાની જાનનું નઝરાણુ આપી દીધું ત્યારે જ તો આજના અતિ ગંદકીભર્યા વિશ્વના વાતાવરણમાં પણ ઈસ્લામનો અસલી ચહેરો સલામત છે, આજે પણ શરીઅતનું અસલી સ્વરૂપ અડીખમ છે, તેના કાનૂનો કશાય ફેરફાર વિના સલામત છે. માટે મારી

નમ્ર આજીજીભરી તમને વિનવણી છે કે જો તમે મુસલમાન છો, અહલે બયતની મહોબ્બતના, હસનો હુસૈને પાક رضی اللہ عنہماની મહોબ્બતના દાવેદાર છો તો આઈના સામે ઉભા થઈ જાવ ! જુઓ પોતાને જુઓ ! કે તમે હુસૈની લાગો છો કે યઝીદી ?! મુસલમાન લાગો છો કે યહૂદી ઈસાઈ ?!

હે પોતાને હુસૈની કહેનાર યુવાન ! **આ તારી લીસ્સી કે ખસખસી દાઢી એ યઝીદની સુન્નત છે ! રસૂલની નહીં !** આ તારો ફાસિકો કાફિરો યહૂદીઓ ઈસાઈઓ જેવો ચુસાચુસ્ત લિબાસ, આ ધૂળમાં ઘસડાતુ જિન્સ પેન્ટ, બહાદુરીમાં મસલ્સ દેખાડતુ ચુસ્ત ટૂંકી બાંયનું શર્ટ, આ તું વાંકો વળે તો પાછળ સીટનો સાંધો દેખાડતું ઊંચુ શર્ટ તથા પેન્ટ, આ તારી ગુનાહોની શોધમાં ભટકતી આંખો, આ નાચ ગાન, ગીત સંગીત, બેન્ડ બાજા, ડી. જે. તથા ફટાકડા ફોડવાનો શોખ, આ તારી બેપર્દા ગૈર મેહરમ સ્ત્રીઓ યુવતીઓને મળવાની, તેમની સાથે એકાંતમાં બેસવાની, વાતો કરવાની, તેમને સ્પર્શવાની, હંસી મજાક કરવાની તથા એથી આગળ વધીને નાજાઈઝ હરકતો કરવાની આદત, આ તારી જૂઠ બોલવાની આદત, આ પંજગાના નમાઝોથી તારી બેપરવાઈ, આ માબાપની આજ્ઞા ન માની તેમના દિલો રંજાડવાની ટેવ, આ મહોલ્લામાં મુસલમાનોમાં આપસમાં ગાળાગાળી ઝઘડા કરીને, કેસો કરીને તેમની સતામણી કરવાની તારી વૃત્તિ....**આ સર્વ ચીજો યઝીદી કિરદાર છે !**

હે હુસૈની યુવાન ! તને ઈમામે હુસૈન رضی اللہ عنہના કર્બલામાં ખંજરનો ઘા સહન કરનારા ગળાનો વાસ્તો ! સંભલી જા ! સંભલી જા ! યઝીદી સુન્નત નહીં નબી પાક صلی اللہ علیہ وسلمની સુન્નત દાઢીને અપનાવી લે ! કોઈ જોઈને તને હુસૈને પાક رضی اللہ عنہનો દીવાનો સમજે અને તારી જિંદગી પરથી સબક઼ લે એવો તારો દેખાવ બનાવ ! તને મુસલમાન થઈને મુસલમાન દેખાવાની શરમ આવે છે ?! અફસોસ છે તારી મુસલમાની પર ! અરે, મરવાની બીક છે ! અરે ! કોઈ મુસલમાન સમજીને મારી નાખશે તો તું સીધો જન્નતમાં પહોંચી જઈશ ! કેમ કે શહીદ મરતાં જ જન્નતની સૈર કરે છે. એથી મોટી શું કામયાબી છે ?! આ જિંદગીનો હેતુ શું છે ? સમજ ! ફક્ત માલ જ કમાવો ? એશ આરામ કરવો ?! નહીં ! આ દુનિયા પરીક્ષાખંડ છે, તારી પરીક્ષા ચાલી રહી છે, તારા ક઼દમ ક઼દમની, શ્વાસે શ્વાસની એક એક કામની ક્લિપ ઉતરી રહી છે એમ સમજ ! અને જો તેં યઝીદી કિરદાર પ્રમાણે જીવન ગુજાર્યું તો ક઼બ્રમાં, ક઼યામતમાં, અંતે જહન્નમમાં ભયાનક સજાઓ વેઠવી પડશે, અને જો તેં હુસૈની કિરદાર અપનાવ્યો અને મુસલમાન જેમ કુર્આન હદીષના આદેશો અનુસાર, સુન્નતે રસૂલને અપનાવીને તું જીવી ગયો તો ઈન્શાઅલ્લાહ ! તું કામયાબ છે ! માટે આજથી જ આ પરીક્ષાની ફિકરમાં લાગીને જીવવા માંડ !

**★ યહૂદી ઈસાઈની ફેશનો ત્યજીને હુસૈની જિંદગી અપનાવો ! ★**

પશ્ચિમી કલ્ચરની કલૂષિત હવા મુસલમાનોના પાકીઝા કલ્ચરને ખરાબ કરવા તનતોડ કોશિશ કરી રહી છે અને એ હવા ફેલાવાનો દરવાજો તમારા ઘરનું ટી.વી. છે. તમારા ઘરમાં એના દ્વારા રોજ સાંસ્કૃતિક ગંદકી ઠલવાઈ રહી છે જેના કારણે તમારી ઔલાદ ઈસ્લામી સંસ્કારોથી દૂર થઈને ગૈરઈસ્લામી નગ્નતાભર્યા પહેરવેશ, બેહયાઈ તથા જૂઠ ધોકાબાઝી શીખી રહી છે, તમારી નાફર્માન થઈ રહી છે, ગમે તેની સાથે લફરાં કરીને તમારી ઈજ્જતને લિલામ કરી રહી છે, તમારી પત્નીઓ બેવફા થઈ રહી છે, અવિશ્વાસની ભાવનાઓ જન્મ લઈ રહી છે. એ જ **ટી.વી.ને તમે એવું તો માથે ચઢાવ્યું છે કે પહેલાં તો ઘરના ખૂણામાં આ ગંદકી લાવનાર સુરંગ ખુલતી હતી પણ હવે તો તમે જ્યાં**

**આયતુલ કુર્સી કે કુલ શરીફ કે બુઝુર્ગોના મઝારો તથા નાલૈન શરીફ વગેરે પાકીઝા ચીજો, બરકતી ચીજોના તખ્તા લગાડતા હતા એની જ જગાએ એને હટાવીને દીવાલ પર ઊંચે ટોકીઝની જેમ મોટુ સ્ક્રિન લગાડી આપ્યું છે જેથી સાંસ્કૃતિક ગંદકીનો ધોધ જ ઘરમાં સતત વરસી રહ્યો છે ! જેથી હવે દિલો પણ એવાં નિષ્ઠુર તથા મુર્દા થઈ ગયાં છે કે લાખ જતન કરવા છતાં ઈસ્લામ તરફ વળતાં નથી !** તો હજી સમજો ને તૌબા કરી લો, કે આ સર્વનો અંજામ બંનેવ જહાનમાં ફજેતી જ છે !

યુવતીઓ ફેશનો કરતાં પહેલાં તે રસૂલુલ્લાહ ﷺનું ફર્માન સાંભળી લે જેમની શફાઅત વિના જન્નત નહીં જ મળે ! ફક્ત ભરમોમાં ન જીવે, કે રસૂલેપાક ﷺએ ફર્માવ્યું કે, **"જે સ્ત્રી એટલા માટે શણગાર કરે કે લોકો તેના પ્રતિ આકર્ષાય તે ઝાનિયા (વ્યભિચારીણી) છે."** હવે વિચારો કે **આજે તો લોકોમાં સુંદર દેખાવાની તથા લોકોની આંખોને પોતાના પ્રતિ વાળવાની યુવતીઓમાં હરીફાઈ ચાલી રહી છે !** હે બહેનો ! જો તમારામાં ઈમાની હૂંફ બાકી છે તો શાદી હોય કે સામાન્ય પ્રસંગ પણ બની ઠનીને ન નીકળો, બલ્કે ઈસ્લામી ક઼ાયદા મુજબનો પર્દો કરો, બુરી નજરોથી બચવા ચેહરો ઢાંકો. એવું નહીં કે મોઢા પર કકડો નાખ્યો છે અને છાતીઓના ભાગો ઉભાર્યા છે અને મસલ્સ તથા હાથો ખુલ્લા રાખ્યા છે ! અથવા ખુલતો નહીં પણ ચુસ્ત ચુસ્ત, શરીરનાં અંગો જાહેર કરે તેવો જબ્બો પહેર્યો છે ! **આ પર્દો નથી પણ પર્દાની મઝાક છે !** પર્દો એટલે શરીરના શરમના ભાગોને ઢાંકવામાં આવે, તો સમજો ! અને તમારી આખેરતની ચિંતામાં લાગી જઈને ઈજ્જત આબરૂદાર બનીને જીવો.

યુવાનો પણ બોધ લે કે પોતાની નજરોને આવારા ન છોડી મૂકે કેમ કે ખુદા ફર્માવે છે : "ઈમાનવાળા પુરૂષોને કહો કે **પોતાની નજરો નીચી રાખે.** અને ઈમાનવાળી સ્ત્રીઓને કહો કે તેણીઓ પોતાની નજરો નીચી રાખે." *(સૂ. નૂર)* તથા રસૂલેપાક ﷺનું ફર્માન છે કે, **"જે આંખ હરામથી ભરાશે (પર સ્ત્રીઓને જોશે) તો કાલે ક઼યામતના દિવસે તેની આંખમાં આગના સળીયા ઘોંચવામાં આવશે."** જ્યારે જોવા પર પાબંદી છે તો પરપુરૂષોથી મેલજોલની વાત જ શું ?! બસ ! તો આ પરથી તમારી આખેરતને દર્દનાક ન બનાવો અને પાકીઝા હુસૈની કિરદાર સાથે જીવવા તૈયાર થઈ જાવ ! **ઈમામે હુસૈન رضی اللہ عنہની તથા અહલે બયતની મહોબ્બત એમાં નથી કે શીઆઓની જેમ તા'ઝીયાનાં જુલૂસો ધામધૂમથી કાઢો ! સ્ત્રી પુરૂષોની ભેળસેળ સાથે વાગતે ગાજતે તેનાં આસપાસ કૂદીને તેને છેવટે ડૂબાડી દો !** બલ્કે પાછલી ગુનાહિત જિંદગીથી તૌબા કરી લો ! અલ્લાહ તૌબા કરનારને માફ કરે છે અને તેનાથી ખુશ થાય છે, જેથી આજે જ તૌબા કરી લો !

સારાંશ કે હઝરત ઈમામે હુસૈન رضی اللہ عنہએ કેટલી મહાન કુર્બાનીઓ રજૂ કરી તે તમે જોયું અને વારંવાર ઉલમાના બયાનો કિતાબોમાં વાંચો છો કે જેનું દષ્ટાંત હવે મળવું શક્ય નથી જણાતુ, તે ફક્ત **દીને ઈસ્લામની તથા શરીઅતે મુસ્તફા ﷺની રક્ષા** માટે જ હતી, કોઈ અન્ય સ્વાર્થ હરગિઝ ન હતો. એના પરથી આપણે હુસૈનીઓએ પણ અહદ કરવો જોઈએ કે આપણે પણ કોઈપણ ભોગે ઈસ્લામ પર ચાલીશું અને શરીઅતે મુસ્તફા ﷺનું જરૂર પાલન કરીશું. ઈમામે હુસૈન رضی اللہ عنہની કુર્બાનીની જરૂર લાજ રાખીશું. ઈન્શાઅલ્લાહ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં આપણને તથા આપણી ઔલાદને શરીઅત પર અડગતાથી જીવવાની તૌફીક઼ આપે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

اِنَّ اللّٰهَ رَبِّیْ وَ رَبُّكُمْ فَاعْبُدُوْهُ ؕ هٰذَا صِرَاطٌ مُّسْتَقِیْمٌ ﴿۵۱﴾ فَلَمَّاۤ اَحَسَّ عِیْسٰی مِنْهُمُ الْكُفْرَ قَالَ مَنْ اَنْصَارِیْۤ اِلَی اللّٰهِ ؕ قَالَ الْحَوَارِیُّوْنَ نَحْنُ اَنْصَارُ اللّٰهِ ۚ اٰمَنَّا بِاللّٰهِ ۚ وَاشْهَدْ بِاَنَّا مُسْلِمُوْنَ ﴿۵۲﴾ رَبَّنَاۤ اٰمَنَّا بِمَاۤ اَنْزَلْتَ وَاتَّبَعْنَا الرَّسُوْلَ فَاكْتُبْنَا مَعَ الشّٰهِدِیْنَ ﴿۵۳﴾ وَمَكَرُوْا وَ مَكَرَ اللّٰهُ ؕ وَاللّٰهُ خَیْرُ الْمٰكِرِیْنَ ﴿۵۴﴾

### ત.....ર્જુ.....મો.....

''બેશક ! અલ્લાહ કમાલના મર્તબે પહોંચાડનારો છે મને અને કમાલના મર્તબે પહોંચાડનાર છે તમને જેથી તેની ઈબાદત કરો એ જ સીધો રસ્તો છે[૫૭]. પછી જ્યારે મેહસૂસ કર્યું ઈસા (علیہ السلام) એ તેમનાથી કુફ્ર (તથા ઈન્કાર) (તો) આપે કહ્યું, કોણ છે મારો મદદગાર અલ્લાહની રાહમાં ?! (આ સાંભળીને) કહ્યું હવ્વારીઓએ કે અમે મદદ કરનારા છીએ અલ્લાહ (ના દીન)ની, અમે ઈમાન લાવ્યા છીએ અલ્લાહ પર. અને (હે નબી !) તમે ગવાહ બની જાવ કે અમે (અલ્લાહના હુકમની સમક્ષ) માથુ નમાવેલ છીએ. હે અમારા રબ ! અમે ઈમાન લાવ્યા જે તેં નાઝિલ ફર્માવ્યું અને અમે તાબેદારી કરી રસૂલની, તો લખી લે અમને હક્ક પર ગવાહી આપનારાઓની સાથે. અને યહૂદીઓએ પણ (મસીહને કત્લ કરવાની) છુપી તદબીર કરી અને (મસીહને બચાવવા માટે) અલ્લાહે પણ છુપી તદબીર કરી[૫૯] અને અલ્લાહ સૌથી બેહતર (અને અસરકારક) છુપી તદબીર કરનારો છે.

### તફસીર.........

**૫૭.** આટલા આશ્ચર્યજનક મો'જિઝાઓ દેખાડયા બાદ આપ સ્પષ્ટપણે એલાન કરી રહ્યા છે કે, બેશક ! તમે મને મુડદાંઓને જીવંત કરતાં, આંધળાઓને દેખતા કરતા અને લાઈલાજ બીમારોને તંદુરસ્ત કરતાં જાયો છે, પરંતુ યાદ રાખો કે હું ખુદા નથી બલ્કે એનો બંદો છું જે મારો પણ પરવરદિગાર છે અને તમારો પણ, એ જ ઈબાદત તથા પૂજાને લાયક છે. અને કોઈપણ કમાલવાળો એને પાત્ર નથી કે તેને પૂજનીય ઠરાવવામાં આવે, એટલા માટે તમે એની જ ઈબાદત કરો. એટલા માટે રબ્બુલ આલમીનને અલ્લાહ વહદહુલાશરીક યકીન કરવો અને એની જ ઈબાદત કરવી એ જ સિરાતે મુસ્તકીમ (સીધો માર્ગ) છે. અને જે કોઈ આ રુશ્દો હિદાયતના ધોરી માર્ગથી બાલ બરાબર પણ ચલિત થયો તે ગુમરાહ થઈ ગયો.

**૫૮.** લગભગ ભાષામાં કશાય અપવાદ વિના આવા શબ્દો જોવા મળે છે. જે વિવિધ અર્થો ધરાવે છે અને તે ભાષાવાળા એવા શબ્દોને વિના સંકોચે વિવિધ અર્થોમાં વાપરે છે, પરંતુ જ્યારે તે જ શબ્દ કોઈ અન્ય ભાષામાં વપરાવા લાગે છે તો તે પોતાના મૂળ વિવિધ અર્થોમાંથી કોઈ એક અર્થમાં મશહૂર થઈ જાય છે અને આપણે જ્યારે તેને તેની અસલી ભાષામાં વપરાતો જોઈએ છીએ તો તેનો એ જ અર્થ જ આપણા દિમાગમાં બેસી ગયેલો છે તેને ફીટ કરવાની કોશિશ કરીએ છીએ, અને જ્યારે તે ફીટ નથી થતો તો પરેશાન થઈ જઈએ છીએ. તેનું એક દૃષ્ટાંત શબ્દ ''મકર'' છે અનો અર્થ હિલાસાઝી (ટ્રીક)

પણ છે અને એ શબ્દ અરબીમાં કેવળ તદબીર કરવા એને કોઈ ગુપ્ત કાવત્રાને ગુપ્ત તરીક઼ા વડે નિષ્ફળ બનાવી દેવાના અર્થમાં પણ વાપરવામાં આવે છે. પરંતુ ઉર્દૂમાં આપણે આ શબ્દ "મકર"ને કેવળ ધોકો આપવા તથા પ્રપંચના અર્થમાં વાપરીએ છીએ. અને જ્યારે આ કાર્યની નિસ્બત રબ તઆલાની તરફ થાય છે તો આપણુ દિમાગ વિના કારણે જાત જાતની શંકાકુશંકામાં પડી જાય છે, જ્યારે કે તેનો કર્તા ખૂદ તે પવિત્ર જાત જે દરેક અયબ, દરેક ખામી તથા અયોગ્ય કૃત્યથી પાક છે તો "મકર" શબ્દનો અર્થ કેવળ તદબીર અથવા તે છુપો તરીક઼ો જેના વડે હક્ક઼ના દુશ્મનોના શૈતાની મન્સૂબાઓને ધૂળમાં મેળવવાનો હેતુ હોય છે એવો કરવામાં આવશે. હવે કોઈ પ્રકારની શંકા નથી રહેતી قال المفضل ودبروا ودبرالله والمكر لطف التدبر *(બહરે મુહીત)*

અને આ શાબ્દિક સંશોધન માટે માણસ પાસે સમય ન હોય તો કમસે કમ ઈલ્મે બદીઅના ક઼ાઈદાએ મશાકિલતને હમેશાં નજરો સમક્ષ રાખે. તે એ છે કે અરબીમાં કોઈ બુરા તથા નાપસંદીદા કાર્ય પર જે સજા આપવામાં આવે છે અને એ જ શબ્દ વડે તાબીર કરી દેવામાં આવે છે, ભલે તે સજા કેટલીય યોગ્ય તથા ન્યાયયુક્ત કેમ ન હોય. દા.ત. جزاء سيئة سيئة مثلها એટલે કે બુરાઈનો બદલો બુરાઈ છે. એ જ રીતે જો કે બુરાઈની સજા બુરાઈ નથી હોતી બલ્કે અયન ઈન્સાફ હોય છે. અથવા દા.ત. فمن اعتدى عليكم فاعتد واعليه એટલે જે તમારા પર જુલ્મ કરે તેના પર તમે જુલ્મ કરી લો. જ્યારે કે જુલ્મની રોકથામ (સામનો) કરવી એ જુલ્મ નથી બલ્કે દીન તથા અખ્લાક઼ના સર્વ બંધારણો (ક઼ાયદા) તેના દુરુસ્ત હોવાનુ સમર્થન કરે છે. એ જ પ્રમાણે અહીં પણ હઝરત મસીહ علیہ السلامને ક઼ત્લ કરવાની જે પ્રપંચમય સાઝિશ એ યહૂદીઓએ કરી રાખી છે તેને અલ્લાહ તઆલા તરફથી નિષ્ફળ બનાવવાની જે તદબીર કરવામાં આવી તેને મકરથી તાબીર કરી આવી, અને એમાં કાંઈ અયબ નથી.

પેજ નં. ૩૯નું ચાલુ...

(કોમ્યુનિઝમ)ની હૈસિયતથી ગૃપના રૂપમાં દુનિયા પર અને ખાસ કરીને મુસલમાનો પર જુલ્મ કરી રહી છે. તો આશ્ચર્ય થાય છે કે આ તે જ ક઼ૌમો છે જેમણે ક્યારેક આપસમાં વિશ્વ યુદ્ધો લડયાં હતાં, શહેરોના શહેરો તબાહ કર્યાં હતાં. જેમની અંદર પૂર્વગ્રહના એટલા રંગ હતા જેમ કે અંગ્રેજ, ફ્રાન્સીસી, જર્મન, આર્યન, ગૈરઆર્યન, **Semitic, Reces, Non Sametic,** કાળા અને ગોરાનો ફરક, એશિયન અને ગૈરએશિયનનો તફાવત, પણ આજે આ બધી ક઼ૌમો એક થઈ રહી છે, અને જે (ક઼ૌમ)ના રસૂલ ﷺએ કાળા અને ગોરાનો તફાવત, અરબી તથા અજમીનો ફરક, અમીર તથા ગરીબનો ફરક, બધુ જ મિટાવી દીધુ હોય તે ક઼ૌમના દિલમાંથી આજે ભેદભાવ તથા પૂર્વગ્રહનો રોગ નીકળવાનું નામ નથી લેતો ! હદ તો એ છે કે મુસલમાનોના ગૃપો પોતે એકબીજાનાં નામો લઈ લઈને બેઈજ્જત કરતાં રહે છે, જ્યાર કે હક઼ીક઼ત એ છે કે દરેક મુસલમાનને ઈસ્લામ (લાવવા)ના કારણે બરાબર ઈજ્જત મળેલી છે. العزة للمسلمين "ઈજ્જત મુસલમાનો માટે છે" આ બધી દિલની સંસ્કારિક તથા રૂહાની બીમારી છે, આપણે તેનાથી બચવું પડશે અને પોતાના દિલને જાતપાતના દરેક ભેદભાવ, પૂર્વગ્રહથી બચાવવું પડશે. દુનિયા તથા આખેરતના એતેબારથી આપણા પર આવું કરવું જરૂરી છે. અલ્લાહ તબારક વ તઆલાના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "ખબરદાર ! શરીરમાં ગોશ્તનો એક ટુકડો છે અને જો તે સલામત છે તો આખુ શરીર સલામત છે, પરંતુ જ્યારે તે બીમાર થઈ જાય છે તો આખુ શરીર બીમારી (ગુનાહ)નું ભોગ બની જાય છે. યાદ રહે શરીરમાં ગોશ્તનો તે ટુકડો દિલ છે." *(બુખારી શરીફ તથા મુસ્લિમ શરીફ)*

અલ્લાહ તબારક વ તઆલા આપણા સૌને ભેદભાવ તથા પૂર્વગ્રહની ખતરનાક બીમારીથી બચવાની નેક તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**હદીષ** : *હઝરત જુન્દુબથી[૧] રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે કુર્આનમાં પોતાની રાયથી કહે, પછી ખરુ પણ કહી આપે તો પણ ખતા કરી ગયો[૨]. (તિર્મિઝી તથા અબૂ દાઊદ)*

*હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે ફર્માવે છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે કુર્આનમાં ઝઘડવું કુફ્ર છે." (અહમદ તથા અબૂ દાઊદ)*

*હઝરત અમ્ર ઈબ્ને શોએબ رضی اللہ عنہથી રિવાયત છે તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી રિવાયત કરે છે[૪] કે નબી કરીમ ﷺએ એક જમાઅતને કુર્આનમાં ઝઘડતાં સાંભળ્યા[૫] તો ફર્માવ્યું કે આ હરકતથી તમારાથી આગલા લોકો હલાક થઈ ગયા કે તેમણે અમુક કિતાબને અમુકથી ટકરાવી[૬] કિતાબુલ્લાહ તો એટલા માટે ઉતરી કે અમુક અમુકનું સમર્થન કરે, જેથી તમે અમુકને અમુક વડે ન જૂઠલાવો[૭]. જેટલા પ્રમાણમાં કિતાબ જાણતા હોઉ કહો, જે ન જાણો તે આલિમને સુપ્રત કરો[૮]. (અહમદ ઈબ્ને માજહ)*

## સ....મ....જૂ....તી....

**૧.** આપનુ નામ જુન્દુલ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને સુફયાન અલફી બજલી છે. અલફ એ બજલ કબીલાનો એક ભાગ છે. આપ મશ્હૂર સહાબી છે. અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરના વિસાલના ચાર વરસ બાદ વિસાલ પામ્યા.

**૨.** એટલે કે આલિમ પોતાની રાયથી તફસીર કરે અથવા જાહિલ પોતાની રાય વડે તાવીલ કરે અને સંજોગોવસાત તે તફસીફ તથા તાવીલ દુરુસ્ત હોય તો પણ તેઓ બંનેવ ગુનેહગાર ઠરશે, કેમ કે તેમણે નાજાઈઝ કામ કર્યું. અને શક્ય છે કે ભવિષ્યમાં એના પર દિલેર બનીને ગલતી પણ કરી જાય. ઉલમા ફર્માવે છે કે કુર્આનની તફસીરના માટે આલિમને પંદર ઈલ્મોમાં સંપૂર્ણ નિપૂણતા હોવી જોઈએ ત્યારે તે કુર્આનને હાથ લગાડે, એવો આલિમ જો કુર્આનની તાવીલમાં ગલતી પણ કરશે તો પણ સવાબ પામશે. મુજતહિદની ખતા પર એક સવાબ છે, અને સહીહ થવા પર ડબલ છે. જેવુ કે આગામી હદીષોમાં આવશે. તફસીર તથા તાવીલનો ફરક અમે ઉપર વર્ણવી ચૂક્યા છીએ. તફસીરમાં યકીન હોય છે જે નક્લ પર આધારિત છે જ્યારે તાવીલમાં અધિક્તર ગુમાન, ધારણા હોય છે. યાદ રાખશો કે કુર્આનની તે તાવીલ જે નક્લની વિરુદ્ધ હોય તે હરામ છે.

**૩.** એટલે કે કુર્આનની આયતના અર્થોમાં એવો ઝઘડો કરવો જેનાથી લોકો શકમાં પડી જાય એ કુફ્રની નિકટ છે, કેમ કે એ લોકોના કુફ્રનો ઝરીયો છે. અથવા મુતશાબેહાતની તાવીલોમાં ઝઘડવું કુફ્રાને નેઅમત (નએમતની નાક્દરી) છે. અથવા કુર્આની આયતો અથવા આયતોની મુતવાતિર ક્રિઆતોમાં ઝઘડો કરવો કે એ અલ્લાહનું કલામ છે કે નથી, એ કુફ્ર છે. અથવા કુર્આનને પોતાની રાયના પ્રમાણે બનાવવામાં ઝઘડવું કે દરેક પોતાની રાય તથા ઉભો કરેલા મઝહબના પ્રમાણે તેનો તર્જુમો તથા તફસીર કરે, એ કુફ્ર છે. સારાંશ કે હદીષ તદ્દન સ્પષ્ટ છે, અને તેને મુફસ્સિરો તથા મુજતહિદોના મતભેદ સાથે કોઈ સંબંધ નથી, એ ઝઘડો નથી બલ્કે તેહકીક છે.

**૪.** પ્રથમ વર્ણન થઈ ચૂક્યું કે આપનું નામ અમ્ર

ઈબ્ને શોએબ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ છે. અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર આસ સહાબી છે અને તેમના પુત્ર મુહમ્મદ તાબઈ છે. જો "જદ્દિહી"ની ઝમીર અમ્રની તરફ પલટે તો એ હદીષ મુરસલ છે, કેમ કે અમ્રના દાદા મુહમ્મદ તાબઈ છે. અને જો શોએબની તરફ પલટે તો આ હદીષ મુત્તસિલ છે, કેમ કે શોએબના દાદા અમ્ર ઈબ્ને આસ સહાબી છે. સારાંશ કે આ હદીષ મુદલ્લસ છે. *(અઝ : મિર્કાત)*

**૫.** એ રીતે કે એક શખ્સ પોતાનું કથન એક આયતથી સાબિત કરી રહ્યો છે અને બીજો એની વિરુદ્ધ બીજી આયતથી, જેનાથી સાંભળનારને શંકા ઉદ્ભવે કે કુર્આની આયતો સરખી નથી, એમાં સખ્ત ટકરાવ તથા મતભેદ છે. જેમ કે એક કહે કે ભલુ તથા બુરુ અલ્લાહની તરફથી છે. રબ તઆલા ફર્માવે છે : قُلْ كُلٌّ مِنْ عِنْدِ اللّٰهِ અને બીજો કહે કે, નહીં ! ભલાઈ રબની તરફથી છે અને બુરાઈ આપણા તરફથી. રબ ફર્માવે છે :–

مَا اَصَابَكَ مِنْ حَسَنَةٍ فَمِنَ اللّٰهِ وَمَا اَصَابَكَ سَيِّئَةٍ فَمِنْ نَفْسِكَ

આ છે કુર્આનમાં ઝઘડો ! જે હરામ બલ્કે ક્યારેક કુફ્ર છે.

**૬.** એટલે કે ટકરાવ દેખાડયો. એ ઈસાઈ તથા યહૂદી વગેરે હતા જેઓ તૌરાત તથા ઈન્જીલની આયતોમાં મળતાપણુ ન કરી શક્યા. ઘણા ફિર્કા બનાવી બેઠા અને દરેક ફિર્કો એ કિતાબોની અમુક આયતો વડે દલીલ પકડવા લાગ્યો. અલ્લાહ મહફૂઝ રાખે.

**૭.** કિતાબુલ્લાહથી મુરાદ કુર્આન શરીફ છે અથવા સર્વ આસ્માની કિતાબો. પ્રથમ અર્થ અધિક જાહેર છે એટલે કે કુર્આની આયતો આપસમાં વિરોધાભાસી નથી, બલ્કે એક સમાન છે. જો ટકરાવ જણાય તો એ આપણી સમજનો વાંક છે અથવા આપણે તારીખથી બેખબર છીએ, નાસિખ તથા મન્સૂખને નથી ઓળખતા, અથવા આપણે આયતોના અર્થોને સહીહ નથી સમજ્યા.

**૮.** સુબ્હાનલ્લાહ ! શું ઉમદા તા'લીમ છે કે જાહિલ કુર્આનની તફસીરને હાથ ન લગાડે. જ્યારે બેઈલ્મ બીમારનો ઈલાજ નથી કરતો, એન્જીનના મશીનને હાથ નથી લગાડતો, બલ્કે બિન અનુભવી હજામ માથુ નથી મૂંડતો, તો પછી દરેક બેખબર કુર્આનની તફસીરને શાથી હાથ લગાડે ?!

**લતીફા :** કોઈકે એક આલિમને કહ્યું કે કયામતનો દિવસ કેટલો મોટો છે ! કુર્આન એને એક હજાર વરસનો પણ કહે છે અને પચાસ હજાર વરસનો પણ ! હદીષે તો ગઝબ જ કરી નાખ્યો ! તે ફર્માવે છે કે ચાર રકાત નમાઝ પઢવા સમાન હશે. ન કુર્આનનો એતબાર ન હદીષોનો ! અલ્અયાઝુબિલ્લાહ ! આલિમે ફર્માવ્યું કે કુર્આન તથા હદીષ સહીહ છે અને તારી સમજ ખોટી છે. તે દિવસ એક હજાર વરસનો છે પરંતુ કાફિરોને તકલીફના કારણે પચાસ હજાર વરસનો તથા મુસલમાનને રાહતના કારણે દસ મિનિટનો જણાશે. જેવી રીતે એક જ રાત બીમારને લાંબી અને તંદુરસ્તને નાની જણાય છે. અને જે મહબૂબની પાસે પસાર કરે તેને મિનિટોની મહેસૂસ થાય છે.

**જશ્ને ઈફતેતાહ : કવીઠા :** તા. જિ. ભરૂચ ખાતે તા. ૧૩–૧૧–૨૦૧૧ રવિવારે કવીઠા મુકામે હઝરત બાલાપીર મસ્જિદ જેનું બાંધકામ જનાબ અહમદ સુલેમાન કડુજી (નબીપુર) થકી પોતાના મર્હૂમા વાલિદા આયશાબેનના ઈસાલે સવાબ અર્થે કરવામાં આવ્યું જેની ઈફતેતાહ હઝરત સૈયદ ગુલામરસૂલ બાવા કારંટવી (પેશ ઈમામ–નબીપુર જામા મસ્જિદ)ના મુબારક હસ્તે કરવામાં આવી. આ પ્રસંગે ગ્રામ્યજનો તથા આસપાસના સુન્ની બિરાદરોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. ૧૧ વાગ્યે ન્યાઝ જમાડવામાં આવી. ઝહોરની નમાઝથી મસ્જિદની ઈફતેતાહ થઈ હતી. રબ્બે કરીમ સખીદાતાની નેકીને કબૂલ ફર્માવે તથા તેમના મર્હૂમોની મગફેરત ફર્માવે. (આમીન) ખુશીના આ પ્રસંગે જનાબ સઈદ કડુજી તરફથી બરકાતે ખ્વાજા (માસિક)ને રૂા. ૧૦૦/– લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! *–તંત્રી : "બરકાતે ખ્વાજા (માસિક)*



# શિફા શરીફ

વિભાગ : ૨

મૂળ લેખક : ફક઼ીહ ક઼ાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ
ગુજરાતી અનુવાદક : મર્હૂમ ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

## નબીના નામોમાં કરામત

અલ્લાહ તઆલાનાં મુબારક નામોમાં "અલ્ અલીમુ અલ્ અલ્લામુ આલિમુલ્ગયબિ વશ્શહાદહ" પણ છે. અને પોતાના નબી સૈયદના મુહમ્મદ ﷺની પ્રશંસા પણ તેના સાથે ફર્માવી અને ઈલ્મના ઘરેણાથી શણગારી પોતાના નબીને વિશેષતા બખ્શી. જેવો કે અલ્લાહ તબારક વ તઆલાનો ઈર્શાદ છે : "અને તમને શિખવાડી દીધું જે તમે ન જાણતા હતા અને અલ્લાહનો ફઝ્લ તમારા પર મહાન છે." *(સૂરએ નિસાઅ, આયત : ૧૧૩)*

અને બીજી જગ્યાએ ફર્માવ્યું : "જેમ કે અમે તમારામાં મોકલ્યો એક રસૂલ તમારામાંથી કે તમારા પર અમારી આયતો તિલાવત ફર્માવે છે અને તમને પાક કરે છે." *(સૂરએ બક઼રહ્, આયત : ૧૫૧)*

અલ્લાહ જલ્લશાનહુના નામોમાં "અલ્ અવ્વલુ" અને "અલ્ આખિરુ" પણ છે તેનો અર્થ એ છે કે તેઓ વસ્તુઓના વુજૂદના પહેલાં પણ મૌજૂદ હતા અને તેનો નાશ થયા પછી પણ બાકી રહેશે. હક઼ીક઼ત આ મામલામાં એ છે કે ન તેની શરૂઆત છે અને તેનો અંત. રસૂલુલ્લાહ ﷺ પણ અલ્ અવ્વલુ વ અલ્ આખિરુ છે જેવું કે આપે ફર્માવ્યું છે : "હું તમામ અંબિયાની પૈદાઈશના પહેલાંથી છું અને દુનિયામાં આવવાને ધ્યાનમાં લેતાં સૌથી છેલ્લે છું."

અલ્લાહ તબારક વ તઆલાનો ઈર્શાદ છે : "અને હે મહબૂબ ! યાદ કરો જ્યારે અમે નબીઓ પાસેથી વાયદો લીધો અને તમારી પાસેથી અને નૂહથી." *(સૂરએ અહઝાબ, આયત : ૭)*

આમાં સૈયદના મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺને સર્વશ્રેષ્ઠ રાખ્યા અને આ અર્થ તરફ હઝરત ઉમર બિન ખત્તાબ (વિસાલ : હિ.સ. ૨૪/ઈ.સ. ૬૪૪)એ ઈર્શારો કર્યો છે.

અને આ પણ રિસાલતનું ફર્માન છે : "અમે તમામથી આખરમાં અને દરેક પર પ્રધાનતા મેળવવાવાળા છીએ." પછી આ પણ સાથે ફર્માવ્યું : "હું સર્વ પ્રથમ થયો છું જેના માટે જમીન ફાટી જશે." "જન્નતમાં દાખલ થનારો હું સૌથી પહેલો છું." "સૌથી પ્રથમ શફાઅત કરવાવાળો છું." "અને જેની શફાઅત બારગાહે ખુદાવંદીમાં ક઼બૂલ થવાની ઈજ્જત પ્રાપ્ત થશે તેમાં સૌથી પ્રથમ હું છું." (ﷺ)

અલ્લાહ તબારક વ તઆલાના મુબારક નામોમાંથી "અલ્ ક઼વીયુ" અને "ઝુલ્કુવ્વતિલ્ મતીન" પણ છે તેનો અર્થ કુદરત શીખવાવાળો છે. નબી કરીમ علیہ الصلوٰۃ والسلامને પણ અલ્લાહ તબારક વ તઆલાએ તેના સાથે વિશેષતા આપી છે જેવો કે અલ્લાહ તબારક વ તઆલાનો ઈર્શાદ છે : "જે કુવ્વતવાળો છે અર્શના માલિક પાસે (ઈજ્જતવાળો) છે." *(સૂરએ તકવીર, આયત : ૨૦)*

કહેવામાં આવ્યું છે કે તેનાથી મુરાદ મુહમ્મદ ﷺ છે. એક કથન એ પણ છે કે તેનાથી મુરાદ હઝરત જિબ્રઈલ علیہ السلام છે. અલ્લાહ તબારક વ તઆલાનું એક નામ "અસ્સાદિક઼ુ" પણ છે. નક઼લ કરવામાં આવેલી પ્રખ્યાત હદીષમાં છે કે ફખ્રે દો આલમ علیہ الصلوٰۃ والسلامના "સાદિક઼" તથા "મસ્દૂક઼" નામ પણ રાખવામાં આવ્યાં છે.

અલ્લાહ તબારક વ તઆલાના મુબારક નામોમાં "અલ્ વલીયુ" અને "અલ્ વલા" પણ છે અને તે બંનેનો અર્થ મદદગાર છે. આ મુક઼દ્દસ નામોનો પણ સરપાવ પોતાના હબીબ ﷺને અર્પણ કરતાં અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું છે : "તમારા દોસ્ત નથી પણ અલ્લાહ અને તેનો રસૂલ." *(સૂરએ માઈદહ્, આયત : ૫૫)* અને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું છે : "હું દરેક ઈમાનવાળાનો મદદગાર છું." અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના હબીબ પનાહે બેકસાં શફીએ આસિયાં ﷺની શાનમાં ફર્માવ્યું છે : "આ નબી

મુસલમાનોના એમના પ્રાણો કરતાં વધારે માલિક છે." *(સૂરએ અહઝાબ, આયત : ૬)*

ફખ્રે દો આલમ عليه الصلوة والسلام એ ફર્માવ્યું છે : "જેનો હું મદદગાર છું અલી کرم الله وجهه الکریم પણ તેમનો મદદગાર છે." અલ્લાહ તબારક વ તઆલાના મુકૃદસ નામોથી "અલ્ અફ્વ" પણ છે તેનો અર્થ માફ કરવાવાળો.

આ સાથે અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આને કરીમ અને તૌરાતમાં સરવરે કોનો મકાં ﷺની તારીફ ફર્માવી છે અને તેઓને માફ કરવાનો હુકમ આપતાં ફર્માવ્યું : "હે મહબૂબ ! માફ કરવાનું ધારણ કરો." *(સૂરએ અલ્ અઅરાફ, આયત : ૧૯૯)* અને આ પણ ફર્માવ્યું છે : "એમને માફ કરો અને દરગુઝર કરી દો." *(સૂરએ માઈદહ્, આયત : ૧૩)*

અલ્લાહ તબારક વ તઆલાનો ઈર્શાદ خُذِ الْعَفْوَ નો મતલબ હઝરત જિબ્રઈલ عليه السلام થી પૂછયો તો તેમણે બતાવ્યું કે તેનો મતલબ એ છે કે જુલ્મ કરવાવાળાને પણ માફ કરી દો. મશહૂર હદીષમાં આવેલું છે કે તૌરાત અને ઈંજીલમાં સરવરે કોનો મકાં ﷺની પ્રશંસા બયાન કરતાં આ પ્રમાણે ફર્માવવામાં આવ્યું કે તેઓ ન ખરાબ વર્તણૂંકવાળા અને સખ્ત દિલવાળા બલ્કે તેઓ માફ કરનાર અને દરગુઝર ફર્માવે છે.

અલ્લાહ તબારક વ તઆલાનું એક મુબારક નામ "અલ્ હાદી" છે તેનો અર્થ તૌફીકૃ છે જેને તે પોતાના બંદામાંથી આપવા ઈચ્છે છે, અને તેનો અર્થ દલીલો અને બોલાવવાનો પણ છે. જેવું કે અલ્લાહ ﷻ એ ફર્માવ્યું છે : "અને અલ્લાહ સલામતીના ઘર તરફ પોકારે છે." *(સૂરએ યૂનુસ, આયત : ૨૫)*

અને આ પણ ફર્માવ્યું : "અને જેને ઈચ્છે તેને સીધા માર્ગે ચલાવે છે." *(સૂરએ યૂનુસ, આયત : ૨૫)*

અને કહેવામાં આવ્યું છે કે આ હિદાયતનું મૂળ દોસ્તીથી છે. કેટલાક હઝરાતનું કથન છે કે સ્વાગત તેનું મૂળ છે અને "તાહા"ની તફસીરમાં કહેવામાં આવ્યું છે કે "યા તાહિરુ, યા હાદિયુ" એટલે આ સંબોધન નબી કરીમ عليه الصلوة والسلام થી છે. અને સરવરે કોનો મકાં ﷺના વિશે અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું : "બેશક ! તમે અવશ્ય સીધો માર્ગ દેખાડો છો." *(સૂરએ શૂરા, આયત : ૫૨)*

આ સિલસિલામાં આ પણ ફર્માવ્યું છે : "અલ્લાહના હુકમથી અલ્લાહ તરફ બોલાવનાર." *(સૂરએ અહઝાબ, આયત : ૪૬)*

પછી પહેલો અર્થ (પોતાની તૌફીકૃથી દુનિયાની હિદાયત) આ અલ્લાહ તબારક વ તઆલા સાથે જ ખાસ છે. આ અર્થને ધ્યાનમાં લેતાં અલ્લાહ ﷻ એ પોતાના હબીબ ﷺને સંબોધન કરીને ફર્માવ્યું છે : "બેશક ! આ (વાત) નથી કે તમે જેને પોતાના તરફથી ઈચ્છો તેને હિદાયત આપી દો. હા ! અલ્લાહ જેને ઈચ્છે તેને હિદાયત આપે છે." *(સૂરએ કૃસસ, આયત : ૫૬)*

અને હાદી દલીલોના અર્થમાં લેવામાં આવે તો ખુદાના સિવાય બીજાઓ પર પણ તેનો ઉપયોગ થઈ શકે છે. અલ્લાહ તબારક વ તઆલાના મુબારક નામોમાં "અલ્ મુઅ્મિન"નું અને "અલ્ મુહયમિન" પણ છે. કહેવામાં આવ્યું છે કે આ બંનેનો અર્થ એક જ છે. અલ્લાહ તબારક વ તઆલાના હક્કૃમાં મો'મિનનો અર્થ એ છે કે પોતાના બંદાથી જે વાયદો કર્યો છે તેને પૂરો કરવાવાળો, પોતાની હક્કૃ વાતને સાચી કરી બતાવવાવાળો, પોતાના મુસલમાન બંદા અને રસૂલોને સાચા કરી દેખાડવાવાળો. એક કથન એ પણ છે કે પોતાની જાતમાં એકલો અને એક જ. કેટલાક હઝરાતે તેનો એ મતલબ બતાવ્યો છે કે પોતાના બંદાને દુનિયામાં જુલ્મથી રાહત આપવાવાળો અને આખિરતમાં પોતાના અઝાબથી સુરક્ષિત રાખવાવાળો.

"અલ્ મુહયમિનુ"નો અર્થ અમીન પણ બતાવવામાં આવ્યો છે. જાણે એ તસ્ગીરનો સેગો છે કે ફેરફારના સમયે હમ્ઝા "હા"થી બદલાઈ ગયો છે. એ પણ કહેવામાં આવ્યું છે કે દુઆમાં જે આમીન કહે છે એ પણ અલ્લાહ તબારક વ તઆલાના મુબારક નામોમાંથી છે અને તેનો અર્થ પણ તે જ છે જે મુહયમિનનો છે. એ પણ કહેવામાં આવ્યું છે કે "અલ્ મુહયમિનુ"નો મતલબ "અશ્શાહિદુ" અને "અલ્ હાફિઝુ" છે. નબી કરીમ عليه الصلوة والسلام પણ "આમીન મુઅ્મિન મુહયમિન્" છે. આ માટે સરવરે કોનો મકાં ﷺના વિશે અલ્લાહ તબારક વ તઆલા ﷻ એ ફર્માવ્યું છે : "હા ! તેનો હુકમ માનવામાં આવે છે અમાનતદાર છે." *(સૂરએ તકવીર, આયત : ૨૧)*

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક઼ સાબરી દહેગામી

**જોબનોં પર હૈ બહારે ચમન આરાઈ દોસ્ત**
**ખુલ્દ કા નામ ન લે બુલબુલે શૈદાઈયે દોસ્ત**

*(જોબન = જવાની, બહાર = વસંત ઋતુ, ચમન = બાગ, આરાઈ = સજાવટ, દોસ્ત = મહબૂબ (હુઝૂર ﷺ), ખુલ્દ = જન્નત, શૈદાઈ = આશિક઼)*

**અર્થ** : મહબૂબ ﷺના દુનિયાના બગીચાની સજાવટના કારણે બહાર (વસંતઋતુ) જવાની અને જોશ પર છે. મહબૂબનો આશિક઼ બુલબુલ આ દશ્યને જોઈ જન્નતનુ નામ સુદ્ધાં નથી લેતો.

**થક કે બૈઠે તો દરે દિલ પે તમન્નાઈયે દોસ્ત**
**કૌનસે ઘર કા ઉજાલા નહીં ઝેબાઈયે દોસ્ત**

*(થક કે બેઠે = થાકીને બેસે, તમન્નાઈયે દોસ્ત = મહબૂબના દીદારની ઈચ્છા રાખનારા, ઝેબાઈયે દોસ્ત = મહબૂબની સુંદરતા)*

**અર્થ** : હે મહબૂબના દીદારના ઈચ્છુક ! જ્યારે પોતાના મહબૂબને શોધતાં શોધતાં થાકી જાય તો પોતાના દિલના દરવાજા પર બેસી જા, મહબૂબના હુસ્નો જમાલનો નૂર જોઈ લેશે, કારણ કે કયુ એવુ ઘર છે જેમાં મહબૂબની સુંદરતાનું ઉજાસ નથી. તારા હૃદયના ઘરમાં પણ નિઃશંક ! હુઝૂર علیہ الصلوۃ والسلامનું પ્રકાશ મૌજૂદ છે.

**અરસએ હશ્ર કુજા ? મૌકિ઼ફે મહમૂદ કુજા ?**
**સાઝ હંગામોંસે રખતી નહીં યકતાઈયે દોસ્ત**

*(અરસએ હશ્ર = મેદાને મેહશર, કુજા = કયાં, મૌકિ઼ફ = ઊભા રહેવાનું સ્થાન, મહમૂદ= પ્રશંસા કરેલ, અર્થ મક઼ામે મહમૂદ જ્યાં ઊભા રહી હુઝૂર ﷺ શફાઅત ફર્માવશે અને બધા જ લોકો આપની પ્રશંસા કરશે, સાઝ = સરખામણી, હંગામા = ભીડભાડ, યકતાઈ = અજોડપણુ*

**અર્થ** : ક્યાં હશ્રનુ મેદાન અને ક્યાં મક઼ામે મહમૂદ ! ક઼યામતની ભીડભાડ સાથે હુઝૂર علیہ الصلوۃ والسلامનુ એકાકીપણુ અજોડ હોવાને કોઈ લેવા દેવા નથી, કે જ્યારે બધા હેરાન તથા પરેશાન હશે, બધા નબીઓ પણ નફ઼સી નફ઼સી કરી રહ્યા હશે ત્યારે ફક્ત શાફએ મહેશર ﷺ એકલા જ બધા માટે શફાઅતનો દરવાજો ખોલશે. આ શેઅરમાં શફાઅતે મુસ્તફા ﷺની તરફ ઈશારો છે. મુસ્તફા ﷺની શફાઅત હક્ક઼ છે, જે કુર્આન અને હદીષોથી સાબિત છે. ઉલમાએ અહલે સુન્નતે આ વિષય પર ઘણી કિતાબો લખેલી છે જે અભ્યાસના પાત્ર છે.

**મેહર કિસ મુંહ સે જલુદારીયે જાનાં કરતા**
**સાયા કે નામ સે બેઝાર હૈ યક્તાઈયે દોસ્ત**

*(મેહર = સૂર્ય, જલુદારી = મુક઼ાબલો અથવા સાથી, જાનાં = હુઝૂર ﷺ, સાયા = પડછાયો, બેઝાર = વિમુખ)*

**અર્થ** : સૂર્ય કયા મોઢે હુઝૂર علیہ الصلوۃ والسلامનો મુક઼ાબલો અથવા સાથી હોવાનો દાવો કરે કે હુઝૂર ﷺની અજોડ શાન તો એવી છે કે નામ સુદ્ધાંનો પણ આપનો પડછાયો પડતો ન હતો. ઉપરોક્ત શેઅરમાં હુઝૂર ﷺના બેસાયા હોવાનું વર્ણન છે. હુઝૂર علیہ الصلوۃ والسلامનો પડછાયો સૂર્ય, ચંદ્ર અને દીવાના પ્રકાશમાં પડતો ન હતો. આ વાત ઘણી બધી રિવાયતોથી સાબિત છે, કારણ કે આપ ﷺ નૂર છે એટલે પ્રકાશ, અને પ્રકાશનો પડછાયો નથી હોતો. આ વિષય પર ઘણી બધી કિતાબો લખાયેલ છે. હુઝૂર

આ'લા હઝરત رحمۃ اللہ علیہની પણ બે કિતાબ આ વિષય પર અજોડ છે : (૧) કમરૂત્તમામ (૨) નફીયુલ ફયદ.

**મરનેવાલોં કો યહાં મિલતી હૈ ઉમ્રે જાવિદ**
**ઝિંદા છોળેગી કિસીકો ન મસીહાઈયે દોસ્ત**

*(ઉમ્રે જાવિદ = હમેશનું જીવન, મસીહાઈ = મુડદાને જીવંત કરનાર)*

**અર્થ :** પ્યારા નબી ﷺના ઈશ્કમાં મરનારને હમેશનું જીવન આપનાર કોઈ દુનિયાની મર્યાદિત સમયની જિંદગીને જીવંત નહીં રહેવા દે. અર્થ એ કે દરેક આશિક હુઝૂર علیہ الصلوٰۃ والسلامના ઈશ્કમાં જાન આપીને હમેશની જિંદગી મેળવી લે છે.

**ઉનકો યક્તા કિયા ઔર ખલ્ક બનાઈ યા'ની**
**અંજુમન કરકે તમાશા કરેં તન્હાઈયે દોસ્ત**

*(યક્તા = એકલા, અજોડ, ખલ્ક = મખ્લૂક, યા'ની = એટલે કે, અંજુમન = મેહફિલ, તમાશા = નઝારો, દશ્યો, તન્હાઈ = અનોખાપણુ)*

**અર્થ :** ખુદાપાકે પોતાના મહબૂબ ﷺને સર્વ પ્રથમ એકલા પેદા કર્યા અને પછી આપના નૂરથી બધી મખ્લૂક પૈદા કરી. જેથી સર્વ મખ્લૂક પોતાની મેહફિલ જમાવીને હુઝૂર ﷺની બેમિષાલી અને અજોડતાનો નઝારો કરે, જેવું કે હદીષે પાકથી સાબિત છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "સર્વ પ્રથમ ખુદા પાકે પોતાના નૂરથી મારા નૂરને પેદા કર્યું. અને પછી મારા નૂરથી સર્વ મખ્લૂકને પેદા ફર્માવી. *(શર્હે શિફા, મવાહિબે લદુન્નિયા)*

**કા'બા વ અર્શ મેં કોહરામ હૈ નાકામીકા**
**આહ કિસ બઝ્મ મેં હૈ જલ્વએ યક્તાઈયે દોસ્ત**

*(કોહરામ = હંગામો, આહ = અફસોસ, બઝ્મ = મેહફિલ)*

**અર્થ :** હુઝૂર علیہ الصلوٰۃ والسلام મક્કા શરીફથી મેઅરાજ માટે અર્શે આ'ઝમ પર ગયા અને પાછા આવી મદીના શરીફમાં આરામ ફર્માવી રહ્યા છે. કા'બા અને અર્શ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની આરામગાહ બનવામાં નાકામ થયાં તે અફસોસ કરી રહ્યાં છે કે કઈ મેહફિલમાં બેમિષાલ મહબૂબનો જલ્વો થઈ રહ્યો છે.

**હુસ્ને બેપર્દા કે પર્દેને મિટા રખ્ખા હૈ**
**ઢુંઢને જાએં કહાં જલ્વએ હર્જાઈયે દોસ્ત**

*(હુસ્ને બેપર્દા = વગર પર્દાની સુંદરતા, જલ્વએ હર્જાઈયે દોસ્ત = મહબૂબ ﷺનો દરેક જગ્યાએ મૌજૂદ જલ્વો)*

**અર્થ :** પ્યારા મહબૂબ ﷺના હુસ્નો જમાલના બેપર્દા હોવાની આઝાદીના પર્દાએ ભૂલાવી રાખ્યા છે, એટલા માટે જ્યારે પણ નજરોથી ગાયબ થયા કે ઢુંઢવા નીકળી પડે છે, જ્યારે કે મહબૂબ ﷺના દરેક જગ્યાએ મૌજૂદ હુસ્નને ઢુંઢવા ક્યાં જઈએ ?! આ શેઅરમાં હુઝૂર ﷺના હાઝિરો નાઝિર હોવા પર ઈશારો છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلامનું હાઝિર નાઝિર હોવું કુર્આન અને હદીષોથી સાબિત છે. દા.ત. કુર્આન શરીફમાં છે કે, "નબીએ પાક મો'મિનોની જાનથી વધુ નિકટ છે." બીજી જગ્યાએ છે : "નબી ! અમોએ આપને શાહિદ (હાઝિરો નાઝિર) બનાવીને મોકલ્યા."

**શૌક રોકે ન રૂકે પાંવ ઉઠાએ ન ઉઠે**
**કૈસી મુશ્કિલ મેં હૈ અલ્લાહ તમન્નાઈયે દોસ્ત**

*(શૌક = આરઝૂ, ઉમંગ, રોકે ન રૂકે = રોકવાથી ન રોકાય, તમન્નાઈયે દોસ્ત = મહબૂબના મિલનની ઈચ્છા)*

**અર્થ :** મહબૂબ ﷺના દીદારની તમન્નાનો જોશ રોકવાથી રોકાતો નથી અને મહબૂબ ﷺના જલાલ અને અઝમતના કારણે પગ ઉઠાવવાથી ઉઠતા નથી. હે અલ્લાહ ! મહબૂબ ﷺના દીદારની ઈચ્છા કેવી મુશ્કિલમાં પડી ગઈ છે !

**શર્મસે ઝુકતી હૈ મેહરાબ કે સાજિદ હૈં હુઝૂર**
**સજદા કરવાતી હૈ કા'બા સે જબીંસાઈયે દોસ્ત**

*(શર્મસે = શરમથી, સાજિદ = સજદો કરનાર, જબીંસાઈ = પેશાની જમીન પર મૂકવી, અર્થ સજદો કરવું)*

**અર્થ :** હુઝૂર ﷺ જ્યારે દુનિયામાં તશરીફ લાવ્યા તો માથુ સજદામાં મૂકી દીધું. જ્યારે હુઝૂર ﷺ સજદામાં ગયા તો કા'બા શરીફ પણ શરમના માટે સજદામાં જતો રહ્યો કે કા'બાના કા'બા આખા જગતના આકા علیہ الصلوٰۃ والسلام સજદો કરી રહ્યા છે.

હુઝૂર ﷺનો સજદો કા'બા શરીફને સજદો કરાવે છે, જેવું કે રિવાયતોથી સાબિત છે કે જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلام પેદા થયા તો જન્મ સ્થળ તરફ કા'બા શરીફ ઝુક્યો અને સજદો કર્યો. *(નુઝહતુલ મજાલિસ, ૨/૯૮)*

**તાજવાલોં કા યહાં ખાક પે માથા દેખા**
**સારે દારાઓં કી દારા હૂઈ દારઈયે દોસ્ત**

*(તાજવાલોં = રાજા, ખાક = માટી, દારાઓં કી દારા = રાજાઓની બાદશાહત, દારાઈયે દોસ્ત = હુઝૂર ﷺની હુકૂમત)*

**અર્થ :** બધા જ બાદશાહોને હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં શિશ નમાવેલ અર્થાત ગુલામ જોયા અને દરેક બાદશાહોની ઉપર હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બાદશાહી છે.

**તૂર પર કોઈ, કોઈ ચર્ખ પે, યે અર્શ સે પાર**
**સારે બાલાઓં પે બાલા રહી બાલાઈયે દોસ્ત**

*(તૂર = એક પહાડ જ્યાં મૂસા علیہ السلامએ ખુદાની તજલ્લીનો દીદાર કર્યો, ચર્ખ = આકાશ, અર્શસે પાર = અર્શથી પણ આગળ, બાલાઓં = ઊંચાઓ, બાલા = ઊંચે, બાલાઈયે દોસ્ત = મહબૂબ ﷺની ઊંચાઈ)*

**અર્થ :** કોઈ તૂર પર ગયો જેવી રીતે હઝરત મૂસા علیہ السلام, કોઈ આકાશ પર ગયો જેવી રીતે હઝરત ઈસા علیہ السلام, પરંતુ આ હબીબ ﷺ તો અર્શથી પણ આગળ નીકળી મેઅરાજની રાતે લામકાં જ્યાં ફરિશ્તાઓના સરદાર પણ નથી પહોંચી શક્તા ત્યાં આપ ﷺ પહોંચી ગયા. દરેક ઊંચાઓની ઊંચાઈથી વધુ ઊંચી છે હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ઊંચાઈ.

*સારે ઊંચોસે ઊંચા સમજિયે જિસે*
*હૈ ઉસ ઊંચે સે ઊંચા હમારા નબી*

**'અન્ત ફીહિમ'ને અદૂ કો ભી લિયા દામનમેં**
**ઐશે જાવિદ મુબારક તુઝે શૈદાઈયે દોસ્ત**

*(અન્ત ફીહિમ = તમે એમની અંદર મૌજૂદ છો, અદૂ = દુશ્મન, ઐશે જાવિદ = હંમેશનો આરામ, શૈદાઈયે દોસ્ત = મહબૂબના દીવાના)*

**અર્થ :** કુર્આન શરીફમાં ખુદાનું ફર્માન છે : ''પ્યારા રસૂલ ﷺ આપ જ્યાં સુધી તેમની અંદર છો ત્યાં સુધી અલ્લાહ તબારક વ તઆલા આપના કારણે આપના દુશ્મન કાફિરો પર અઝાબ નહીં મોકલે.'' ખુદાના આ ફર્માનથી દુશ્મનો પણ મહેફૂઝ થઈ ગયા. હે નબી ﷺના આશિક઼ ! તને હંમેશની સલામતી મુબારક થાય કે તું તો નબીનો ગુલામ છે. જ્યારે દુશ્મનો નબી ﷺના સદક઼ામાં અઝાબથી બચી ગયા તો તું તો નબી علیہ الصلوٰۃ والسلامનો શૈદાઈ છે, તું તો દરેક બાજુએથી મેહફૂઝ થઈ ગયો.

**રંજે આ'દા કા "રઝા" ચારા હી ક્યા હૈ જબ ઉન્હેં**
**આપ ગુસ્તાખ રખે હિલ્મો શકીબાઈયે દોસ્ત**

*(રંજે આ'દા = દુશ્મનોનું દુ:ખ, ચારા = ઈલાજ, આપ ગુસ્તાખ રખે = જાતે જ ગુસ્તાખ બનાવે, હિલ્મો = ધીરજ, શકીબાઈ = સબર)*

**અર્થ :** હે અહમદ રઝા ! (رحمۃ اللہ علیہ) મુસ્તફા ﷺના દુશ્મનોના દુ:ખનો શો ઈલાજ છે કે તેઓ રસૂલે પાક ﷺની સબ્રનો દુરુપયોગ કરે છે કે તેઓ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ગુસ્તાખી કરે છે અને રહમતુલ્ લિલ્ આલમીન ﷺ ધીરજ અને સબ્રથી કામ લઈ રહ્યા છે કે ગુસ્તાખોને તરત જ સજા નથી કરતા !


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ ગ્લેઝ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત રૂા. ૨૦૦/- (ટપાલ ખર્ચ ૧૦/- રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા-૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

(કાર્યાંક)

## મુનાફિક઼ત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક !
# દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**

### દેવબંદીઓની બે શરીઅત છે !

મૌલ્વી થાન્વી સાહબના ખલીફા મૌલ્વી અબ્દુલ માજિદ દર્યાબાદીએ એક કિતાબ નામે "હકીમુલ ઉમ્મત" લખી છે, તેમણે થાન્વી સાહબની એક મજલિસની વિગત લખતાં પોતાના જે અનુભવો જાહેર કર્યા છે તે દેવબંદી ધર્મ પ્રત્યે સારી ભાવના ધરાવનારાઓને માટે ચોંકાવનારા છે. લખેલ છે કે :–

> *"કેટલાક બુઝુર્ગોના પ્રસંગો હઝરત (થાન્વી) પોતાના મુખે એવી રીતે વર્ણવતા હતા જાણે અમારા જેવાઓની લાગણીઓ અને વિચારોની તર્જુમાની થઈ રહી છે. દિલે કહ્યું કે, જુઓ રવશન ઝમીર છે ને !* ***અમારા દિલોના ભેદો અને વિચારો તેમની સામે આયનાની જેમ જાહેર થતા જાય છે. સાહિબે, કશ્ફો કરામત તેમના (થાન્વીજી)થી વધીને કોણ હશે ?*** *ખૈર, અત્યારે તો તેમની ગયબદાની અને કશ્ફની ઊંડી અસર લઈને ઉઠયો, મજલિસ બરખાસ્ત થઈ." (હકીમુલ ઉમ્મત, પેજ : ૨૪)*

છેલ્લો ફકરો ફરી વાંચી જાવ, અહીં વાત એકદમ ખુલીને સામે આવી ગઈ છે, **બિલકુલ સ્પષ્ટતાની સાથે થાન્વી સાહબના સંબંધે ગયબદાની શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે ! હક઼ીક઼તમાં આ એ જ શબ્દ (ઈલ્મે ગયબ) છે, જેના ઉપર પચાસ વરસથી આ શ્રીમાનો લડતા આવ્યા છે.** આ શબ્દનો ઉપયોગ હુઝૂર સરવરે આલમ ﷺની પાક ઝાત સંબંધે થાય તો એ શિર્ક અને કુફ્ર છે. જેમ કે દેવબંદી વર્તુળના માન્યવર પેશ્વા મૌલ્વી અબ્દુશશકૂર કાકોરવી સાહબ પોતાની કિતાબમાં લખ્યું છે કે :–

> *"અમે એમ કહેતા નથી કે, હુઝૂર ﷺ ગયબ જાણતા હતા અથવા ગયબદાં હતા, બલ્કે એમ કહીએ છીએ કે હુઝૂર ﷺને ગયબની વાતો બતાવવામાં આવી. ફુક઼હાએ હનફીયહ્ એ ગયબદાની પર કુફ્રનો હુકમ લગાડે છે, નહીં કે બતાવવામાં આવેલું તે પર." (ફતેહ હક્ક઼ાની, પેજ : ૨૫)*

જોઈ રહ્યા છો ને ? આ શ્રીમાનોને ત્યાં **ફુક઼હાએ હનફીયહ્ કુફ્રનો હુકમ જે ગયબદાની પર કરે છે, એ જ એકરારી કુફ્ર પોતાના થાન્વી સાહબની બાબતમાં કેટલી ખુશી સહિત ક઼બૂલ કરવામાં આવેલ છે !** થાન્વી સાહબને ગયબદાનીના સવાલ પર ન તો ઈસ્લામની કોઈ દીવાલ તૂટી અને ન તો કુર્આનની સાથે કોઈ પ્રકારની અથડામણ થઈ છે.

જો કે દેવબંદી (અ)ધર્મની પાયાની કિતાબ "તક઼વિયતુલ ઈમાન"માં તો સ્પષ્ટ છે કે :–

> "જે વાત મારી જીભેથી નીકળે છે તે એને સાંભળી લે છે અને મારા દિલના વિચારો અને કલ્પનાઓથી તે માહિતગાર રહે છે. આ બધી વાતોથી શિર્ક સાબિત થઈ જાય છે............એમનું આ ઈલ્મ **ઝાતી આપબળે** મેળવેલું **યા ખુદાપાકે આપેલું સમજવામાં આવે.** દરેક સૂરતમાં આ શિર્કભરી માન્યતા લેખાશે. *(તક઼વિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ–૩૮, પ્રકાશન નંબર : ૯૬, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

અહીં એ હક઼ીક઼તને સમજી લેવાની ખાસ જરૂર છે, તે એ કે એ શ્રીમાનોની કિતાબોમાં કુફ્ર અને શિર્કની આ પ્રકારની ચર્ચાઓ સેંકડો પૃષ્ઠોમાં સંઘરાએલી છે, તેની પાછળનો મૂળ હેતુ શું છે ? **તૌહીદ પરસ્તીની ભાવના ખરેખર નિસ્વાર્થતા પર હોત તો કુફ્ર અને શિર્કના સવાલ પર પોતાના અને પારકા વચ્ચે ભેદરેખા રાખવામાં આવી ન હોત, લાગે છે કે દેવબંદી વર્તુળની એક નહીં પરંતુ બે શરીઅત છે !**



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

رحمة الله تعالى عليهم اجمعين

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*(અનીસુલ અરવાહ : મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ)*

### *(મજલિસ : ૨૫)*

### ★ દરવેશને ખવડાવવા વિશે ★

દરવેશોના બારામાં ચર્ચા ચાલી તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺથી હદીષમાં છે કે જે શખ્સ દરવેશોને ખાવા ખવડાવે છે તે તમામ ગુનાહોથી પાક થઈ જાય છે.

પછી ફર્માવ્યું કે ત્રણ પ્રકારના લોકો જન્નતની તરફ આવશે નહીં : **૧.** જૂઠુ બોલનારો દરવેશ **૨.** બખીલ માલદાર **૩.** ખયાનત કરનાર વેપારી. કેમ કે એ ત્રણેવને સખત અઝાબ થશે. તો પછી **જ્યારે દરવેશ જૂઠો, માલદાર કંજૂસ થઈ જાય અને વેપારી ખયાનતવાળો થઈ જાય તો ખુદા તઆલા દુનિયાથી બરકત ઉઠાવી લેશે.**

પછી ફર્માવ્યું કે **જે શખ્સ દિવસ રાતમાં દરેક નમાઝ બાદ "સૂરએ યાસીન" તથા "આયતુલ કુર્સી" એકવાર અને "કુલ્હુવલ્લાહ" ત્રણવાર પઢે તો ખુદા તઆલા તેના માલ તથા તેની ઉમરમાં વધારો કરે છે અને તેને કયામતના મીઝાન અને પુલસિરાતના હિસાબમાં આસાની થાય છે.**

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. **اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِكَ**

### *(મજલિસ : ૨૬)*

### ★ ઘમંડમાં લાંબા પાયચા રાખનારાને ચેતવણી ★

શલવાર (લેંગા, પાયજામા)ના પાયચા લાંબા કરવા વિશે આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી રિવાયત છે કે પયગંબર ﷺએ ફર્માવ્યું કે **શલ્વાર (લેંગા વગેરે)ના પાયચા લાંબા કરવા મુનાફિકોની નિશાની** છે અને જે શખ્સ શલ્વારના પાયચા લાંબા કરે છે અને પગોના નીચે સુધી લટકાવે છે તો એવો શખ્સ ખુદા વ રસૂલનો નાફર્માબરદાર હોય છે.

પછી ફર્માવ્યું કે જે શખ્સ શલ્વારના પાયચાને એટલા પ્રમાણમાં લાંબા કરે કે તે પગોની નીચે સુધી લટકે તો દરેક કદમ પર જમીનના તથા આસ્માનના ફરિશ્તા તેના પર લઅનત કરે છે અને તેના શરીરના દરેક વાળના બદલામાં દોઝખમાં તેના માટે એક મકાન તૈયાર થાય છે. અને જે આસ્તીન લાંબી કરે છે તે લઅનતી હોય છે.

પછી ફર્માવ્યું કે બે ગિરોહો પર હમેશાં ખુદાની લઅનત થાય છે : (૧) લાંબી આસ્તીન (બાંય) પહેરનાર (૨) લાંબા પાયચાવાળી શલ્વાર પહેરનાર. તેના નામ પર દોઝખમાં સાત મકાન તૈયાર થાય છે. પછી ફર્માવ્યું કે શરીર પર કપડુ પહેરવામાં ફુઝૂલખર્ચી ન કરો કેમ કે પયગંબરે ઈસ્લામ ﷺએ મુડદાના શરીર પર કફન વધારે કરવાનું મના ફર્માવ્યું છે અને બે ચીજોના લીધે અઝાબ થશે : (૧) કફનનો વધારો અને (૨) પાયચા લાંબા કરવાથી. (**નોંધ :** પહેલાંના જમાનામાં ઘમંડમાં તેહબંદ ઘસડાતુ પહેરતા હતા જેથી જે ઘમંડના કારણે મોટાઈ બતાવવા લાંબા પાયચા, ઘસડાતા પાયચા રાખશે તેને માટે આ ચેતવણી છે તથા એમાં ફુઝૂલખર્ચી થવાને કારણે પણ ચેતવણી છે, તો આ બાબતોથી જેઓ એવું કરતા હોય તેઓ બચે. *–અનુવાદક*)

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. **اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِكَ**

# હરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ

# કાનૂને શરીઅત

લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ

અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

## ★ તરાવીહની નમાઝનું વર્ણન ★

તરાવીહની વીસ રકાતો સુન્નતે મોઅક્કેદા છે. જે રમઝાન શરીફમાં પઢવામાં આવે છે. તરાવીહ ઈશાની ફર્ઝ નમાઝ પછી દરરોજ રાત્રે પઢાય છે.

**મસ્અલો** : તરાવીહનો સમય ઈશાની ફર્ઝ નમાઝ પછીથી લઈને સુબ્હ સાદિક્ થતા સુધી છે. *(હિદાયા)*

**મસ્અલો** : તરાવીહમાં જમાઅત સુન્નતે કિફાયા છે કે જો મસ્જિદના બધા માણસો જમાઅત છોડી દેશે તો બધા જ ગુનેહગાર થશે. પરંતુ કોઈ એકે ઘરમાં પઢી લીધી તો તે ગુનેહગાર નથી. *(હિદાયા, કાઝીખાન વગેરે)*

**મસ્અલો** : મુસ્તહબ એ છે કે ત્રીજા ભાગની રાત જવા સુધી મોડુ કરે અને અડધી રાત વીતી ગયા પછી પઢવામાં પણ કરાહત (કંઈક ખરાબી) નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : તરાવીહની વીસ રકાતો બે બે રકાતો કરીને દસ સલામથી પઢવી, એમાં દરેક ચાર રકાત પછી, ચાર રકાત પઢતાં જેટલો સમય લાગે તેટલા સમય સુધી બેસવું મુસ્તહબ છે આ બેસવાને તરાવીહા કહે છે. *(આલમગીરી, કાઝીખાન)*

**મસ્અલો** : તરાવીહમાં ચુપ બેસવું કે કાંઈક ઝિક્ર, કલ્મા કે દુરૂદ શરીફ, તસ્બીહ, દુઆ વગેરે પઢતા રહેવું કે એકલા એકલા નફ્લ નમાઝ પઢી શકાય છે. જમાઅતથી મકરૂહ છે. *(કાઝીખાન)*

**મસ્અલો** : જેણે ઈશાની ફર્ઝ નમાઝ પઢી ન હોય તે તરાવીહ કે વિત્ર પઢી શકતો નથી, જ્યાં સુધી કે ફર્ઝ નમાઝ ન પઢી લે.

**મસ્અલો** : જેણે ઈશાની ફર્ઝ નમાઝ એકલા પઢી અને તરાવીહ જમાઅતથી પઢી તો તેણે વિત્ર જમાઅતથી ન પઢતાં એકલા પઢી લેવી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : જો કોઈએ ઈશાની ફર્ઝ નમાઝ જમાઅતથી પઢી અને તરાવીહ એકલાએ પઢી તો તે વિત્રની જમાઅતમાં ભેગો થઈ શકે છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : જેની અમુક રકાતો તરાવીહની બાકી રહી ગઈ હોય અને ઈમામ વિત્ર માટે ઉભા થઈ જાય તો તેણે ઈમામ સાથે વિત્ર પઢી લેવા. પછી બાકીની રકાતો પઢવી આ એના માટે અફઝલ છે. પરંતુ એ ત્યારે જ કે ઈશાની નમાઝ જમાઅત સાથે પઢી હોય. જો તરાવીહ પૂરી કરીને વિત્ર એકલો પઢે તો પણ જાઈઝ છે. *(આલમગીરી)*

**મસ્અલો** : લોકોએ તરાવીહ પઢી લીધી હવે બીજીવાર પઢવા માંગે છે તો તે એકલા એકલા પઢી શકે છે જમાઅતથી પઢવાની છૂટ નથી. એક ઈમામ બે મસ્જિદોમાં નમાઝ પઢાવે છે. જો બંનેમાં પૂરેપૂરી પઢાવે છે તો નાજાઈઝ છે અને જો મુક્તદીએ બંને મસ્જિદમાં પૂરી પઢી તો વાંધો નથી. પણ બંનેમાં વિત્ર પઢવું જાઈઝ નથી. જ્યારે કે પહેલીમાં પઢી ચૂક્યો હોય. *(આલમગીરી)*

**મસ્અલો** : તરાવીહ મસ્જિદમાં જમાઅતથી પઢવી અફઝલ છે, જો ઘરમાં જમાઅતથી પઢી તો જમાઅત છોડવાનો ગુનો લાગુ પડશે નહીં, પરંતુ તે સવાબ મળશે નહીં, જે મસ્જિદમાં પઢવાનો હતો. *(આલમગીરી)*

**મસ્અલો** : નાબાલિગની પાછળ બાલિગોની તરાવીહ થશે નહીં, ''સાહિબે હિદાયા''ના લેખકે તેમજ ''ફતહુલ કદીરે'' પણ એમ જ કહ્યું. વળી આલમગીરીમાં પણ એ જ વાત ખરી હોવા પર જોર દીધું છે. તેમજ હિદાયા અને મોહિત, બહર્રુરાઈકથી હવાલો પણ દીધો છે. બહારે શરીઅતમાં પણ આ જ બાબત સહી હોવાનું કહ્યું છે.

**મસ્અલો** : પૂરા રમઝાન શરીફના તરાવીહમાં એક વખત કુર્આન શરીફ વધુ પેજ નં. ૪૪.....પર

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તહ્‌હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.sc. M.ed.)

## ઊંઘથી વુઝૂ ક્યારે તૂટે છે ?

લગભગ એવું જોવા મળેલ છે કે મસ્જિદમાં લોકો નમાઝના ઈન્તેઝારમાં બેઠા હોય છે અને તેમને ઊંઘનું ઝોકું આવી ગયું અથવા ઊંઘવા લાગ્યા તો તેઓ એમ સમજે છે કે અમારું વુઝૂ તૂટી ગયું, આથી તેઓ પોતે અથવા બીજાના ટોકવાથી વુઝૂ કરી લ્યે છે. આ ગલત (ખોટુ) છે.

મસ્અલો આ પ્રમાણે છે :–

"ઊંઘવાથી અથવા બેઠા બેઠા ઝોકાં ખાવાથી વુઝૂ જતુ નથી (તૂટતુ નથી)." *(બહારે શરીઅત, ભાગ–૨, પેજ : ૨૭)*

તિર્મિઝી અને અબૂ દાઊદની હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺના સહાબાએ કિરામ رضوان الله تعالیٰ علیهم اجمعین મસ્જિદ શરીફમાં ઈશાની નમાઝની રાહમાં બેઠા બેઠા સૂવા લાગતા હતા, ત્યાં સુધી કે તેમનાં માથાંઓ ઊંઘના કારણે ઝુકી જતાં હતાં, પછી તેઓ વુઝૂ કર્યા વગર નમાઝ પઢી લેતા હતા. *(મિશ્કાત, બાબો મા યુજિબુલ્ વુઝૂ)*

જ્યારે આ બે શર્તો જોવા મળે ત્યારે ઊંઘથી વુઝૂ તૂટી જાય છે :–

**૧.** બંને સીટ (થાપાં) તે સમયે બરાબર જામેલા ન હોય.

**૨.** સૂવાની હાલત ગાફિલ થઈને સૂવાથી આડરૂપ ન હોય. *(ફતાવા રઝવિય્યહ્‌, ભાગ : ૧, પેજ : ૭૧)*

*(સ્પષ્ટીકરણ : સૂવાની હાલત એવી ન હોય જેમાં વ્યક્તિ ગાફિલ થઈને સૂઈ જાય.)*

★ ચત્તા સૂવાથી, ઊંધા સૂવાથી અથવા કરવટ બાજુ લાંબા થઈને સૂવાથી વુઝૂ તૂટી જાય છે.

★ ઉભડક બેઠો હોય અને ટેકો લઈને સૂઈ જાય, તો પણ વુઝૂ તૂટી જશે.

★ પગ લાંબા કરીને બેઠા બેઠા સૂઈ જવાથી વુઝૂ તૂટતો નથી પછી ભલે ટેકો લીધો હોય.

★ ઊભા ઊભા અથવા ચાલતા ચાલતા અથવા નમાઝની હાલતમાં ક઼યામમાં, રુકૂઅમાં, બે ઘૂંટણો ઉપર સીધા બેસવાની હાલતમાં અથવા પુરૂષો માટે સુન્નત તરીક઼ા પ્રમાણેના સજદામાં સૂઈ ગયો તો વુઝૂ જશે નહીં (તૂટશે નહીં). પરંતુ જો નમાઝમાં નિંદાના કારણે જમીન પર પડી ગયો અને તરત જ આંખ ખુલી ગઈ તો ઠીક નહીંતર વુઝૂ જતો નથી (તૂટતો નથી).

## શું પત્ની સાથે હમબિસ્તરી (સંભોગ) કરવાથી આખુ કપડું અથવા બધાં કપડાં નાપાક થઈ જાય છે ?

ઘણા લોકો એમ સમજે છે કે પતિ પત્નીના હમબિસ્તર (સંભોગ)થી તેના બધા કપડાં અથવા સમગ્ર કપડુ નાપાક થઈ જાય છે, એ ગલત છે. બલ્કે જે કપડાના જે ભાગ ઉપર નાપાકી (વિર્ય) લાગેલી હોય ફક્ત તેટલો જ ભાગ નાપાક છે, બાકીનું કપડું પાક છે. આથી આવા કપડાના નાપાક ભાગને ત્રણ વખત ધોઈ નાખવામાં આવે અને દરેક વખતે ધોયા પછી ખૂબ જ નીચોવી નાખવામાં આવે તો પછી એ જ કપડાથી નમાઝ પઢી શકાય છે, અને જે ભાગ પર નાપાકી (દા.ત. પુરૂષ અથવા સ્ત્રીનું વિર્ય) લાગેલી ન હોય તે ભાગ ધોયા વગર જ પાક છે.

# મુસ્લિમો માટે અલ્લામા ખૈરાબાદીની અનુસરણીય જિંદગી

રજૂકર્તા : મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી
(સદર મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)

*અંગ્રેજ જાલિમોની ગુલામી તથા તેમના જુલ્મોથી વતનવાસીઓને આઝાદ કરવા માટે સૌ પ્રથમ ઈ.સ. ૧૮૫૭માં રણશિંગુ ફૂંકનાર આઝાદીના લડવૈયાઓના અગ્રેસર, લોકોનાં દિલો દિમાગમાં આઝાદી માટે ઈન્કિલાબ જગાડનાર હઝરત અલ્લામા ફઝલે હક્ક઼ ખયરાબાદીની યાદ હિંદભરના સુન્ની મનાવી રહ્યા છે. જંગે આઝદીનો બનાવટી ઈતિહાસ ઘડનાર દેવબંદીઓ જેમનું નામ લખતાં લજાય છે ! જેમના જીવન ચરિત્ર પરથી તથા મુજાહિદાના કારનામાઓ પરથી તથા આપના સાથે અહલે સુન્નતના ઉલમાએ કિરામની જંગે આઝાદીમાં હિસ્સેદારી પરથી સમજી શકાય છે કે હિંદુસ્તાનની આઝાદી માટે મુસ્લિમોએ કેટલું લોહી વેર્યું છે. તો એ જંગે આઝાદીના પ્રણેતાના વિવિધ અજોડ પાસાંઓનું ટૂંક વર્ણન સુન્ની જગતના મહાન ક઼લમકાર, મુદબ્બિર આલિમ* **હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી** *(દારુલ ક઼લમ—દિલ્હી)ની ક઼લમ થકી રજૂ કરીએ છીએ જેને વાંચો અને એમના જેવુ જોશ તથા જોમ, અડગતા તથા હોશ, સબ્ર તથા સંયમ અને દીનો સુન્નિયત પર ચુસ્તતા તથા એલાને હક઼્ક઼ માટે મક્કમતા પેદા કરવા કોશિશ કરો. —તંત્રી*

અખંડ ભારતના જે અમુક ખાનવાદાઓએ હિંદના મુસલમાનોના જે વિશાળ તબક઼ા પર, બલ્કે મોટાભાગના લોકોના દિલો દિમાગ પર પોતાની ઉંડી છાપ અંકિત કરી છે એમાં બે ઘરાનાં ખૂબ જ વિશિષ્ટ તથા પ્રખ્યાત છે : (૧) દિલ્હીનો વલીયુલ્લાહી ખાનવાદો (૨) ઓધનો ખયરાબાદી ખાનવાદો. અને એ બંનેના વંશનો ક્રમ બીજા ખલીફા હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہથી મળે છે. મુફતીએ રોહતક (પંજાબ) શયખ શમ્સુદીન ફારૂક઼ી વલીયુલ્લાહી ખાનવાદાના તથા શયખ બહાઉદીન ફારૂક઼ી મુફતીએ બદાયૂં ખયરાબાદી ખાનવાદાના મૂળ વંશજ છે. એ બંનેવ ભાઈઓના પિતા શેર મલિક ફારૂક઼ી ઈરાનના કોઈ હિસ્સાથી હિંદુસ્તાન આવીને સ્થાયી થયા હતા.

તેરમી સદી ઈસ્વીના આગલા પચાસ વરસોમાં દિલ્હીમાં જે બે ઉચ્ચ કક્ષાની શખ્સિયતોના ઈલ્મ તથા ફઝ્લ અને દર્સ તથા તદરીસ (શિક્ષણ તથા તા'લીમ)ની મહાનતા તથા ખ્યાતી હતી અને જેમનો ડંકો આખા હિંદુસ્તાનમાં હતો તે આ જ બંને ખાનવાદાઓની અગ્રેસર શખ્સિયતો હતી જેમનામાંથી એક શાહ અબ્દુઅઝીઝ મુહદ્દિષ દહેલ્વી (વિસાલ : હિ.સ. ૧૨૩૯, ઈ.સ. ૧૮૨૪) અને બીજા હઝરત અલ્લામા ફઝ્લે ઈમામ ખયરાબાદી (વિસાલ : હિ.સ. ૧૨૪૪, ઈ.સ. ૧૮૨૯)

અલ્લામા ફઝ્લે ઈમામ ખયરાબાદી સદરુસ્સુદૂર દેહલીના બુલંદ ઈક઼બાલ (ઉચ્ચ નસીબાવાળા) તથા નામવર સાહબઝાદા ઈમામુલ હુકમા વલ્કલામ, ક઼ાઈદે જંગે આઝાદી ૧૮૫૭ અલ્લામા ફઝ્લે હક્ક઼ ખયરાબાદી છે. અલ્લામા ફઝ્લે હક્ક઼ ખયરાબાદી તથા મુફતી સદરુદીન આઝુર્દા દહેલ્વી, સદરુસ્સુદૂર દેહલી અલ્લામા ફઝ્લે ઈમામ ખયરાબાદીના ખાસ શાગિર્દ છે. આ પ્રમાણે આ બંનેવ હઝરાત શાહ અબ્દુલઅઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہના પણ શાગિર્દ થયા.

અલ્લામા ફઝ્લે હક્ક઼ ખયરાબાદીનું નાઝો નેઅમતની ગોદમાં પાલન થયું અને ઈલ્મ તથા ફઝ્લના સાયામાં ઉછર્યા. સમજદારી આવતાં જ એ સર્વ ઈલ્મો તથા વિદ્યાઓથી સજજ થવા લાગ્યા જે એ યુગના ઈલ્મવાળા તથા વિદ્વાન કમાલવાળા જ્ઞાનીઓ તથા શેઅર તથા સાહિત્યના નિષ્ણાતોની ખાસ ખૂબીઓમાં હતી. અરબી તથા ઈસ્લામી ઈલ્મોમાં સમૃદ્ધ થયા બાદ અક઼લી ઈલ્મોમાં તે કમાલ હાંસલ કર્યો કે સર સૈયદના કથનાનુસાર કે, "મંતિક (સાયકોલોજી) તથા હિકમતનો

તો જાણે આપના ઉચ્ચ કક્ષાના ચિંતને જ પાયો નાખ્યો હતો.''

અલ્લામા ફઝ્‌લે હક્ક્‌ ખયરાબાદી સામાજિક રૂએ રઈસ જેવી શાનો શૌકતના માલિક હતા. બુદ્ધિ કૌશલ્યથી ભરપૂર તીવ્ર બુદ્ધિવાળા હતા. તેમના સાથીઓ કેવળ ઈલ્મ તથા અદબવાળા લોકો જ હતા. તેમનું મકાન દિલ્હીના મહાન આલિમો તથા ફાઝિલો તેમજ સાહિત્યકારો તથા શાયરોનું મર્કઝ હતું. જો કોઈ નવો આવનાર એવું ઈચ્છતો કે દિલ્હીની આગળ પડતી હસ્તીઓને એક જ સમયે કોઈ મજલિસમાં જોઈ લઉં તો એના માટે અલ્લામા ખયરાબાદીના ઘર તરફ પ્રયાણ કરવું પૂરતુ થઈ જતુ. અલ્લામા ફઝ્‌લે હક્ક્‌ ખયરાબાદી ભરચક ખૂબીઓ તથા કમાલો તથા વિવિધ હૈસિયતોવાળા સમયના અજોડ વ્યક્તિ હતા. દા.ત. :–

**૦૧.** દર્સો તદરીસ થકી અલ્લામા ખયરાબાદીએ એવા બાકમાલ શાગિર્દો પેદા કર્યા જેમનું દષ્ટાંત મળવુ મુશ્કેલ છે. તેમના શાગિર્દોમાં આ ચાર હઝરાત સૌમાં તરી આવે છે : (૧) મૌલાના અબ્દુલહક્ક્‌ ખયરાબાદી (૨) મૌલાના અબ્દુલક઼ાદિર ઉષ્માની બદાયૂની (૩) મૌલાના હિદાયતુલ્લાહ રામપૂરી (૪) મૌલાના ફયઝુલહસન સહારનપુરી.

**૦૨.** લેખન તથા સંપાદન થકી આપ અમૂલ્ય ક઼દરને પાત્ર ખજાનો તથા સરમાયો છોડયો છે જેનામાં હાશિયા ક઼ાઝી મુબારકની તેહક઼ીક઼ાત ઉલમાને દંગ કરી આપે છે. મનોવૈજ્ઞાનિક (ફિલોસોફિકલ) મસાઈલ પર આધારિત હદિયા સઅદિયા આજે પણ ઘણા બધા મદ્રસાઓમાં પઢાવવામાં આવે છે.

**૦૩.** તક઼દીસે ઉલૂહિયત તથા અઝમતે રિસાલતના વિરુદ્ધ ઉઠનારી ચળવળનો ઈલ્મી પાવર તથા દલીલો સાથે મુક઼ાબલો કરવામાં આપનુ આગળ પડતુ તથા વિશિષ્ટ સ્થાન છે, જેના આપની સંશોધનાત્મક કમાલ ધરાવતી કિતાબ ''તહક઼ીકુલ ફતાવા'' અને તેના પછી ''ઈમ્તિનાઉન્નઝીર'' શ્રેષ્ઠ ન્યાયી પૂરાવા છે.

**૦૪.** અરબી ભાષામાં નિપૂણતાની સાથોસાથ અરબી શાઈરીનો ઉમંગ એટલો ઊંચો હતો કે જેના પર હિંદવાસીઓને નાઝ છે. એક ડઝનથી અધિક પ્રસિદ્ધ અપ્રસિદ્ધ ક઼સીદાઓ તેના સમર્થનના માટે પૂરતા છે.

**૦૫.** અલ્લામા ફઝ્‌લે હક્ક્‌ ખયરાબાદીનું ઉર્દૂ શાઈરી પર મહાન એહસાન છે કે તેમણે મિર્ઝા ગાલિબને લફઝી તથા મઅનવી તાક઼ીદથી મના કરીને મિર્ઝા ગાલિબને એ રાહ પર લગાડયા જેનો નમૂનો દીવાને ગાલિબ છે. સાથોસાથ અલ્લામા ખયરાબાદી મિર્ઝા ગાલિબના મોહસિને અઝીમ છે કે ગાલિબના પ્રસિદ્ધ થયેલ દીવાનની પસંદગી તથા સુધારણા પ્રતિ આપે ધ્યાન આપ્યું જેને મિર્ઝા ગાલિબે સહર્ષ આવકાર્યું. જેથી વર્તમાન દીવાને ગાલિબ અલ્લામાનો જ ઈન્તેખાબ છે જેનું વર્ણન ગાલિબના શાગિર્દ ખ્વાજા અલ્તાફહુસૈન હાલીએ યાદગારે ગાલિબમાં અને મુહમ્મદહુસૈન આઝાદે આબે હયાતમાં, તેમજ અન્ય હઝરાત દા.ત. શયખ મુહમ્મદ ઈકરામ તથા સૈયદ મુહ્યુદ્દીન ક઼ાદરી વગેરેએ પોત પોતાની કિતાબોમાં કર્યુ છે.

મિર્ઝા ગાલિબ જેવો ખૂદબીં ખૂદસર શાઈર લખે છે કે, ''મૌલાના ફઝ્‌લે હક્ક્‌ ખયરાબાદી મારા જેવા સેંકડો તથા ઉર્ફી જેવા હજારોની સુધારણા કરે છે.'' *(પંજ આહંગ મતબૂઆ દિલ્હી વ લાહોર)*

**૦૬.** સમયની હુકૂમત તથા મહાસત્તા સાથે આલિમાના વક઼ારની સાથે એ રીતે સંપર્ક રાખવો કે તેને સૂચન તથા મશ્વરા આપીને સહીહ રાહ પર લગાડવામાં આવે, એ પણ અલ્લામા ફઝ્‌લે હક્ક્‌ ખયરાબાદીના જીવનનું એક મહત્વનુ પાસુ છે. જેમ કે બહાદુરશાહ ઝફર તથા શાહી ફોજોના કમાન્ડર ઈન ચીફ જનરલ બખ્તખાં અલ્લામા ખયરાબાદીની સૂચનાઓ તથા સલાહો પ્રમાણે ખૂબ જ અમલ કર્યા કરતા હતા.

**૦૭.** બહાદુરશાહ ઝફરથી પહેલાં અકબરશાહ ષાનીના સત્તાકાળમાં દિલ્હીવાસીઓના વિવિધ મામલા તથા સમસ્યાઓના ઉકેલના માટે અલ્લામા ખયરાબાદીએ દિલ્હીવાસીઓના પ્રતિનિધિની હૈસિયતથી ઈ.સ. ૧૮૨૬માં એક લેખિત યાદી રજૂ કરી હતી જેનાથી આપના દૂરંદેશી તથા ખિદમતે ખલ્ક઼ (માનવસેવા)ની ભાવનાનો ભરપૂર અંદાજો કરી શકાય છે.

**૦૮.** કેવળ દિલ્હીવાસીઓ જ નહીં બલ્કે હિંદવાસીઓની ભાવનાઓની તર્જુમાની (પ્રદર્શિત કરવાનું પ્રતિનિધિત્વ) કરતાં ઈ.સ. ૧૮૫૭માં

શાહજહાંની જામેઅ મસ્જિદ દિલ્હીના અંદર અંગ્રેજોની વિરુદ્ધ વલવલાઅંગેઝ તક્રીર કરી અને જેહાદનો ફત્વો તૈયાર કર્યો જેના પર દિલ્હીના વિખ્યાત આલિમોએ સહીઓ કરી. આ કારનામુ અલ્લામાની હિંમત તથા હક્કના એલાનનો અજોડ નમૂનો છે.

**૦૯.** ઈ.સ. ૧૮૫૯માં ધરપકડ પછી લખનૌ કોર્ટમાં પોતાના વિરુદ્ધ દાખલ થયેલ બગાવતના કેસની ચર્ચા દરમ્યાન (ના કહેતાં છૂટવાનો ચાન્સ હતો છતાં) પોતે આપેલા જેહાદના ફત્વાનું સમર્થન કે, "હા ! આ ફત્વો મારો છે અને આજે પણ હું એના પર કાયમ છું." આ અલ્લામા ખયરાબાદીની અડગતા તથા જાલિમ હાકિમની સમક્ષ હક્ક વાત પોકારવા વિશેનું ઉચ્ચ દૃષ્ટાંત છે.

**૧૦.** સઆદતમંદી (નેક નસીબી) તથા ભલી તૌફીકનું મહાન પ્રદર્શન એ છે કે આટલી અઝમત તથા જલાલત (મહાનતા)ના માલિક હોવા છતાં એવા શયખે તરીકત શાહ ધોમનના હાથમાં હાથ આપીને એમના મુરીદ થયા જેઓ એટલી હદે ગુમનામ છે કે અત્યાર સુધી એમના હાલાતનો કોઈ ઐતિહાસિક કિતાબમાં કોઈ ભાળ ન મળી !

અલ્લામાના જીવન પુસ્તકનું આ તે આશ્ચર્યજનક પાસુ છે જે ઈલ્મના ઘમંડ તથા દાનિશવરીને વેરવિખેર કરી નાખે છે. આ જ સ્થિતિ ખયરાબાદના સિલસિલાના ઉગમ સ્થાન ખાનવાદાએ ફિરંગી મહલ લખનૌના તે મહાન મઅકુલી આલિમોનો છે જેઓ હઝરત સૈયદ અબ્દુર્રઝ્ઝાક કાદરી બાંસવી (બાંસા શરીફ, બારાબંકી)ના હાથમાં હાથ આપીને મુરીદ થયા. આ હઝરત સૈયદ અબ્દુર્રઝ્ઝાક કાદરી બાંસવી કોઈ મદ્રસા તથા કોઈ ઉસ્તાદથી કાંઈ પણ પઢેલા ન હતા, ખેતરોમાં કામ કર્યા કરતા હતા અને હળ ચલાવ્યા કરતા હતા પણ આરિફે કામિલ હતા. (એટલે ઈલ્મે લદુન્નીવાળા હતા)

ઉપરોક્ત ખૂબીઓ તથા વિશિષ્ટતાઓ અલ્લામા ફઝ્લે હક્ક ખયરાબાદીની વિવિધ પાસાંઓવાળી શખ્સિયતની મહાનતા તથા મહત્વતા બતાવવાના માટે પૂરતી છે, જેનાથી આજે પણ સબક હાંસલ કરી શકાય છે અને ઘણુ બધુ શીખી શકાય છે. અને વતની લેહાઝથી જોવામાં આવે તો હુબ્બુલ વતની (વતન પ્રેમ)નો પયગામ ઈ.સ. ૧૮૨૬થી ૧૮૫૭ સુધી અને ૧૮૫૮ થી ૧૮૬૧ સુધીના દરેક યુગમાં મળે છે. અને વતનથી દૂર રહીને આંદામાન ટાપુ એટલે કાળા પાણીમાં બેબસીની સાથે હિ.સ. ૧૮૬૧માં અલ્લાહને પ્યારા થઈ જઈને, દુનિયાને અલવિદા કહીને અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદીએ વતનવાસીઓને ઘણુ બધુ સોચવા વિચારવા મજબૂર કરી આપ્યા. કાળાપાણીમાં અલ્લામા ખયરાબાદીની કબ્ર વતનવાસીઓને અવાજ આપી રહી છે કે :–

**નિશાને મંઝિલે મક્સૂદ હૈ મેરી તુર્બત**
**નિશાં યહ છોળતા હૂં અહલે કારવાં કે લિએ**

આ અવાજ તથા આ પયગામ કોઈ સાંભળે કે ન સાંભળે પરંતુ હિંદના મુસલમાનોએ જરૂર સાંભળવો જોઈએ અને અલ્લામા ખયરાબાદીની જિંદગીથી સબક શીખવો જોઈએ કે કેવીક મો'મિનાના તથા આલિમાના શાનની સાથે આપે પોતાની જિંદગી ગુજારી અને કેટલા સબ્ર તથા સંયમની સાથે તે પોતાના ખાલિક તથા માલિકે હકીકીની બારગાહમાં પહોંચ્યા. ઈલ્મ તથા ફઝ્લ અને ખિદમત તથા કુર્બાનીની ઉચ્ચ ટોચ પર અલ્લામા ખયરાબાદી બિરાજમાન હતા અને પોતાના જ નહીં બલ્કે દીન તથા મિલ્લત, મુલ્ક તથા કૌમ અને દીન તથા મઝહબના ખાતર તેમણે પોતાના જિંદગી નિછાવર કરી દીધી. આ સર્વ પાસાંઓ પર વિચારણા કરવી જોઈએ અને તેમના નક્શે કદમ આજની પેઢીએ ચાલવું જોઈએ.

કિતાબ તથા તક્રીર, સેમીનાર તથા કન્વેન્શન, અખ્બારો તથા સામાયિકો તથા પ્રચાર માધ્યમોનો ઉપયોગ કરીને નવી પેઢીને અલ્લામા ખયરાબાદીની ખિદમતો તથા કારનામાઓથી વાકેફ કરવામાં આવે તો યકીનન કાંઈ ન કાંઈ પોઝિટિવ અસરો તથા પરિણામો જાહેર થશે અને અલ્લામાની અનુસરણને પાત્ર તથા તકલીદને લાયક જિંદગી તથા તેનાં વિવિધ પાસાંઓને સારી રીતે સમજીબુઝીને પોતાની જિંદગીમાં તેનો નક્શ ઉભારવાની કોશિશ નવી પેઢીનો સમજદાર તબકો જરૂર કરશે અને અહીંથી જ ભલાઈ તથા કામયાબીની શક્યતાઓના એક દૌરની શરૂઆત થઈ શકે છે.

*–(જામે નૂર–દિલ્હી, નવે. ૨૦૧૧)*

# ઈમામ હુસૈન તથા અમીર મુઆવિયાની ઉચ્ચતા رضی اللہ عنہما

## અને યઝીદની નીચતા

કાર્યાલય

*એક તરફ વહાબી દેવબંદીઓ વિવિધ ટ્રિકો વડે ગલત બયાનીથી ઈમામ હુસૈન رضی اللہ عنہ ના દુશ્મન તથા કાતિલ યઝીદ પલીદને "અમીરુલ મો'મિનીન" કહે છે તથા અત્યાર સુધીના સર્વ બુઝુર્ગોથી વિરુદ્ધ જઈને યઝીદને હક્ક પર દર્શાવે છે, તો બીજી બાજુ કેટલાક નાદાન સુન્નીઓ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ વિશે ગલત ખયાલો શીઆઓની દેખાદેખી ધરાવે છે, જેથી બંને તરફથી ફેલાતી ગલતફહમી દૂર કરવા અત્રેનો લેખ રજૂ કરીએ છીએ. –તંત્રી :*

તૌહીદની આડમાં નબી કરીમ ﷺની ગુસ્તાખી પર જેમના મઝહબનો પાયો રચાયો છે તે વહાબી દેવબંદી ફિર્કાવાળા નબી પાક ﷺના નવાસા હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہનો પક્ષ કઈ રીતે લઈ શકે ?! તેઓ તો આલે રસૂલના દુશ્મન યઝીદ પલીદનો જ પક્ષ લે એ સ્વભાવિક વાત છે. એટલે જ દેવબંદી મૌલ્વી નઝર મુહમ્મદ કાસમીએ "ઈઝહારે હક્ક" નામથી કિતાબ લખી જેમાં નબી વલીની તૌહીન કરતી ઘણી બધી નાહક વાતો લખી અને તેમાં નબી પાક ﷺના નવાસાના દુશ્મનની મહોબ્બતમાં પોતે લખ્યું છે :

> *".......અમારા દેવબંદી ઉલમાએ હમેશાં યઝીદની તરફદારી કરી છે. હઝરત કારી તૈયબ સાહબે તેમને (યઝીદને) "મુત્તકી" તથા "અમીરુલ મો'મિનીન"ના લકબથી યાદ કર્યા છે....." (ઈઝહારે હક્ક, પેજ : ૧૩, પ્રકાશક : મકતબે તયબહ–દેવબંદ, પ્રકાશન વર્ષ : ૧૯૯૯)*

આ છે દેવબંદીઓની યઝીદ પ્રત્યેની લાગણી ! કે યઝીદને **"મુત્તકી"** એટલે **હક્ક પર** તેમજ **"અમીરુલ મો'મિનીન"** ગણે છે. જ્યારે સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہનુ લખાણ વાંચો કે તેમણે હઝરત ઈમામે હુસૈન رضی اللہ عنہને શું કહ્યું છે, અને પછી ફેંસલો કરો કે તમે કોને સાચા માનશો ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہને કે બેઅદબ દેવબંદીઓને ?!

### ★ કોણ સાચુ ?! ખ્વાજા સાહબ કે દેવબંદી મૌલ્વીઓ ?! ★

હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہને ત્રાસથી શહીદ કરવામાં આવ્યા, એ સર્વને ખબર છે પણ આપની શહાદત અને કુર્બાનીથી દીન અને ધર્મને કેટલો ફાયદો થયો એનો નક્શો હઝરત ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ પોતાની શાયરીમાં આ પ્રમાણે વર્ણવે છે :–

*શાહ અસ્ત હુસૈન બાદશાહ અસ્ત હુસૈન*
*દીનસ્ત હુસૈન દીં પનાહ અસ્ત હુસૈન*
*સર દાદ ન દાદ દસ્ત દર દસ્તે યઝીદ*
*હક્ક કા કે બિનાએ લાઈલાહ અસ્ત હુસૈન*

હુસૈન રાજા અને બાદશાહ છે (નબીની નિકટતાને લઈને તેઓ દુનિયામાં આપણા સરદાર અને આગેવાન અને નબીએ પાક صلی اللہ تعالی علیہ وسلمની ખુશ ખબરીને લઈને કે હસન અને હુસૈન જન્નતી યુવાનોના સરદાર છે તેઓ આખેરતના સરદાર છે, તો તેમને બંને જગાનું રાજ આપવામાં આવ્યું છે, એટલે ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ એ બે વખત રાજાનો શબ્દ ઉપયોગ કર્યો.) દીન અને ધર્મ છે હુસૈન ! દીન અને ધર્મની પનાહ છે, રક્ષણ છે હુસૈન ! (આપની મહબ્બત રાખવી અલ્લાહ અને રસૂલથી મહબ્બત રાખવી છે અને આપથી દુશ્મની અલ્લાહ અને રસૂલની દુશ્મનીના સમાન છે એટલે આપ દીન અને ધર્મની બુન્યાદ છે. આપે દીનના રક્ષણ માટે અને **ખરાબ લોકોથી** (યઝીદીઓથી) ધર્મને બચાવવા

માટે જાન આપી સમગ્ર જગતના મુસલમાનોને સબક શિખવ્યો કે મુસલમાનનો ઈમાન પછી પ્રથમ ફર્ઝ પોતાના દીન અને ધર્મનું રક્ષણ છે, એટલે આપને દીનની પનાહ ફર્માવ્યું.)

માથુ આપ્યું પણ હાથ ન આપ્યો. હક્કની બુન્યાદ અને કલ્મા શરીફની માન્યતા પર સાચો અમલ કરનાર છે હુસૈન. (જૂઠા યઝીદને દીન અને ધર્મના નામ પર ન સ્વીકાર્યો અને એ બાબતે જેટલી તકલીફો આવી સહન કરી લીધી. પોતાના પ્રાણ આપી દીધા, અને એ સાબિત કરી બતાવ્યું કે જ્યારે ઈસ્લામ સ્વીકારી લીધો, ધર્મ હોવામાં એને કબૂલ કરી લીધો તો પછી એ કોઈ ખોટા, ખરાબ, બદ્‌માશ અને ત્રાસવાદી (યઝીદી)ના હાથમાં વેચવામાં આવશે નહીં, તો એટલા માટે આપે પ્રાણ આપ્યા અને દીનની માન્યતાનો મતલબ કિયામત સુધીના આવતા મુસલમાનોને શિખવ્યો.)

**સવાલ** : હઝરત ઈમામ હસન رضی اللہ عنہ એ હઝરત અમીર મુઆવિયા સાથે સુલેહ કરી લીધી હતી તો પછી હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ એ યઝીદ સાથે સુલેહ કેમ ન કરી લીધી ?!

**★ અમીર મુઆવિયાની વાત અલગ છે ★**

**જવાબ** : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ઈમામ હસન બાબત એ ફર્માવ્યું હતું કે આ મારો પુત્ર સૈયિદ છે એના થકી અલ્લાહ તઆલા મુસલમાનોની બે જમાઅતોમાં સુલેહ કરશે. જેનો પુરાવા સાથે ઉલ્લેખ એમની વિશેષતામાં થઈ ગયો. નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم નું આ ફર્માન હઝરત ઈમામ હસનને દિમાગ આપવા માટે હતું, અને આપે હઝરત અમીર મુઆવિયા સાથે સુલેહ કરી લીધી, તો વિવાદ સાથે સુલેહનો ઉલ્લેખ કરી સુલેહ કરી લેવાની તા'લીમ આપી અને આપે એ તા'લીમ પર અમલ કરી મુસલમાનોમાં ખૂનામરકી ન થવા દીધી.

**★ પોતાના નિર્ણયમાં યોગ્ય સ્થાને ★**

જ્યારે આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ઈમામ હુસૈનની શહાદતની ખબર સંભળાવી તો સાથે સુલેહનો કોઈ ઉલ્લેખ ન કર્યો, તો એ વાતની દલીલ છે કે ઈમામ હુસૈન યઝીદ સાથે એ વિવાદમાં હક્ક પર હશે અને યઝીદ બાતિલ પર હશે, બાતિલ સામે સુલેહનો કોઈ સવાલ ઉપસ્થિત થતો નથી, એટલે આપે શહાદતની ખબર પર રૂદન કર્યું પણ નસીહત માટે કોઈ વાતનો ઉલ્લેખ ન કર્યો. એટલે હઝરત ઈમામ હસન એમની સુલેહમાં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની તા'લીમ પ્રમાણે યોગ્ય સ્થાને હતા અને ઈમામ હુસૈન સુલેહ ન કરવામાં યોગ્ય સ્થાને હતા.

**★ યઝીદ ફાસિક્ હતો ★**

**બીજું** એ કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ નો મસ્અલો અલગ છે, આપ દીનદાર અને પરહેઝગાર હતા, હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ની ખિલાફતના જમાનાથી આપ સીરિયામાં ગવર્નર હતા, એટલે એમની સાથે સુલેહ કરવામાં શરઈ કોઈ ખરાબી ન હતી, એમની સાથે સુલેહમાં ઈસ્લામનો ફાયદો હતો નુકસાન ન હતું. અને યઝીદ ખલીફા બન્યા પછી ફાસિક્ બની ગયો હતો, નમાઝો ન પઢતો, દારૂ પીતો, અને એની સભામાં નાચગાન પણ થતું હતું, એટલે ઈમામ હુસૈન જેવી તે સમયની આધારભૂત વ્યક્તિ માટે એ યોગ્ય ન હતું કે એવા ખરાબ વ્યક્તિની ખિલાફતને માન્ય રાખી ગુનાહિત કામોને પબ્લિકમાં સામાન્ય કરી ઈસ્લામને ખરાબ કરવાવાળાઓમાં પોતાનું નામ લખાવી દે. એટલે આપે યઝીદની ખિલાફત માન્ય ન રાખી.

**★ શિખામણ ન આપવી હક્ હોવાની દલીલ છે ★**

**ત્રીજું** એ કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની હદીષોથી લોકોને ખબર આપી કે મારા આ પુત્રને શહીદ કરવામાં આવશે, અને એ ખબર સાંભળીને આપ રડયા પણ હતા. જો ઈમામ હુસૈનનું શહીદ થવું હક્ક્ હોવાને લઈને ન હોત તો આપ પોતાના તરફથી એમાં નસીહત અને શિખામણ પણ આપી દેતા જેનાથી એ જાણી શકાતું કે સુલેહ કરી લેવી ઉત્તમ છે, પણ એવો કોઈ ઈશારો નથી એનો મતલબ એ છે કે શહીદ થશે પણ હક્ક આપની સાથે હશે. જ્યારે

નબી તરફથી આપનું હક્ક હોવું સ્પષ્ટ છે તો પછી એવું કેવી રીતે કહી શકાય છે કે ઈમામ હુસૈન رضی اللہ عنہ એ ગલત કામ કર્યું.

### ★ હુસૈનની મદદ કરશો ! ★

**ચોથું** એ કે આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ સ્પષ્ટ શબ્દોમાં ઈમામ હુસૈનની મદદ કરવાનું પણ ફર્માવ્યું હતું. સિહ્હુશ્શહાદતૈન, પેજ–૨૯, અલ્ બિદાયા વન્નિહાયા, ભાગ–૮, પેજ–૧૯૯, ખસાઈસે કુબ્રા, ભાગ–૨, પેજ–૧૨૫, હઝરત અનસ બિન હારિષ ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمને ફર્માવતાં સાંભળ્યા કે :–

બેશક ! મારો આ પુત્ર એ જમીનમાં શહીદ કરવામાં આવશે જેને કરબલા કહેવામાં આવે છે. તમારામાંથી જે ત્યાં હોય તે એમની મદદ કરે ! અનસ બિન હારિષ કરબલા ગયા હતા તો ત્યાં હઝરત હુસૈન સાથે શહીદ થયા.

આ રિવાયતથી જાણવા મળ્યું કે આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત હુસૈન رضی اللہ عنہ ની મદદ કરવાનું પણ કહ્યું હતું, જો એ સમયે ઈમામ હુસૈન હક્ક઼ પર ન હોતા તો આપણા નબીએ મદદ કરવાનું કેમ ફર્માવ્યું ?! મદદ કરવાનો હુકમ એ બતાવે છે કે યઝીદ સાથેના વિવાદમાં આપ હક્ક઼ પર હશે. નાહક્ક઼ની મદદનો આદેશ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم આપી શક્તા નથી, કારણ કે, આપ મા'સૂમ છે.

### ★ ઈજમાએ ઉમ્મત ★

**પાંચમું** એ કે હઝરત ઈમામ હુસૈનની શહાદત પર અને આપની હક્કાનિયત પર ત્યારથી લઈને આજ સુધી મુસલમાનોની એકમતિ છે. યઝીદના ખરાબ અને બદ્માશ હોવા પર સર્વ મુસલમાનોની સંમતિ છે. તો ઈજમાએ ઉમ્મતથી સ્પષ્ટ થયું કે ઈમામ હુસૈન હક્ક઼ પર અને યઝીદ તથા યઝીદીઓ નાહક્ક઼ પર હતા. તેમણે અહલે બયત સાથે જે કંઈ કર્યું તે જુલ્મ અને ત્રાસ હતો જેનો બદલો તેમને દુનિયામાં મળ્યો, આખેરતનો બાકી છે.

### ★ અમીર મુઆવિયાને શું કહેશો ?! ★

**સવાલ** : અમીર મુઆવિયા رضی اللہ عنہ સહાબી છે. આપને હઝરત ઈમામ હસન رضی اللہ عنہ એ પોતાની ખિલાફત અમુક શરતો સાથે આપી દીધી હતી એટલે કે લાયક સમજીને આપ એ માર્ગેથી ખસી ગયા હતા. એ જ અમીર મુઆવિયા رضی اللہ عنہ એ પોતાની હયાતીમાં પોતાના પુત્ર યઝીદને ખિલાફતના પદે રાખી લોકો પાસે બયઅત કરવાનું શરૂ કરી આપ્યું હતું.

તારીખુલ ખુલફા, ભાગ–૨, પેજ–૬૭ હિજરી સન ૫૦ માં છે : અમીર મુઆવિયાએ પોતાના પુત્ર યઝીદની હુકૂમત અને સત્તા પર સિરિયા પ્રદેશના લોકોથી બયઅત લીધી. હિજરી સન ૫૧ માં હઝરત અમીર મુઆવિયાએ હજ્જ કરી અને પછી પોતાના પુત્ર યઝીદ માટે બયઅત લેવાનું શરૂ કર્યું. અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરને બોલાવીને હમ્દો ષના પછી કહ્યું, તમારું ઉખાણું તો એવું છે જે દિવસે મારા પર અમીર ન હોય એ રાત મને સૂવાનું સારું ન લાગે. હવે હું તમને મુસલમાનોમાં વિવાદ કરવાથી ડરાવું છું અને આશા રાખું છું કે મુસલમાનોમાં કોઈ જાતના ફિત્ના ફસાદની કોશિશ નહીં કરો ! એમાં એ પણ છે કે હઝરત અબ્દુર્રહમાન બિન અબૂબક્ર, અને હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરને પણ બોલાવીને યઝીદની ખિલાફતની બયઅત બાબત કહેવામાં આવ્યું.

ઉપરોક્ત પુરાવાથી એ સ્પષ્ટ થયું કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ એ યઝીદને પોતાની હયાતીમાં સત્તા સુધી પહોંચાડી આપ્યો હતો અને લોકોથી બયઅત પણ લઈ લીધી હતી. તો પછી જ્યારે તમે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ને સારા કહો છો તો પછી એમના આ કામને પણ સારું કહો ? અને જો આ કામ સારું માની લેવામાં આવે તો પછી ઈમામ હુસૈનનું બયઅત ન કરવું ક્યા દરજામાં જશે ? અથવા તો પછી અમીર મુઆવિયાને આ વાતમાં જવાબદાર માનશો કે નહીં ? હઝરાતે અબૂબક્ર અને ઉમર رضی اللہ عنہما એ કોઈને ખલીફા નિયુક્ત નથી

કર્યો અને એ વાત મુસલમાનોની ઈચ્છા પર છોડી તો મુઆવિયા رضی اللہ عنہ એ એમની વિરુધ્ધ કામ કેમ કર્યું ?

**જવાબ** : હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ રસૂલેપાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના સહાબી છે, આપે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે રહીને કાફિરો સાથે જંગો લડી છે, આપનો દરજો સહાબી હોવાને લઈને ઊંચો છે અને મુજાહિદે ઈસ્લામ હોવાને લઈને વધારે. ખિલાફતે ફારૂકી અને ખિલાફતે ઉષ્માનીમાં આપે વીસ વર્ષો સુધી સિરિયામાં ગર્વનરી કરી અને ત્યાર પછી પણ આપ ગર્વનર રહ્યા. હઝરત ઈમામ હસને એમની સાથે સુલેહ કરીને એમના હાથ પર બયઅત કરી. અવસાન સુધીમાં હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ એ ૪૦ વર્ષો રાજ કર્યું. હદીષના ઓલમાએ કોઈ પણ વિવાદ વગર એમની હદીષો નકલ કરી અને લીધી. આ બધું એ વાતની દલીલ છે કે અમીરે મુઆવિયા رضی اللہ عنہ નો વિવાદ હઝરત અલી સાથે ઈજતેહાદ પર આધારિત હતો, એનાથી એમની અદાલત અને પરહેઝગારીમાં કોઈ ફરક આવતો નથી. અલ્લાહ તઆલાનું ફર્માન છે : وَكُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى અલ્લાહ તઆલાએ સર્વને ભલાઈનો વાયદો કર્યો. (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ) અલ્લાહ એમનાથી ખુશ અને તેઓ એનાથી ખુશ.

## ★ સહાબીનું પદ ★

મુલ્લા અલી કારી મિશ્કાતની શરહમાં ફર્માવે છે કે હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક જેઓ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ના વિદ્યાર્થી છે એમને પૂછવામાં આવ્યું કે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہما અફઝલ છે કે પછી હઝરત મુઆવિયા رضی اللہ عنہ ? તો આપે ફર્માવ્યું, **હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે રહી જિહાદ કરવા સમયે અમીર મુઆવિયા رضی اللہ عنہ ના ઘોડાના નાકમાં જે ધૂળ ગઈ તે પણ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝથી વધીને છે.** *(અન્નાહિયા, પેજ–૧૬)*

નસીમુર્રિયાઝ શરહે શિફા કાઝી ઈયાઝમાં છે : જે વ્યક્તિ હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ની બુરાઈ કરે છે એ જહન્નમી કૂતરાઓ પૈકી એક કૂતરો છે. *(અહકામે શરીઅત, ભાગ–૧, પેજ–૧૦૩)*

મિશ્કાત શરીફ, પેજ–૧૧૨, બુખારી શરીફની હદીષ છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને પૂછવામાં આવ્યું કે અમીરુલ મુ'મિનીન ! હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ની બાબત તમે શું ફર્માવો છો, જ્યારે કે ફલાણા મસ્અલામાં એમણે આમ કર્યું. આપે ફર્માવ્યું : اَصَابَ اِنَّہٗ فَقِیْہٌ એમણે બરાબર કર્યું કારણ કે આપ ફકીહ (દીનની સારી સમજ ધરાવનાર) છે.

## ★ મુજતહિદની ભૂલ પણ સવાબ ★

મિશ્કાતની શરહ મિર્કાત, ભાગ–૨, પેજ–૧૬૦, હઝરત મુલ્લા અલી કારી ઉપરોક્ત વાતના ખુલાસામાં લખે છે કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ મુજતહિદ છે, એમને સવાબ મળશે ભલે ભૂલ કરે. (એટલે કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم સાથે જે બે યુદ્ધ થયાં તેમાં હઝરત અલી હક્ક પર હતા પરંતુ હઝરત અમીર મુઆવિયા મુજતહિદ છે અને દલીલે શરઈમાં મનન કરવાથી એમનાથી ભૂલ થાય તો પણ એમને સવાબ મળે છે.)

## ★ અમીર મુઆવિયાની ખૂબીઓ ★

અન્નાહિયા, પેજ–૧૭, હઝરત અલ્લામા કસ્તલાનીએ બુખારીની શરહમાં હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ બાબત એ વર્ણન કર્યું છે :– مُعَاوِیَۃُ ذُوْ الْمَنَاقِبِ الْجُمَّۃِ "હઝરત મુઆવિયા ઘણી જ ખૂબીઓના માલિક છે."

## ★ શીઆ જેવી વાત ન કરો ! ★

આ છે હઝરત અમીર મુઆવિયા ! رضی اللہ عنہ **અહલે સુન્નત વલ જમાઅતના મસ્લક પ્રમાણે આપ ઉચ્ચતમ સહાબી છે, અને આપની બાબતે કંઈ બોલવાની આપણને રજા નથી, બલ્કે બોલીને પોતાની આકેબત ખરાબ કરવી છે, એટલે હઝરત અમીર મુઆવિયા માટે આપણે અહલે**

**સુન્નતનો મસ્લક ભૂલી શીઆ લોકો જેવી નકામી વાત ન કરવી જોઈએ !**

### ★ ખલીફા પોતે નિયુક્ત કરવો કેવું ? ★

જે કહેવામાં આવે છે કે આપે પ્રથમ ખલીફાઓ વિરૂધ્ધ કામ કર્યું અને પોતાની હયાતમાં પોતાના તરફથી પોતાના પુત્ર યઝીદને ખલીફા બનાવ્યો અને પોતાની હયાતમાં લોકો પાસે બયઅત લઈ લીધી. તો **જો આ વાત માની લેવામાં આવે તો પણ** એવું કહી શકાય છે કે ભલે પ્રથમ ખલીફાઓએ આમ નથી કર્યું પણ શરીઅતના કાયદાના આધારે આમ કરી લેવામાં આવે તો એ નાજાઈઝ નથી. જાઈઝ અને મુબાહ છે. તો પછી મુબાહ અને જાઈઝ કામમાં ગુનોહ નથી. એટલું કહી શકાય કે એમણે મુસલમાનોના મશ્વેરા પર આ મસ્અલો આધારિત રાખવો જોઈતો હતો, પણ ન રાખ્યો એ એમની ખુશી, પણ આપણે એ બાબતે કંઈ કહેવાનો અધિકાર રાખતા નથી.

ખલીફાનું પોતાના પુત્રને ખલીફા બનાવવું એ પણ શરઈ કાયદાના આધારે ખોટું નથી, અને ઈસ્લામમાં એમનાથી મનાઈ કરવામાં આવી નથી. એટલે એ વાતનો વિરોધ પણ પાયા વિનાનો કહેવાશે. કુર્આન અને હદીષથી એ વાતના નાજાઈઝ હોવા પર પુરાવો નથી મળી શક્તો. ચાર ખલીફાઓએ પોતાના પુત્રોને આ પદ માટે નિયુક્ત નથી કર્યા તો એ એમનો ઉત્તમ અમલ હતો, પણ કોઈએ કરી લીધું તો એ ખોટું નથી. એટલે આ વાતને પણ આધાર નથી બનાવી શક્તા.

### ★ ફાસિક્ને નિમણૂક કરવો જાઈઝ નથી ★

**સવાલ :** ચાલો, માની લઈએ કે પોતાની હયાતીમાં ખલીફાને નિમણૂક કરવો અને પોતાના પુત્રને ખલીફા બનાવવો શરઈ કાયદાના આધારે નાજાઈઝ નથી એટલે વિરોધ ઉઠાવવાની આપણને રજા નથી, પણ ફાસિક્ની બેઈજ્જતી વાજિબ છે એટલે એને ઈજ્જતનું પદ ન આપી શકાય, તો પછી ખિલાફતે કુબ્રા અને મુસલમાનોના અમીર માટે એવા વ્યક્તિને નિમણૂક કરવો નાજાઈઝ અને ગુનાહનું કામ છે. પછી ફાસિક્ને એ પદ કેમ આપવામાં આવ્યું ?

### ★ હુકમનો આધાર વર્તમાનકાળ પર છે ★

**જવાબ** : યઝીદ ફાસિક્ હતો અને એના ફાસિક્ હોવા પર બેમત નથી પણ એ જ્યારથી ફાસિક્ બન્યો ત્યારથી ફાસિક્નો હુકમ લાગશે. ગુનાહોનાં કામો કર્યા વગર ફિસ્ક અને બદ્માશીનો હુકમ ઈસ્લામી કાયદામાં લાગુ પડતો નથી. જેઓ યઝીદને પ્રથમથી ફાસિક્ કહેવા માંગે છે તેમણે સશક્ત પુરાવા આપવા પડશે કે એ ખલીફાના પદ પર આવતાં પહેલાં જ ખરાબ માણસ હતો. જ્યારે એ પોતાના પિતા હઝરત અમીર મુઆવિયાની હયાતીમાં સારો હતો, અને એણે ઈસ્લામ માટે ઘણા યુદ્ધો લડયાં, તો હઝરત અમીર મુઆવિયાએ પોતાના પુત્રને લાયક સમજીને, શરીઅતનો પાબંદ સમજીને આ પગલુ ભર્યું હતું. જ્યારે **આપની હયાતીમાં એ ફાસિક ન હતો** તો પછી હઝરત અમીર પર એ બાબતની કોઈ શંકા યોગ્ય નથી. અને **સુન્ની સહીહુલ અકીદા આ પ્રમાણેની શંકા ઉપસ્થિત કરી પણ નથી શક્તો.** શૈતાન કાફિર બનતા પહેલાં ફરિશ્તાઓનો ઉસ્તાદ હતો, એની ઘણી ઈજ્જત થતી હતી, એને ઘણુ મહાન પદ આપવામાં આવ્યું હતું, પણ જ્યારે એણે હઝરત આદમ علیہ السلام ની બેઈજ્જતી કરી અને અલ્લાહની આજ્ઞાનું પાલન ન કર્યું તો અલ્લાહ તઆલાએ એને ઈજ્જતની જગાએથી હટાવી દીધો. તો આ દાખલા પ્રમાણે યઝીદ જ્યારે સારો હતો ત્યારે હઝરત અમીર એને ઈજ્જતનું પદ આપ્યું, આપના દુનિયાથી પર્દો કરી ગયા પછી એ ફાસિક્ બની ગયો તો એ તે જમાનાના મુસલમાનોની જવાબદારી ઠરી જે યોગ્ય હોય તેના હાથો પર બયઅત કરવી જોઈએ અને તેવા વ્યક્તિને ભરપૂર સહકાર આપવો જોઈએ. સારાંશ એ કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ પર યઝીદના ફાસિક્ હોવાની શંકા પણ તદ્દન ખોટી છે. એ ભવિષ્યની વાત હતી, એમની હયાતીની નહીં.

*(હવાલો : તોહફાએ નજાત, ભાગ : ૧૧, અઝ : ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી)*

(ઉર્સ : ૧૪ મુહર્રમ)

ઝિક્રે અવલિયા

# મુફ્તીએ આ'ઝમના

## તક્વા તથા કરામતોની ઝલક

રજૂકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી**

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

અલ્લાહના વલી તક્વાની ઉચ્ચ મંઝિલ પર બિરાજમાન હોય છે. શરીઅતની પાબંદીમાં તેમનો જવાબ નથી હોતો. આજકાલ ઘણા અજ્ઞાની લોકો ગમે તેને મહાન હસ્તી તથા વલી કહી આપે છે જો કે શરીઅતની પાબંદીથી તે માઈલો દૂર ભલે હોય ! અને તેની કાંઈ કેટલી કરામતો પણ વર્ણવી દેવામાં આવે છે ! પણ યાદ રાખશો, તક્વા તથા પરહેઝગારી અને શરીઅતની ચુસ્ત પાબંદી વિના કોઈ અલ્લાહનો વલી નથી થઈ શક્તો. આવો ! આપણે અલ્લાહના એક મહાન વલી એટલે શાહઝાદાએ આ'લા હઝરત હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝાખાં બરેલ્વી رحمۃ اللہ علیہના તક્વા વિશે જાણીએ તથા આપની કેટલીક કરામતોનો અભ્યાસ કરી દિલોને નૂરે ઈમાનથી ઝગમગાવીએ.

### ★ બચપનથી જ ઝોહદો તક્વાવાળા ★

મૌલાના અલ્હાજ કારી મુહમ્મદ અમાનતરસૂલ સાહબ પીલીભીતી જણાવે છે કે કુત્બે મદીના, આરિફ બિલ્લાહ, મકીને તયબહ, ખલીફાએ સરકાર આ'લા હઝરત, હઝરત અલ્લામા શયખ ઝિયાઉદ્દીન અહમદ મદની رحمۃ اللہ علیہએ એક મજલિસમાં ફર્માવ્યું, કારી સાહબ ! આપના મુર્શિદ હઝરત મુફ્તીએ આ'ઝમ કિબ્લાનો જન્મ મુબારક હિ.સ. ૧૩૧૦માં થયો અને મારો જન્મ હિ.સ. ૧૨૯૪માં થયો. મારી ઉંમર તે સમયે સોળ વરસની હતી. હિ.સ. ૧૩૧૩માં પીલીભીત હુઝૂર મુહદ્દિષે સુરતી رحمۃ اللہ علیہના મદ્રસતુલ હદીષમાં તા'લીમ હેઠળ હતો. દર જુમેરાતે બરેલી શરીફ હુઝૂર મુહદ્દિષે સુરતીની સાથે આ'લા હઝરત رحمۃ اللہ علیہની ખિદમતમાં હજર થતો હતો. હઝરત મુફ્તીએ આ'ઝમ તે વખતે ત્રણ વરસના હતા. ફકીરે હઝરતને પોતાની ગોદમાં લીધા છે. ફકીર મુફ્તીએ આ'ઝમને જેટલો જાણે છે એટલુ કોઈ નથી જાણતુ, કેમ કે ફકીરે તેમનું બચપન જોયું, જવાની જોઈ અને હવે વૃદ્ધવસ્થા જોઈ રહ્યો છે. લોકો ઘડપણમાં અમલ પ્રતિ વળે છે. ઘડપણમાં અમલ પ્રતિ વળવું કોઈ કમાલની વાત નથી. જવાની દીવાની મશ્હૂર છે. જવાનીમાં શરીઅતની મના કરેલ બાબતોથી મેહફૂઝ રહેવું તથા શરીઅતે મુસ્તફા પર અમલ કર્તા હોવું સૌથી મહાન કમાલ છે. ઝિયાઉદ્દીન અહમદ મદની ઘણા જ નાઝની સાથે ગુંબદે ખઝરાની સામે મદીના પાકમાં આ કહી રહ્યો છે કે ફકીરે પોતાની આંખો વડે જોયું કે મુફ્તીએ આ'ઝમ કિબ્લા બચપનથી જ ઝોહદો તક્વાના પયકર છે. અત્યારે તો એમની બુઝુર્ગીનો કોઈ શું અંદાઝો લગાડી શકે છે ! આ'લા હઝરત સરકાર ખૂદ એમના પર ફખ્ર કર્યા કરતા હતા. તે જાહેર તથા બાતિન (અંતર)માં સરાપા આ'લા હઝરત છે ! ફકીર મદની તો તેમને ષાની આ'લા હઝરત કહે છે. મુફ્તીએ આ'ઝમ ઈસ્લામી જગતની બુઝુર્ગતરીન હસ્તી છે. *(જહાને મુફ્તીએ આ'ઝમ, પેજ : ૨૭૬)*

### ★ દીવો લઈને ઢુંઢવા છતાં આવો શયખ નહીં મળે ! ★

આ'લા હઝરતના ભત્રીજા ઉસ્તાઝુલ ઉલમા અલ્લામા હસ્નૈન રઝાખાં સાહબે કારી અમાનત રસૂલ સાહબ પીલીભીતીને ફર્માવ્યું, ''કારી સાહબ ! હું સાચુ કહું છું ! હુઝૂર મુફ્તીએ આ'ઝમ કુત્બુલ ઈર્શાદ છે. હું એમનો પિત્રાઈ ભાઈ છું તેમની જેટલી વયવાળો ઘરનો એક વ્યક્તિ છું. કારી સાહબ ! તેમનું તથા મારું બચપન એક સાથે ગુજર્યું. તે બચપનમાં પણ ખેલકૂદ તથા રમતગમત (મનોરંજન)થી દૂર રહ્યા. મેં આ બધું મારી આંખો વડે જોયું છે. ઘરમાં જોયું, બહાર જોયું. કારી સાહબ ! મારો આ કૌલ નોંધી લો ! ચિરાગ લઈને જો દુનિયામાં ઢુંઢશો તો ખુદાની કસમ ! મુફ્તીએ આ'ઝમ જેવો શયખ પામશો નહીં !'' *(જહાને મુફ્તીએ આ'ઝમ, પેજ–૨૭૭)*

આ તે બુઝુર્ગતરીન ઉસ્તાઝુલ મુતકલ્લિમીન હસ્તીના ઈર્શાદો છે જે આ'લા હઝરત સરકારના સગા ભત્રીજા, આ'લા હઝરતના શાગિર્દ તથા ખલીફા છે. આ'લા સરકારના જમાઈ છે. આ'લા હઝરતના વચેટ ભાઈ ઉસ્તાદે ઝમન અલ્લામા હસન રઝા સાહબના પુત્ર છે અને મુહદ્દિષે બરેલી અલ્લામા તેહસીન રઝાના પિતા છે. رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ

### ★ આવો મુત્તક઼ી આ દૌરમાં ક્યાં મળશે ? ★

હઝરત કિબ્લા મુફતીએ આ'ઝમ તક઼વા તહારત, અમાનત તથા પ્રમાણિક્તામાં પોતાનું દષ્ટાંત પોતે જ હતા. એકવાર હું બરેલી શરીફ હુઝૂરેવાલાની ખિદમતમાં હાજર હતો. એક સાહબે હઝરત ક઼િબ્લાને મસ્જિદે રઝાના બાંધકામ માટે રૂપિયા આપ્યા. હઝરત ક઼િબ્લાએ પોતાના ખિસ્સામાં રાખી લીધા. જ્યારે સાજિદ અલીખાં મર્હૂમ જે હઝરતના જમાઈ હતા તે આવ્યા તો આપે ફર્માવ્યું કે એક સાહબે મસ્જિદે રઝાના માટે રૂપિયા આપ્યા છે. જ્યારે હઝરતે પોતાના ખિસ્સામાં હાથ નાખ્યો તો રૂપિયા ન નીકળ્યા ! ભૂલથી રૂપિયા તે ખિસ્સામાં રાખી દીધા હતા જેમાં પોતાના અંગત ખર્ચની રકમ રાખવામાં આવતી હતી. હાજરજનોને પૂછયું કે આપનારે કેટલાની નોટ આપી હતી ? અર્ઝ કરવામાં આવી, હુઝૂર ! અમને ખબર નથી. ફર્માવ્યું, વધુમાં વધુ સોની નોટ હશે. જ્યારે ખિસ્સામાં હાથ નાખ્યો તો ખાસ્સી રકમ ખિસ્સામાં હતી. ઈર્શાદ ફર્માવ્યો કે આમાં જ તે નોટ હશે. હઝરત ક઼િબ્લાએ પૂરી રકમ જે ખિસ્સામાં હતી મસ્જિદે રઝાના માટે આપી દીધી કે આમાં જ તે નોટ હશે જે આપનારે આપી છે ! આ પરથી જાણવા મળ્યું કે હઝરત તક઼વાની આ'લા મંઝિલ પર બિરાજમાન હતા. વર્તમાન દૌરમાં દીવો લઈને શોધતાંય આવો મુત્તક઼ી મળવો અતિમુશ્કેલ કામ છે. *(જહાને મુફતીએ આ'ઝમ, પેજ : ૨૬૩)*

### ★ હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદની નજરમાં મુફતીએ આ'ઝમ ★

ફખ્રે ખાનદાને અશ્રફિયા હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના શાહઝાદાએ આ'લા હઝરત, તાજદારે અહલે સુન્નત હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہના વિશે ફર્માવે છે : **"આજે દુનિયામાં જેનો ફત્વાથી વધીને તક઼વો છે** તે એક શખ્સિયત મુજદ્દિદે મિઅતે હાઝરાના ફરઝંદ જેમનું પ્યારું નામ **"મુસ્તફા રઝા"** આપોઆપ ઝબાન પર આવે છે અને ઝબાન અસંખ્ય બરકતો પામે છે." *(ઉપર મુજબ, પેજ : ૨૭૭)*

### ★ હરમના ઉલમા તથા મુફતીઓએ ખિલાફતો લીધી ★

હુઝૂર મુફતીએ આ'ઝમ હજ્જ વ ઝિયારત માટે ગયા ત્યાં આપના ઈલ્મ તથા તક઼વાથી પ્રભાવિત થઈને મક્કા મોઅઝ્ઝમા તથા મદીના મુનવ્વરાના તે દૌરના મહાન ઉલમા તથા મુફતીઓએ આપની સામે અદબભેર હાજર થઈ શાગિર્દીનો શરફ મેળવ્યો તથા ખિલાફતો તથા ઈજાઝતો મેળવી. એમાંથી અમુક નામો આ પ્રમાણે છે : (૧) મુફતીએ હરમ હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ મગરબી માલિકી મક્કી (૨) શયખુલ ઉલમા અલ્લામા સૈયદ અમીન કુત્બી મક્કી (૩) જલાલતુલ ઈલ્મ અલ્લામા મુફતી સૈયદ મુહમ્મદનૂર મક્કી (૪) ઉસ્તાઝુલ ઉલમા હઝરત મૌલાના મુફતી જા'ફર બિન કષીર મક્કી (૫) હઝરત અલ્લામા મૌલાના શયખ ઉમર હમ્દાન મક્કી (૬) હઝરત અલ્લામા શયખ ઈબ્રાહીમ મદની (૭) હઝરત અલ્લામા પીર અબ્દુલ માલિક (૮) હઝરત અલ્લામા મરઝૂક઼ી તથા શયખુલ ફઝીલત અલ્લામા શાહ ફઝ્લે રહમાન સાહબ શાહઝાદા હુઝૂર ઝિયાઉલ મિલ્લત મદની. *(જહાને મુફતીએ આ'ઝમ)*

### ★ દાઢીના ધોવાણથી તાવ દૂર થઈ ગયો ! ★

સદરુશ્શરીઅહ્‌ના શાગિર્દ હઝરત અલ્લામા ક઼ારી મહબૂબ રઝા સાહબ પાકિસ્તાનીએ ફર્માવ્યું, કુત્બે આલમ હુઝૂર મુફતીએ આ'ઝમ હિંદ વ સિંધની ૨૮ વરસની ઉંમર હશે. જ્યારે હઝરતની દાઢી તદ્દન કાળી હતી. એક વૃદ્ધ સ્ત્રી આ'લા હઝરતની ખિદમતમાં હાજર થઈ કે હુઝૂર ! મારો પૌત્ર ઘણો જ બીમાર છે, તાવ ઘણો તેજ છે, હકીમોએ જવાબ આપી દીધો

છે. બેહોશી છવાયેલી છે. હુઝૂર ! આપનો મુરીદ છે એને જોઈ લો, વારંવાર બેહોશી છવાઈ રહી છે. હુઝૂર ! એકનો એક પુત્ર છે. આ'લા હઝરત એક ફત્વો લખી રહ્યા હતા. દુઆ કરી આપી અને ફર્માવ્યું, એક જવાબ લખી રહ્યો છું ફુરસદ મળતાં જોઈ લઈશું. વૃદ્ધાને આ'લા હઝરતની આ વાત પસંદ ન પડી અને નારાજ થઈને એવું કહેતી ચાલી નીકળી કે જ્યારે આપણો પીર જ વાત નહીં સાંભળે તો ખુદા પણ કરમ નહીં ફર્માવે ! આ'લા હઝરતે ખાદિમને કહ્યું, પેલાં નક઼ાબપોશ વૃદ્ધાને જલ્દી બોલાવો. તો ખાદિમે જઈને કહ્યું કે આ'લા હઝરત બોલાવે છે. તે વૃદ્ધા પાછી આવી તો આ'લા હઝરતે ફર્માવ્યું, મુસ્તફા રઝા ક્યાં છે ? બોલાવો ! મુસ્તફા રઝાની દાઢીમાં એ તાસીર છે કે તેમની દાઢીનું ધોવણ જો તાવવાળાને પીવડાવી દેવામાં આવે તો ગમે તેવા તાવવાળાને ખુદાના ફઝ્લથી શિફા મળી જાય છે, તાવ ઉતરી જાય છે. હઝૂર મુફતીએ આ'ઝમ તશરીફ લાવ્યા. યુવાનીનો આલમ હતો એ વખતે હુઝૂરની દાઢી એકદમ કાળી હતી. આ'લા હઝરતે ફર્માવ્યું, મુસ્તફા મિયાં ! જાવ વુઝૂ કરો અને દાઢીનું ધોવણ કોઈ વાસણમાં ભેગુ કરીને આમને આપી દો. હઝરતે એ જ પ્રમાણે કર્યું. બસ ! વૃદ્ધા તો ખુશી ખુશી તે પાણી લઈને ઘરે પહોંચી અને બાળકને પીવડાવ્યું. તો પાણી પીતાં જ બાળકે આંખો ખોલી નાખી અને તાવ ઉતરી ગયો. સાંજે તે વૃદ્ધા આ'લા હઝરતની ખિદમતમાં હાજર થઈ અને અર્ઝ કરી, હઝરત ! આ તે જ છોકરો છે જેના માટે હકીમોએ જવાબ આપી દીધો હતો પણ પાણી પીતાં જ બેહોશી તથા તાવ જતો રહ્યો અને તરત જ આ બાળકે આંખો ખોલી કાઢી અને તદન સાજો થઈ ગયો. *(જહાને મુફતીએ આ'ઝમ, પેજ : ૨૭૬)*

### ★ જાવ ! ફાંસી નહીં થાય ! ★

તાજદારે અહલે સુન્નત હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની બારગાહે આલિયામાં અહમદાબાદમાં એક મઝલૂમા પોતાના નાનાં બાળકોની આંગળીઓ પકડીને હાજર થઈ અને અશ્રુઓની ધારા વરસાવવા માંડી. થોડુક સુકૂન થતાં કહેવા લાગી, હુઝૂર ! નિર્દોષ પતિને ફાંસીની સજા થઈ ગઈ છે ! આક઼ાએ નેઅમતની આંખો પણ અશ્રુમય થઈ ગઈ અને પોતાના નિયમ પ્રમાણે તાવીઝ આપતાં ફર્માવ્યું, જાવ ! ફાંસી નહીં થાય !

તે દિલની દુ:ખી સ્ત્રી તરત જ જેલની તરફ ગઈ અને પોતાના પતિના ગળામાં તાવીઝ નાખી દીધું અને પોતાના સરતાજને આ શબ્દોમાં તસલ્લી આપતી રહી કે બરેલીના ઘણા જ મહાન બુઝુર્ગે ફર્માવ્યું છે કે જાવ ! ફાંસી થશે નહીં ! નિશ્ચિત સમયે જલ્લાદ આવ્યો અને ફાંસીના રૂમમાં લઈ ગયો. સાથે અન્ય હાકિમોના ઉપરાંત જજ પણ હતો. ગળામાં ફંડો નાખી દેવામાં આવ્યો અને જ્યારે બટન દબાવ્યો તો વીજળી ફેલ થઈ ચૂકી હતી. જજે કહ્યું કે સમય પૂરો થઈ ગયો, હું કેસ ફરીથી ચલાવીશ. તે આરોપી મૌતના તખ્તેથી ઉતરીને કઠેરામાં આવ્યો અને પોતાની બેકુસૂરી પ્રદર્શિત કરતો રહ્યો. જજની તસવ્વુરની આંખોએ એ જ આક઼ાએ કરમને જોયા જેણે ફર્માવ્યું હતું કે, "જાવ! ફાંસી નહીં થાય !" અને મુક્તિનો પરવાનો આપી દીધો.

### ★ એક જ સમયે વિવિધ સ્થળે હાજર ! ★

તાજદારે અહલે સુન્નત હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ નાઈબે ગ઼ૌષે આ'ઝમ છે એટલા માટે કુદરતે આ કુદરતનુમા ગ઼ૌષના આપને એ સિફત (ખૂબી)નો મઝહર બનાવી આપ્યા કે આપ એક જ સમયે કેટલીયે જગાએ હાજર હોય. જેમ કે શારેહે બુખારી હઝરત મુફતી શરીફુલ હક્ક઼ અમજદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"એક વરસે બરેલી શરીફના એક હાજી સાહબ હજજથી પરત આવ્યા તો લોકોને પૂછયું કે હઝરત મુફતીએ આ'ઝમ ક્યારે હજજ માટે ગયા હતા અને પરત થયા કે નહીં ? લોકોએ એમને જણાવ્યું કે હુઝૂર મુફતીએ આ'ઝમ આ વરસે હજજ માટે ગયા ન હતા, તેમણે ઈદગાહમાં ઈદુદુહાની નમાઝ પઢાવી છે અને અમે ખૂદ પઢી છે. સૌ હાજરજનોએ એકમતિએ એ જ દર્શાવ્યું. તેમણે આશ્ચર્યથી કહ્યું, તમે લોકો કેવી વાતો કરી રહ્યા છો, મેં એમને તવાફ કરતાં જોયા છે.

મસ્જિદે હરામમાં, મિનામાં અરફાતમાં તેમનાથી મુલાકાત કરી છે. મદીના મુનવ્વરા મસ્જિદે નબવીમાં નમાઝ પઢતાં જોયા છે. મવાજએ અક્દસમાં સલામ અર્ઝ કરતા જોયા છે ! આ સાંભળીને સૌ હાજરજનો આશ્ચર્યમાં ડૂબી ગયા. પરંતું સૌએ પછી એવું જ કહ્યું કે તમને કાંઈ ધોકો થયો હશે, હઝરત તો આ વરસે ઘરે જ રહ્યા છે, હજ્જના માટે નથી ગયા. પરંતુ તેમણે ફરી કહ્યું કે ધોકો કેવો ?! હું કસમ ખાઈને કહી શકુ છું કે મેં એમનાથી ત્યાં મુલાકાત કરી છે ! તેમની દસ્તબોસી કરી છે, વાતચીત કરી અને વિના શંકાએ મસ્જિદે નબવી અને મવાજએ અક્દસમાં જોયા છે. એની ચર્ચા આમ થઈ. સૌએ એ હાજી સાહબને એ જ જણાવ્યું કે તમે જે કહો છો એ સાચુ છે પણ હઝરત આ વરસે હજ્જમાં ગયા ન હતા. હાજી સાહબે ખૂદ આ બનાવ મને વર્ણવ્યો, અન્ય પણ ઘણા લોકોને વર્ણવ્યો. એ હાજી સાહબ જયારે હઝરતની ખિદમતમાં હાજર થયા તો હઝરતે તેમને ખૂબ જ પ્યારથી જોયા, જાંનવાઝ અંદાઝમાં મુસ્કુરાયા અને આદત પ્રમાણે તેમના કદમ તથા આંખોને બોસા આપ્યા. હાજી સાહબ આશ્ચર્યમાં ડૂબીને એકીટશે હઝરતને જોતા રહ્યા. થોડીવાર પછી હઝરતે તેમને સંબોધન કર્યું અને હરમૈન તૈયેબેનના હાલાત પૂછતા રહ્યા. અને એકવાર ખૂબ જ મહોબ્બતભર્યા લહેજામાં ફર્માવ્યું, હાજી સાહબ ! દરેક વાત વર્ણન કરવાની નથી હોતી એનો ખયાલ રાખજો ! એનાથી પ્રભાવિત થઈને એ હાજી સાહબ હઝરતના મુરીદ થયા.'' *(અન્વારે મુફતીએ આ'ઝમ, પેજ : ૨૭૧)*

### ★ દિલના ખયાલોથી માહિતગાર ! ★

હઝરત મૌલાના કારી ગુલામ મુહયુદ્દીનખાં સાહબ ખતીબે હલ્દવાની હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہના કશ્ફો કરામતનો ઈઝહાર કરતાં પોતાનો એક બનાવ વર્ણવે છે. એકવાર (હું) હલ્દવાનીથી બરેલી શરીફ હાજર થયો અને દિલમાં વિચાર્યુ કે ખાનદાને શૈરિયહનો હું એક વ્યક્તિ છું. દાદા હુઝૂર શાહજી મુહમ્મદ શેરખાં સાહબ કુત્બે પીલીભીત رحمۃ اللہ علیہના શેરિયહ મુજદ્દિદિયા નક્શબંદિયા સિલસિલાની ખિલાફતો મને હાંસલ થયેલી છે. ઈમામ અહમદ રઝાની બારગાહથી મેં ઈલ્મે દીને મતીન હાંસલ કર્યો, કાશ ! અહીંની ખિલાફતો પણ મને હાંસલ થાય ! હુઝૂર મુફતીએ આ'ઝમની ખિદમતે બાબરકતમાં હાજર થયો તો હઝરતે એકદમ ફર્માવ્યું, કારી સાહબ ! તમો શું વિચારી રહ્યા છો ?! તમને સર્વ કાંઈ મળેલું છે ! ફકીર પણ તમને સિલસિલએ આલિયા કાદરિયા બરકાતિયા રઝવિય્યહ્ નૂરિયહ્ની ઈજાઝત તથા ખિલાફત પેશ કરે છે. હઝરતના આ કશ્ફથી મારી આંખોમાં આંસૂં આવી ગયાં પછી લેખિત ખિલાફતનામુ પણ હઝરત મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہએ મને અતા કર્યુ.

### ★ ગરદન ઝુકાવી અને ગાયબનો હાલ બતાવી આપ્યો ★

લગભગ હિ.સ. ૧૩૭૪–૭૫ના ઉર્સે રઝવીના મૌકા પર એક સાહબ બહળીથી મુફતીએ આ'ઝમની ખિદમતમાં હાજર થયા. આપે તેમને ઈર્શાદ ફર્માવ્યો કે ફલાણા સાહબ નથી આવ્યા ? તે સાહબે જવાબ આપ્યો કે હુઝૂર ! આ વરસે તે કોઈ ઉલઝનમાં સપડાયેલા છે જેથી હાજર ન થઈ શકવા બદલ મઅઝેરત અર્ઝ કરી છે. હુઝૂર મુફતીએ આ'ઝમે મૌન ધારણ કરી લીધું. થોડી મિનિટો બાદ ફર્માવ્યું, એ સાહબ બરેલીના બસ ડેપો પર આવી ગયા છે ! અને થોડીવારમાં લોકોએ જોયું કે ખરેખર તે હાજર થયા અને દસ્તબોસી કરી.

### ★ વિસાલ પછી હાથોની હરકત ! ★

અબૂ ફરાઝ સાહબ પોતાની કિતાબ ''સફરે આખેરત'' (એટલે હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہના વિસાલથી દફન થતાં સુધીનો આંખે દેખ્યો હાલ)માં લખે છે કે, મને અફરોઝ સાહબે બતાવ્યું કે જ્યારે હઝરતને ગુસ્લ આપવામાં આવી રહ્યું હતું તો ભૂલથી પર્દાની ચાદર શરીર મુબારક પરથી થોડીક હટી રહી હતી. હઝરતના હાથોમાં હલન ચલન થયું અને આંગળીઓ વડે ચાદર પકડી લીધી જેથી શરીર મુબારકનું સતર ન જાહેર થાય. એને જોનારની ઘણી સંખ્યા હજી પણ મૌજૂદ છે. *(જહાને મુફતીએ આ'ઝમ, પેજ : ૪૨૬)*

# તલાક઼ની અધિક્તાના સબબો તથા તેનો ઈલાજ


અઝ : **હઝરત અલ્લામા મુહમ્મદ અબ્દુલમુબીન નોઅમાની ક઼ાદરી-મુબારકપુર**

અનુવાદક : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*


આજના સમાજમાં તલાક઼ અને છૂટાછેડા એક એવો ચિંતાનો વિષય છે જેનાથી પ્રત્યેક વ્યક્તિ ચિંતિત અને પ્રભાવિત છે. કહે છે કે આજનો દૌર ઈલ્મ અને સાયન્સનો દૌર છે. ઈલ્મ ફેલાય રહ્યો છે અને જહાલત દૂર થઈ રહી છે. દુનિયવી રીતે આ વાતમાં સચ્ચાઈ હોય તો ભલે પણ ધાર્મિક રીતે સ્થિતિ એનાથી વિપિરિત જોવા મળે છે કે માલો દૌલત અને દુનિયવી શિક્ષણ તથા જ્ઞાનમાં જેટલી પ્રગતિ થઈ રહી છે એટલી જ બલ્કે એથી વધુ પ્રમાણમાં દીન તથા ઈલ્મે દીનથી દૂરી પણ વધતી જઈ રહી છે. જેના પરિણામે આજનો મુસલમાન દીન તથા મઝહબથી દૂર, શરીઅતના હુકમોથી અજ્ઞાન અને ખૌફે ખુદા તથા આખેરતની ફિક્રથી બેપરવા થઈ રહ્યો છે. ક઼યામતનો હિસાબ કિતાબ, જહન્નમ અને તેનો અઝાબ તો જાણે કાંઈ જ નથી ! બસ દુનિયા....! દુનિયા....! અને દુનિયા ! દુનિયવી ખુશી અને આરામ મેળવવાની સતત ચિંતા, દુનિયવી નુકસાનોથી બચવાની હમેશાં ફિક્ર, દીન અને આખેરતમાં થતા નુકસાનો અને તેનાથી બચવાનો સહેજ ખયાલ નથી ! શરીઅત અને મઝહબ તો નામ માત્ર રહી ગયાં છે. દીની કામો અને દીનની સમજ મેળવવા માટે આજે આપણી પાસે સમય નથી. શરીઅતના હુકમોનું કોઈ મહત્વ કે દીન તથા શરીઅત પ્રતિ લાગણી આપણામાં જોવા મળતી નથી. સહીહુલ અક઼ીદા ઉલ્માએ દીન અને નેક લોકોની સોહબત તથા સંગતથી કોઈ મતલબ નથી, ખાનક઼ાહોમાં શરીઅત મુજબની સાચી તર્બિયત ન હોવા બરાબર છે. વળી જ્યાં છે ત્યાં મુસલમાનોનું ધ્યાન નથી. સમાચાર પત્રો અને છાપાં વાંચવાની ફુરસદ બલ્કે તાલાવેલી ! ટી.વી. જોવા માટે પુષ્કળ સમય અને આતૂરતા, આમ તેમ ફોગટમાં કલાકો વિટાવી દેવાનું કામ તો તદ્દન સહેલુ, અને જો એનાથી પણ જીવ ન ભરાય તો સમયે સમયે પાર્કો અને સીને સેન્ટરોથી પણ દિલ બહેલાવવામાં આપણે પાછા નથી ખસતા. જે સમાજની સ્થિતિ આવી દુર્દશાવાળી હોય તો ભલા એનો દહાડો ક્યાંથી વળી શકે છે ?! કઈ રીતે એ સમાજ પારિવારિક અને પારસ્પરિક ખુશીઓથી પૂર્ણ શાંતિમય જીવન જીવી શકે છે ?!

જે સમાજની પરિસ્થિતિ આટલી હદે નાઝુક અને ચિંતનીય હોય એનાં પરિણામો જાહેર છે કે એટલી જ હદે ભયાનક હોવાં નિશ્ચિત છે. એક બીજાનો હક્ક઼ મારવો એ સામાન્ય બાબત છે, ઘર ઘરમાં સવાર સાંજ, રાત દિવસ સમાપ્ત ન થનારા લડાઈ ઝઘડાઓનું પ્રદૂષિત વાતાવરણ, ઘરથી લઈ બહાર સુધી ચારેવ બાજુ આવારગી, નગ્નતા અને બેહયાઈ, વડીલો અને નેક આધેડોનું અપમાન વગેરે અગણિત બુરાઈઓ આપણા આવા નબળા સમાજની કોખથી જ જન્મે છે. દીન અને મઝહબથી દૂર ખુલૂસ અને ખૌફે ખુદાથી વંચિત સમાજમાં પતિ પત્નીનો પવિત્ર સંબંધ જેનો આધાર કેવળ સાચી મહોબ્બત અને પરસ્પર ભરોસા પર જ હોય છે તે પણ દિન પ્રતિ દિન અત્યંત વિચિલિત બનતો જઈ રહ્યો છે. જ્યારે કે શાદી વિવાહના કુરિવાજો અને ફુઝૂલ ખર્ચીઓમાં જાણે હરિફાઈ હોય એમ અતિશય વધારો જોવા મળે છે. કાશ ! કે થોડુ ધ્યાન દીન અને આખેરત તરફ પણ કરવામાં આવતુ અને પોતાના જિગરના ટુકડા તથા

આંખના તારા સમાન દીકરા દીકરીઓને દીનની સમજ આપવામાં આવતી, શરીઅતના હુકમો અને ઈસ્લામના ફર્ઝોનું જ્ઞાન આપવામાં આવતુ, દીની માહોલમાં તેમની કેળવણી કરવામાં આવતી, ઈસ્લામ શું છે અને તેના અનુસરણમાં દુનિયા વ આખેરતમાં શા ફાયદા છે ? તેમને બતાવવામાં આવતુ.

આજની યુવાન પેઢી દુનિયવી રંગરેલીઓમાં તો ખૂબ આગળ વધી ચઢીને ભાગ લે છે, અંગ્રેજી તા'લીમમાં જ નહીં અંગ્રેજી રહેણી કરણી પણ અત્યંત ઉલ્લાસભેર સ્પર્ધામય રીતે અપનાવવામાં આવી રહી છે અને એમાં કોઈપણ જાતનો ખચકાટ નડતો નથી. પરંતુ દીન અને શરીઅતથી તદ્દન કોળી છે. શાદીઓ તો ઘણી ધૂમધામથી કરવામાં આવે છે પરંતુ જીવન ગુજારવાની સાચી રીત અને તરીક઼ો શું છે ? મિયાં બીવીના હક્ક઼ો શું છે ? આ બધી વાતોથી આપણી નવી નસ્લને કોઈ લેવા દેવા હોતી નથી. ન મા બાપ અને વડીલો તરફથી એવી કેળવણી અને તર્બિયતનું ધ્યાન આપવામાં આવે છે કે તેમની ઔલાદ દીનના જરૂરી મસાઈલ અને અગત્યની વાતોની સમજ મેળ વી તેમની આંખોની ઠંડક બને. નિકાહ તો કોઈપણ પઢાવી દે છે કે બલ્કે અફસોસ ! તો એ કે નિકાહ પઢાવવામાં પણ જાતી ફાયદા માટે શરીઅતના હુકમોનો ખ્યાલ કરવામાં આવતો નથી અને જ્યાં શરીઅત વિરુદ્ધના નિકાહ પઢાવવાથી મનાઈ કરવામાં આવે છે તો કેટલાક ધંધાદારી લોકો હસતા મુખે નાજાઈઝ નિકાહ પઢાવવાની ફર્ઝ પણ બજાવી આપે છે ! છેવટે જ્યારે સંબંધોમાં ખટાશ આવે છે અને તલાક઼ સુધી વાત પહોંચી જાય છે (જાહેર છે કે શરીઅત વિરુદ્ધના કોઈપણ કાર્યમાં દીની અને દુનિયવી રીતે નુકસાન જ હોય છે તો આવી શાદીઓનો આવો ઘાટ થવો ચોક્કસ છે) અને જ્યારે સ્થિતિ આવી નાઝુક બની જાય છે ત્યારે ઈલ્મે દીનથી અભણ અને અજાણ "પતિ મહાશય" પરિણામની ચિંતા કર્યા વિના અંધાધુંધ એકી સાથે ત્રણ તલાક઼ો દઈ બેસે છે પછી જ્યારે નશો ઉતરે છે અને હોશ આવે છે ત્યાર ઉલ્મા તથા મુફ્તિયાને કિરામને પરેશાન કરવામાં આવે છે કે મુફતી સાહબ ! મહેરબાની કરી કોઈ રસ્તો કાઢો ! આ તો ગુસ્સામાં આવુ થઈ ગયું !.....વગેરે. હવે મુફતી સાહબ શું કરવાના ? બસ એ જ કે સ્થિતિને અનુકૂળ શરીઅતનો જે હુકમ લાગુ પડતો હશે તે જણાવી દેશે. પરંતુ આજે શરીઅતના આદેશોને અનુસરવા તૈયાર છે કોણ ?!

કાશ ! કે આપણી નવયુવાન પેઢીમાં દીન અને શરીઅતની સમજ હોતી. કાશ ! કે આપણા બુઝુર્ગો અને વડીલો ખુદાના ખૌફ અને આખેરતની ફિકર કરતા તો આજે આવી સ્થિતિ ન હોતી. કાશ ! કે એવા સંજોગો જ ઊભા ન થાત જેથી તલાક઼ લેવા કે દેવાની નૌબત આવતી. અને મજબૂરીમાં પણ જો આગળ પાછળનો વિચાર કરી એક જ તલાક઼ આપવામાં આવતી તો આજે સેંકડો ઘર વેરાન ન થતા, હજાર બાળકો મા બાપ હોવા છતાં યતીમીનું જીવન ન જીવતાં.

પરંતુ બુરું થાય જહાલત અને દીનથી દૂરીનું કે આપણને તલાક઼ વિશે ઈસ્લામનો શું હુકમ છે તેની જાણ નથી, ન જાણવાનો પ્રયાસ કરીએ છીએ. **દુનિયાનું કોઈપણ કાર્ય કરતા પહેલાં આપણે હજારવાર વિચાર કરીએ છીએ, તેનાથી થતા નફા નુકસાનનો હિસાબ લગાડીએ છીએ, લોકોથી મશવરા કરીએ છીએ. શાદી પહેલાં પણ સારા રિશ્તાની તલાશમાં ઘણી જ છાનબિન અને સાવચેતી કરવામાં આવે છે પરંતુ અફસોસ કે તલાક઼ આપતી વેળા, એક અતૂટ મહોબ્બતના સંબંધને તોડતી વેળા સમયે સહેજ પણ વિચાર કરવામાં નથી આવતો ! વરસોની મહોબ્બત ક્ષણમાં નફરત બની જાય છે.** એક ઔરત પર તો જુલ્મ થાય જ છે સાથે સાથે તલાક઼ આપનાર પોતાનું જીવન પણ બર્બાદ કરી દે છે. બાળકોની જે સ્થિતિ થાય છે એ સૌના સમક્ષ છે. સમાજમાં જે

બેઈજ્જતી થાય છે એ અલગ બલ્કે પોતાના ઘર પરિવારમાં પણ સારી નજરે જોવામાં નથી આવતો.

ઈસ્લામે જરૂરતના સમયે તલાક઼ની ઈજાઝત આપી છે અને તે પણ એક ક઼ાયદા ક઼ાનૂનના મુજબ આપી છે, જો એના પર અમલ કરવામાં આવે તો તલાક઼થી પેદા થતી બધી બુરાઈઓનો ખાત્મો થઈ શકે છે.

મર્દમાં ઈન્સાનિયત અને હમદર્દીનો થોડો પણ જઝબો હશે તો એ વિચારશે કે જે ઔરત મારી જીવનસાથી છે, જેણે પોતાના મા બાપ, ભાઈ બહેન, ઘર ગામ સર્વ છોડી માત્ર પતિના જ ભરોસે જ તેની બની ગઈ છે જેથી તેણી હમદર્દી અને લાગણીની હક્ક઼દાર છે. તલાક઼ આપવી જ પડે એવી સ્થિતિ છે તો પછી કેમ એવું કરવામાં ન આવે કે તલાક઼ પણ થઈ જાય અને સંજોગો આવા ગંભીર પણ ન બને, બંનેવ અથવા કોઈ એકને પસ્તાવો થતાં ફરી સંબંધ સ્થાપિત થઈ શકે. ઔરત પોતાની જવાન ઔલાદને છોડી પિયર જવા પર મજબૂર હોય છે અને જો બાળક નાસમજ હોય તો બાળકોનું જીવન અધિક વેરાન બની જાય છે. કારણ કે બાપ કદી પણ બાળકોને મા જેવો પ્યાર નથી આપી શકતો અને બીજી મા પણ વાસ્તવિક માની જેમ બાળકોને સાચી મહોબ્બત નથી આપતી. (ઈલ્લા માશા અલ્લાહ !)

જરૂરતના સમયે ઈસ્લામે તલાક઼ની જે ઈજાઝત આપી છે તેની અમુક શર્તો છે કે તલાક઼ પાકીની હાલતમાં (જ્યારે સ્ત્રી પાક હોય માસિક ન આવતુ હોય) આપવામાં આવે, અને માત્ર એક જ તલાક઼ હોય, તલાક઼ે રજઈ યા તલાક઼ બાઈન, પરંતુ નાસમજ લોકો ગુસ્સામાં એક સાથે ત્રણ તલાક઼ો આપી સમજે છે કે આમાં કોઈ વાંધો નથી. ભલે ત્રણ તલાક઼ો થઈ જશે પરંતુ આમ કરવું શરીઅત વિરુદ્ધ અને ગુનાહનું કામ છે. આની સૌથી મોટી ખરાબી તો એ જ છે કે વધુ પડતા તલાક઼ આપનારા તલાક઼ આપતાં તો આપી દે છે પરંતુ થોડીવારમાં તેમને પોતાની ભૂલ સમજમાં આવે છે અને ફરી પોતાની એ જ શરીકે હયાતને રાખવાનુ ઈચ્છે છે જેના કારણે "હલાલા" જેવી ધૃણાસ્પદ સ્થિતિ સામે આવે છે. એક તલાક઼ે રજઈ આપવામાં આવતી તો પત્નીને ફરી બીજીવાર રાખવાનો હક્ક઼ રહેતો. રાખવાની ઈચ્છા ન હોવાની સ્થિતિમાં પણ ઈદ્દત પૂરી કર્યા પછી ઔરત બીજા સાથે નિકાહ કરી શકતી. અને તલાક઼ે બાઈન આપવામાં આવે તો એનો હુકમ એ છે કે ઈદ્દતમાં કે ઈદ્દત પછી એ જ પતિ સાથે ફરી નિકાહ જાઈઝ છે જેમાં બંનેવની રઝામંદી જરૂરી છે. હા ! રજઈ તલાક઼માં ઈદ્દતની અંદર પત્નીની રઝામંદી વિના પણ રજઅત (તલાક઼ પરત લેવી) જાઈઝ છે. જો ઈદ્દત પૂરી થઈ ગઈ અને રજઅત ન કરી તો બાઈન તલાક઼ની જેમ કેવળ નિકાહ જ કરવો પડશે, હલાલાની જરૂરત નહીં પડે. આમાં પણ બંનેવની રઝામંદી જરૂરી છે.

તલાક઼ વિશે એક ગલતફહમી ઘણી જ પ્રચલિત છે અને ઘણા લોકો એમ સમજે છે કે એક તલાક઼થી કાંઈ નથી થતુ ત્રણ તલાક઼ આપવી જરૂરી છે ત્યાં સુધી કે ખુલઅમાં પણ ત્રણ તલાક઼ોની માંગણી કરવામાં આવે છે જે બિલ્કુલ જાઈઝ નથી, ખુલઅમાં એક જ બાઈન તલાક઼ થાય છે અને રજઅતની ઈજાઝત નથી હોતી. હા ! બંનેવ રાજી હોય તો ફરી નિકાહ થઈ શકે છે. એમ વિચારવામાં આવે છે કે એક બાઈન તલાક઼ પછી પતિ રુજૂઅ કરી લેશે અને અલગ થવાનો હેતુ પૂરો નહીં થાય. આ સરાસર ગલત અને જહાલત છે, કારણ કે બાઈન તલાક઼ પછી પતિને રજઅતનો હક્ક઼ રહેતો જ નથી. હવે ઈદ્દત પૂરી થઈ જાય તો ઔરત બીજા સાથે નિકાહ કરી શકે છે. હા, એ જ પતિ સાથે નિકાહ કરવા પર (બંનેવની) સહમતિ હોય તો એમાં ઈદ્દતની ક઼ૈદ નથી. ઈદ્દત પહેલાં પણ નિકાહ થઈ શકે છે અને ઈદ્દત પછી પણ થઈ શકે છે, પતિને બળજબરી કરવાનો કોઈ અધિકાર નથી. નિકાહ જ્યારે પણ થશે બંનેવની રઝામંદીથી જ થશે.

ખુલઅમાં પંચાયત બોલાવવામાં આવે છે અથવા

વડીલોને ભેગા કરવામાં આવે છે પણ એ જ દીનથી દૂરી અને નાસમજી આડે આવે છે. પંચ અને વડીલો પણ ભારપૂર્વક ત્રણ તલાક઼ો અપાવે છે અને પતિને ત્રણ તલાક઼ આપવા મજબૂર કરવામાં આવે છે એ બેદિલ વડીલો જાણતા નથી હોતા કે આ રીતે ઔરત મર્દની સાથે પંચના સર્વ સભ્યો અને વડીલો પણ ગુનહગાર થાય છે, આખેરતના નુકસાન સાથે દુનિયામાં પણ આ ભૂલ અને નાસમજીના અસંખ્ય તથા અસહ્ય નુકસાનો આખા સમાજે વેઠવાં પડે છે. આપણે વિચારવું જોઈએ કે જ્યારે એક તલાક઼થી પણ પતિ પત્ની જુદાં થઈ શકે છે અને પાછળથી ભેગા થવાની સંભાવનાઓ રહે છે તો પછી ત્રણ તલાક઼નો ગુનોહ અને નુકસાન આપણે શા માટે કરીએ છીએ અથવા થવા દઈએ છીએ? આ વાતની સમજ લોકોને આવવી ઘણી જ જરૂરી છે. **જલ્સા જુલૂસ, વિવિધ પ્રોગ્રામો અને જુમ્આ વગેરેમાં થતાં બયાનોમાં આવા અગત્યના વિષયે સારી રીતે લોકોને સમજાવવા જોઈએ જેથી તલાક઼ જેવી લા'નતનો ખાત્મો થઈ શકે.** ગુસ્સામાં તલાક઼ આપતી વેળા કોઈ વિચાર સુદ્ધાં નથી કરતું ન શરીઅતના હુકમો જાણવા અને જાણ્યા પછી સ્વીકારવા તૈયાર થાય છે, જેથી આવી સ્થિતિ ઊભી થાય છે. પરંતુ પંચ અને વડીલોની સભા જેમાં અગ્રણીઓ અને આગેવાનો જ હોય છે અને બહુ સોચ વિચાર કરી ફૈસલો કરવામાં આવે છે ત્યાં ત્રણ તલાક઼નો ભાર પંચ અને વડીલો તરફથી આપવામાં આવે છે અને ત્રણ તલાક આપવા મજબૂર કરવામાં આવે છે. આ એક ઘણી જ નિંદનિય અને ચિંતાત્મક બાબત છે. **ઉલ્માએ કિરામ અને અઈમ્માએ એઝ઼ામ જો આ વિષય પર સહીહ મસાઈલ સાદા અને સરળ અંદાજમાં વારંવાર લોકો સમક્ષ રજૂ કરે તો જરૂર લોકો આ મસ્અલાની ગંભીરતાને સમજી તેનાથી બચવાની કોશિશ કરશે.** (ઈન્શાઅલ્લાહ !)

ઈસ્લામ એક પાકીઝા મઝહબ છે જેનો દરેક ક઼ાયદો મનુષ્યના જ ફાયદા માટે છે, તેના દરેક ક઼ાનૂનમાં ઈન્સાનિયતની ભલાઈ જ ભલાઈ છે. બસ જરૂરત છે ઈસ્લામને સમજવાની, સમજાવવાની, ઈસ્લામી શરીઅતને અનુસરવાની અને જીવનના દરેક મોડ પર ઈસ્લામને આદર્શ બનાવવાની.

અફસોસ એ વાતનો છે કે મનુષ્ય પોતે ભૂલો કરી મુશ્કેલીઓ ઊભી કરે છે, એ બાબતે ઈસ્લામી ક઼ાનૂન જાણવાની કોશિશ નથી કરતો અને જાણ કરવા પર ઈસ્લામી શરીઅતના હુકમોને સ્વીકારવા તૈયાર નથી થતો ! પછી ઈસ્લામ અને ઈસ્લામી તા'લીમાતને જે દોષ આપવામાં આવે છે. ત્યારે જ તો ગૈર મુસ્લિમો પણ મુસ્લિમ સમાજમાં તલાક઼ના અધિક પ્રમાણ અને એનાથી થતા નુકસાનો જોઈ ડાયરેક્ટ ઈસ્લામ પર પ્રહારો કરતા જણાય છે. એમાં એમનો શું વાંક ?! જ્યારે કે પોતે મુસલમાન કહેવાતા ઈસ્લામના દાવેદારો જ નથી જાણતા કે ઈસ્લામી શરીઅતમાં તલાક઼ અને એના જેવી બીજી બાબતોનો શો હુકમ છે ? એ વિશે ઈસ્લામનો ક઼ાનૂન શું છે ?!

તલાક઼ વિશે જરૂરી મસાઈલ જાણવા માટે નિમ્ન કિતાબોનો અભ્યાસ કરશો : (૧) **બહારે શરીઅત,** ભાગ : ૭ (૨) **ક઼ાનૂને શરીઅત** (ઉર્દૂ, ગુજરાતી, હિંદી) (૩) **તીન તલાક઼** : મુફ્તી મુહમ્મદ નિઝ઼ામુદ્દીન રઝ઼વી મિસ્બાહી مدظلہ العالی (૪) **તીન તલાક઼ કી શરઈ હૈષિયત** : હઝ઼રત મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી مدظلہ العالی (૫) **તલાક઼ ક્યું ?!** : મૌલાના અબ્દુલ હ઼ન્નાન રઝ઼વી મિસ્બાહી مدظلہ العالی (૬) **તલાક઼ ઔર હમારા મુઆશ્રા** : મૌલાના સાબિર રઝ઼ા રહબર મિસ્બાહી (૭) **તલાક઼ ઔર હમારા મુઆશ્રા** : મૌલાના અખ્તર હુસૈન ફૈઝ઼ી મિસ્બાહી (૮) વિશેષ રીતે ગુજરાતી ભાષામાં સંક્ષિપ્ત અને સરળ રીતે તલાક઼ વિશે જરૂરી મસાઈલ રજૂ કરતી કિતાબ **"તલાક઼ વિશે સમજૂતી તથા અન્ય મસાઈલ"** : પટેલ શબ્બીર અલી રઝ઼વી *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*નો અવશ્ય અભ્યાસ કરશો.

અલ્લાહ તબારક વ તઆલા સૌને દીનની સાચી સમજ મેળવી શરીઅત મુજબ જીવન જીવવાની તૌફીક઼ આપે. (આમીન)

# પૂર્વગ્રહ (PREJUDICE)

## એક ખતરનાક બીમારી

:: રજૂકર્તા ::
**હાફેઝ અબ્દુર્રહમાન દાઊદ પટેલ-પારખેત**
(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)

એક સારા ઈસ્લામી સમાજની સૌથી સારી વાત એ છે કે તે પૂર્વગ્રહથી પાક હોય, પૂર્વગ્રહ એક એવી બીમારી છે (કે જેમાં તે સામેવાળા માટે સમજ્યા વિના અદાવતમાં ખોટો અભિપ્રાય રાખે છે) જે સીધા સાદા તથા સારા વિચારોવાળા માણસને દિમાગી અસંતુલનનો ભોગ બનાવી દે છે કે **તે હક્ક઼ વાત પણ માનવા માટે તૈયાર નથી થતો** અથવા એમ સમજો કે તેના અંદર બાતિની રીતે એવી ભાગતૂટ થઈ ગઈ હોય છે કે જેનાથી તેનું દિલ તથા દિમાગ પોતાની **ઈન્સાફ તથા હક્ક઼ માનવાની ખૂબીને ગુમાવી દે** છે.

ઈસ્લામે કુર્આને મજીદ અને સુન્નતે રસૂલ ﷺના ઝરીએ ઈન્સાનોને આ બીમારીથી બચવાનો હુકમ આપ્યો છે. કેમ કે આ બીમારી રૂહાની તથા સંસ્કારી કેટલીય બીમારીઓની જડ છે. જેથી એના થકી લોકોમાં કેટલાય ખતરનાક રૂહાની રોગો પેદા થઈ જાય છે જે પાકીઝા નફ્સને સખત નુકસાન પહોંચાડે છે. જેમ કે હસદ, કીનો, કોઈની સામે વગર કારણે તુચ્છ નજરે જોવું, ગીબત, આક્ષેપબાજી, સખત સ્વભાવ, હક્ક઼ મારવો, પોતાની વાત પર જૂઠુ બોલવાની સાથે જૂઠની મિલાવટ અને જાસૂસી.......વગેરે. આ બધા તે ગુનાહે કબીરા છે જે દરેક સમય અને દરેક ઉમ્મતના માટે મના કરવામાં આવ્યા છે. આ ઉમ્મતે મુસ્લિમા માટે પણ કુર્આન તથા હદીષ અને સહાબા તથા બુઝુર્ગાને દીનના કથનોની રોશનીમાં આ ખતરનાક બીમારીથી બચવાની સખત તાકિદ કરવામાં આવી છે. એક મો'મિનના માટે આ બહુ જ ખતરનાક સંસ્કારિક બીમારીઓ છે અને તેના અંદર સેંકડો સગીરા ગુનાહો છુપાયેલા છે. અને આ બધા જ રોગો જેનું વર્ણન થયું એક ગુનાહે અઝીમ એટલે (પૂર્વગ્રહ)ની આસપાસ ફરે છે. અને તેના જ કારણે આ તમામ સંસ્કારિક બીમારીઓ જન્મ લે છે. પૂર્વગ્રહમાં સૌ પ્રથમ કીનો, હસદ અને અવિશ્વાસ પેદા થાય છે. હદીષ શરીફમાં તેનાથી રોકવામાં આવ્યા છે.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે : "રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે એકબીજાથી હસદ ન કરો અને એકબીજાથી બેપરવાઈ જાહેર ન કરો, બલ્કે અલ્લાહ તબારક વ તઆલાના મુખ્લિસ બંદા બની આપસમાં ભાઈ ભાઈ બનીને રહો. **કોઈ મુસલમાનના માટે હરગિઝ જાઈઝ નથી કે પોતાના મુસલમાન ભાઈથી ત્રણ દિવસથી વધુ મિલાપ (બોલચાલ) ખતમ કરી નાખે.** *(બુખારી શરીફ તથા મુસ્લિમ શરીફ)*

અને બુરુ બોલવું જે પૂર્વગ્રહના કારણે ખૂબ જ પ્રમાણમાં પેદા થઈ જાય છે તેના વિશે ઈર્શાદે રસૂલ ﷺ છે : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત છે, નબીએ કરીમ ﷺ બદ્‌કલામી (કટુવાણી)થી કોસો દૂર હતા. આપ ﷺ બદ્‌કલામી ક્યારેય નથી ફર્માવી. આપ ફર્માવ્યા કરતા હતા, અમારામાં શ્રેષ્ઠ લોકો તે છે જે સંસ્કારમાં સૌથી વધુ શ્રેષ્ઠ છે. *(બુખારી શરીફ તથા મુસ્લિમ શરીફ)*

શૈતાન જ્યારે કોઈ કૌમથી મોટા જુલ્મો તથા ગુનાહો કરાવવા ઈચ્છે છે તો તેમના અંદર અન્ય લોકોના માટે પૂર્વગ્રહ (ખોટી ગ્રંથિ) તથા હસદનો જઝબો ભડકાવી દે છે. તેની આ જ ચળવળ હજારો બુરાઈઓનું મૂળ સાબિત થાય છે. અને પૂર્વગ્રહમાં માણસ એટલી હદ સુધી આગળ વધી જાય છે જ્યાં મોટામાં મોટા ગુનાહ તેને ગુનાહ નથી દેખાતો. જાહેરમાં સબબો કાંઈ પણ હોય શકે છે પણ અસલ સબબ પૂર્વગ્રહથી પીડાવું જ હોય છે. તેની અંદર

નીચેની બુરાઈઓ સમાયેલી છે, જેમ કે કુર્આને કરીમમાં હાબિલ તથા ક઼ાબિલના પ્રસંગનું વર્ણન છે. ક઼ાબિલે હાબિલને ક઼ત્લ કર્યો. આ ઈન્સાની વંશનું પહેલુ ખૂન હતું જે હસદ, કીનો, હક્ક઼ મારવું અને પૂર્વગ્રહની બુનિયાદ પર થયું. *(અલ્ માઈદા, ૨૬ થી ૩૦)*

તેમાં જાહેરી સબબ અક઼લીમાની સુંદરતા હતી જે ક઼ાબિલની સગી બહેન હતી. એટલે ક઼ાબીલ અને અક઼લીમા એક (ગર્ભથી પેદા થયાં હતાં અને હાબિલ તથા લીવદા એક હમલથી) (લીવદા ઓછી સુંદર હતી). હઝરત આદમ عليه السلامને હુકમ હતો કે એક ગર્ભનાં (જોડીયાં) બે બાળકોનો નિકાહ આપસમાં નથી થઈ શકતો. એટલા માટે અક઼લીમા હાબીલ સાથે જોડાઈ આ વાત ક઼ાબીલને સારી ન લાગી અને તેને હાબીલ પ્રતિ હસદ તથા પૂર્વગ્રહ થયો જેથી તેણે હાબિલને ક઼ત્લ કરી દીધો. આ ક઼ાબીલની પોતાની ખબાષત (ખરાબી) અને સંસ્કારિક બીમારી હતી, તેમાં અકલીમા અને તેની સુંદરતાનો કોઈ વાંક ન હતો, આ ક઼ાબીલનો પૂર્વગ્રહ જ હતો જેણે તેની આંખો પર એવી પટ્ટી બાંધી દીધી હતી જેના કારણે તેને બીજાનો (હાબીલનો) હક્ક઼ ન દેખાયો. **પૂર્વગ્રહની સૌથી મોટી ખરાબી એ છે કે તે માણસના અંદરથી હક્ક઼ ઓળખવા તથા હક્ક઼ ક઼બૂલ કરવાની ક્ષમતાને ખતમ જ કરી નાખે છે.** જેમ કે મિસરની ક઼ૌમ (ક઼િબ્તી) જે ફરાએનાએ મિસ્ર (મિસરના ફિરઓનો)ની ક઼ૌમ હતી. હઝરત મૂસા عليه السلامની ક઼ૌમ બની ઈસ્રાઈલ પર પૂર્વગ્રહની બુનિયાદ પર બેપનાહ જુલ્મ કરતી હતી અને હઝરત મૂસા عليه السلامના ધર્મને હક્ક઼ માનતી હતી.

ખૂદ અલ્લાહ તબારક વ તઆલાના રસૂલ صلى الله عليه وسلمના સમયના **યહૂદીઓ તથા મદીનાના મુનાફિક઼ો અંદરો અંદર આપને સાચા નબી માનતા અને જાણતા હતા પરંતુ પૂર્વગ્રહના કારણે આપ પર નિખાલસતાથી ઈમાન ન લાવ્યા હતા.** કુર્આને તેઓના આવી પૂર્વગ્રહમય વ્યવહાર પરથી આ પ્રમાણે પર્દો ઉઠાવ્યો છે : "જેઓને અમે કિતાબ આપી તેઓ તે આ નબી (મુહમ્મદ صلى الله عليه وسلم)ને ઓળખે છે જેવી રીતે કે પોતાના પુત્રોને ઓળખે છે. જેમણે પોતાની જાન નુકસાનમાં નાખી તો તે ઈમાન ન લાવ્યા." *(અન્આમ-૨૦)*

એવી જ રીતે મક્કાના મુશ્રિકોના કેટલાક સરદારો ઈસ્લામ અને પયંગબરે ઈસ્લામને હક્ક઼ જાણતા હતા, પરંતુ ઈસ્લામ લાવવામાં એટલા માટે મોડુ કરી રહ્યા હતા કે બની હાશિમ અમારાથી દરેક રીતે આગળ વધી રહ્યા છે. એટલા માટે હઝરત અબૂ સુફયાન બિન હર્બ رضي الله عنهએ મક્કાના વિજય સુધી જંગ ચાલુ રાખી.

પૂર્વગ્રહ કારણે હક્ક઼ ક઼બૂલ ન કરવાના પ્રસંગો તારીખે ઈસ્લામ તથા દુનિયાના ઈતિહાસમાં ભરેલા પડયા છે. પ્રથમ ખલીફા હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضي الله عنهના જમાનામાં યમામાની ક઼ૌમના એક વ્યક્તિ મુસૈલમા બિન કઝ્ઝાબે નબુવ્વતનો જૂઠો દાવો કર્યો હતો. અને તેની ક઼ૌમ તેની તરફેણમાં પૂર્વગ્રહના કારણે ઉભી થઈ ગઈ. યમામાના લોકો કહેતા હતા કે "મુઝર" (ક઼બીલાનું નામ)નો નબી સાચો છે પરંતુ મુઝરના સાચા નબી કરતાં અમને પોતાના કબીલાનો જૂઠો નબી વધુ પસંદ છે. (મઆઝલ્લાહ !) *(તારીખે ઈસ્લામ, ભાગ : ૨)*

આ છે પૂર્વગ્રહનો કમાલ ! કે આટલી મોટી સચ્ચાઈ જાણવા છતાં હક્ક઼ વાત ન માનવી એ ખરેખર મેહરૂમી છે અને દરેક વ્યક્તિ, દીન, દુનિયા તથા સમાજ માટે ઘણી જ ખતરનાક વાત છે. આજે મુસલમાનોમાં ફિર્ક઼ાબંદી અને ગૃપબંદી તથા પ્રાંતવાદી પૂર્વગ્રહના મૂળ જામી ગયાં છે. જેણે એકબીજાની સારી વિશિષ્ટતાઓને માનવાથી પણ આપણને રોકી દીધાં છે અને સામાજિક રીતે પણ ભેગા બેસીને સમજાવટથી કોઈ મસ્અલાનો હલ કરવાના બધા દરવાજા બંધ કરી રાખ્યા છે.

આજે જો આપણે દુનિયાની ક઼ૌમો અને ખાસ કરીને યૂરોપ તથા અમેરિકાને જોઈએ છીએ કે તેઓ કઈ રીતે ભેગી થઈ રહી છે. "નાટો યૂરોપી યુનિયન" વગેરે બ્લોક બનાવી રહ્યા છે. યહૂદીઓ તથા નસ્રાનીઓ તથા દુનિયાની બીજી ગૈર મુસ્લિમ ક઼ૌમો કઈ રીતે જમા થઈ વધુ પેજ નં.૧૦..પર

# પ્રો. તાહિરુલ ક઼ાદરી : ચિંતનની એક પળ

કાર્યાલય થકી

અઝ : **અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી તથા મુફ્તી નિઝ઼ામુદ્દીન રઝવી (જામિઆ અશરફિયા, મુબારકપુર), અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી (દારુલ ક઼લમ, દિલ્હી)**

હિંદુસ્તાન (હિંદ તથા પાક. તથા બંગલાદેશ)ના અંદર ઈસ્લામની રોશની સહાબાએ કિરામના યુગમાં પહોંચી અને ઈસ્લામ પ્રતિ દા'વત આપનારા મુબલ્લિગો તથા સૂફીઓ તથા મશાઈખે એઝામની નિઃસ્વાર્થ દા'વત તથા તબ્લીગના થકી હજારો લાખો વ્યક્તિઓ ઈસ્લામથી પાવન થઈ અને રાત દિવસ એ સંખ્યા વધતી ગઈ અને અખંડ ભારતના દરેક ખૂણામાં ઈસ્લામની રોશની ફેલાતી ગઈ. એક લાંબી મુદ્દત પછી હિંદના મુસ્લિમ ઈતિહાસમાં ઈસ્લામની છબી બગાડવાની અને મુસ્લિમોની ઓળખ ખત્મ કરવાની એક ગંભીર ઘટના તથા પ્રસંગ એ વખતે ઉપસ્થિત થયો જ્યારે મોગલ બાદશાહ જલાલુદ્દીન મુહમ્મદ અકબરે પોતાના દરબારમાં દરેક ધર્મના પેશવાઓને એકત્ર કરીને તેમના મઝહબની તા'લીમાત તથા હુકમો સાંભળવાનો એક ક્રમ શરૂ કર્યો, અને ખૂદ એના દિલમાં એવો ખ્યાલ ઉદ્દ્ભવ્યો કે સૌની સારી વાતોને પસંદ કરીને કેમ પોતે જ એક ધર્મ ન ઉભો કરી લઉં ! અને તેને આખા હિંદુસ્તાનમાં લાગુ કરી દઉં ! જેથી તેણે "દીને ઈલાહી"ના નામથી એક "શંભૂ મેળો" તૈયાર કરાવ્યો અને રાજાશાહીની આગેવાની હેઠળ એને ફેલાવવાની તેણે સર્વ વ્યવસ્થાઓ પણ કરી લીધી.

અલ્લાહ તબારક વ તઆલા જઝ઼ાએ ખૈર આપે અને પોતાની રહમતોથી નવાઝે હઝરત શયખ અબ્દુલહક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ તથા મુજદ્દિદ અલ્ફેષાની હઝરત શયખ અહમદ ફારૂક઼ી સરહિંદી رحمۃ اللہ علیہને કે એ બંનેવ હઝરાતે ખાસ કરીને, અને અન્ય અમુક હઝરાતે પણ આ ફિત્નાનો પોતપોતાની રીતે સામનો કર્યો અને તેના ધસમસતાં મોજાંઓથી મુસ્લિમ આબાદીઓને બચાવી.

હિંદના મુસ્લિમો સદીઓ પછી ફરીવાર આ પ્રકારના સંજોગોથી એ વખતે ભેટયા જ્યારે ઈ.સ. ૧૯૨૦માં તહરીકે તર્કે મવાલાત જેને "અસહકારની ચળવળ" પણ કહેવામાં આવે છે તેની આંધી ચાલી અને તેના અમુક લીડરોએ એક એવો નવો મઝહબ બનાવવાની પર્દા પાછળ સાઝિશ કરી જે હિંદુ મુસ્લિમનો તફાવત મિટાવી દે, સંગમ (ઘાટ) તથા પ્રયાગને પવિત્ર સ્થળ ઠરાવે. આ ગંભીર વળાંક પર ઈમામે અહલે સુન્નત મૌલાના અશશાહ મુહમ્મદ અહમદ રઝા ક઼ાદરી બરકાતી બરેલ્વી (વિસાલ : હિ.સ. ૧૩૪૦, ઈ.સ. ૧૯૨૧) અને આપના અમુક સમખયાલ ઉલમા તથા મશાઈખે અહલે સુન્નતે પોતાના લખાણો તથા તક઼રીરોના થકી આ ફિત્નાને ખતમ કરીને હિંદ (અખંડ ભારત)ના મુસલમાનોના ઈમાન તથા અક઼ીદાને સુરક્ષિત રાખ્યો અને દીની અડગતા અને ગૈરતે મિલ્લીનું મહાન દષ્ટાંત પૂરૂ પાડયું.

બુદ્ધિ કૌશલ્ય તથા લાયકાત અલ્લાહ રબ્બુલ ઈઝ઼્ઝ઼તની અર્પણ કરેલી એક મહાન નેઅમત છે જેનો સહીહ ઉપયોગ ખુદાની મખ્લૂક઼ માટે રહમતનો સબબ છે. મો'મિન બંદો તથા આલિમે રબ્બાની આ ખુદાના અતા કરેલ તોહફાથી પૂરી માનવ જાતને લાભ પહોંચાડીને રૂશ્દો હિદાયત (સન્માર્ગ પામવા)નો સબબ બને છે અને તેના થકી અલ્લાહ તબારક વ તઆલાના પસંદીદા દીનથી નજીક કરવાનો માર્ગ સમારે છે અને આ ત્યારે થઈ શકે છે જ્યારે કે પ્રકૃતિની સલામતી, દિલની નેકબખ્તી તથા અલ્લાહ તબારક વ તઆલાની

તૌફીક઼ તેને હાંસલ થયેલ હોય. નહીં તો કેટલીકવાર આ બુદ્ધિ ચાતુર્ય તથા કૌશલ્ય માણસના માટે ફિત્ના તથા કસૌટીનો સબબ બની જાય છે. તે પોતાના ઈલ્મ તથા બુદ્ધિ પર અયોગ્ય રીતે ભરોસો કરીને આપવડાઈનો શિકાર થઈ જાય છે. પૂર્વજ બુઝુર્ગો તથા પેશવાઓની ટીકા ટીપ્પણી તથા અંગુલી નિર્દેશ કરવું તેનો વિષય બની જાય છે. કાંઈ નવુ કરી દેખાડવાની તથા પોતાના પ્રતિ લોકોને આકર્ષીને તેમનામાં પ્રખ્યાત તથા લોકપ્રિય થઈ જવાનો જઝબો તેને સીધા માર્ગ તથા મધ્યમ માર્ગથી વિચલિત કરવા લાગે છે. જમહૂર ઉલમા તથા ઈસ્લામના ફકીહોના મુકાબલામાં પોતાના ગુમાનથી ઉપસ્થિત કરેલા ઈજતેહાદ (સંશોધન) માટે આગ્રહ કરવા માટે લાગે છે. પોતાના ક઼યાસો તથા બયાનનું જોર તથા લેખન શક્તિનું પ્રદર્શન કરીને સવાદે આ'ઝમ અહલે સુન્નતની દરમ્યાન પોતાનુ વિશિષ્ટ સ્થાન બનાવીને પોતાની એક ખાસ જમાઅત બનાવવાની તદબીર કરવા માંડે છે, અને ક્રમે ક્રમે પોતાના સમખયાલવાળી વ્યક્તિઓને સંગઠિત કરીને એક નવા ફિર્ક઼ાનો સ્થાપક બની જાય છે. આ પ્રકારનાં વિવિધ દષ્ટાંતો ખૂદ આપણા હિંદુસ્તાન (અખંડ ભારત)ની અંદર મૌજૂદ છે જેને આમ તથા ખાસ લોકો સારી પેઠે જાણે છે.

તાર્કિક ઈલ્મ તથા અક઼્લિયત પરસ્તીએ(બુદ્ધિના ઘોડે સવાર રહીને) હિંદુસ્તાનની જે પ્રખ્યાત વ્યક્તિઓને પોતાની ચુંગાલમાં જકડીને તેમને ગલત માર્ગે વાળી દીધી તથા પોતાની ''તેહક઼ીક઼ તથા ઈજતેહાદ''નો નશો જેમને સહીહ મંઝિલથી ખૂબ દૂર લઈ ગયો, એમનામાં સર સૈયદ અહમદખાન તથા ઈનાયતુલ્લાહ મશ્રક઼ી તથા અબુલ કલામ આઝાદનાં નામો ખાસ છે. વર્તમાન લોકોમાં એ જ પ્રકારનું એક નામ વહીદુદ્દીનખાન (ન્યુ દિલ્હી)નું પણ છે.

અલ્લાહ તબારક વ તઆલા એવા લોકોની આફતો તથા બલાઓથી તથા તેમની ગુમરાહીઓથી મુસલમાનોને મહેફૂઝ રાખે અને તેમને પોતાના પૂર્વજ બુઝુર્ગો તથા અહલે સુન્નતના પેશવાઓના નક્શે ક઼દમ પર ચાલતા રહેવાની તૌફીક઼ અતા ફર્માવે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

ઈદારા ''મિન્હાજુલ કુર્આન'' લાહોરના સ્થાપક પ્રોફેસર તાહિરુલ ક઼ાદરી પોતાની કિતાબો તથા તક઼રીરોના થકી પાકિસ્તાન તથા હિંદ તથા અન્ય અમુક દેશોના ઘણા મુસલમાનો માટે ધ્યાનનું કેન્દ્ર બનતા જઈ રહ્યા છે. તેમના ખયાલો ઘણા બધા લોકોના દિલો દિમાગને પ્રભાવિત કરે છે. પ્રો. તાહિરુલ ક઼ાદરીના જીવન પુસ્તક તથા ખયાલોના સમૂહનું એક પાસુ એ પણ છે કે તેમણે અહલે સુન્નતના અમુક અક઼ીદાઓ તથા મા'મૂલાત (રસ્મો રિવાજો)ને પોતાની કિતાબો તથા બયાનોના થકી ઘણા જ દલીલયુક્ત તથા આકર્ષક અંદાઝમાં રજૂ કર્યા જેની અસર એ થઈ કે ઘણા બધા સુન્ની મુસલમાનો તેમને મઝહબે અહલે સુન્નતના બેહતરીન મુબલ્લિગ તથા પ્રતીક સમજવા લાગ્યા છે.

બીજુ પાસુ એ છે કે તેમનાં લખાણો તથા બયાનો થકી એક નવા પ્રકારની વિચારશ્રેણી પેદા થઈ રહી છે અને નવા ખયાલો જન્મ લઈ રહ્યા છે. તેમની ''તેહક઼ીક તથા ઈજતેહાદ''થી વિખવાદ તથા વિવાદના નવા દરવાજા ખુલી રહ્યા છે અને દીની તથા ઈલ્મી વર્તુળોમાં તેમની જાત તથા ખયાલો તથા પ્રવૃત્તિઓ ચર્ચાનો વિષય બની રહ્યાં છે. એ જ કારણે હિંદ તથા પાક.ના અહલે સુન્નતના ઉલમા તથા મશાઈખ કોઈક બુરા ખતરાની બૂ મહેસૂસ કર્યા બાદ અજંપા તથા બેચૈનીમાં પડેલા છે અને તેઓ તેની રોકથામના માટે વિવિધ તદબીરો પર ચર્ચા વિચારણા કરી રહ્યા છે અને પાકિસ્તાનમાં તો ઉલમા પોતાનાં લખાણો તથા કિતાબો થકી વર્ષોથી પોતાના ખયાલો પ્રદર્શિત કરી રહ્યા છે.

હાલમાં એક તાજો પ્રસંગ એ બન્યો કે પ્રો. તાહિરુલ ક઼ાદરીએ ઈંગ્લેન્ડમાં વિવિધ મઝહબોના પેશવાઓની એક સંયુક્ત કોન્ફરન્સ (મિન્હાજુલ કુર્આન માનવ શાંતિ સંમેલન, વેમ્બલી–લંડન, તા. ૨૪–૯–૨૦૧૧) કરી જેમાં **સૌએ પોત પોતાના અક઼ીદા પ્રમાણે પ્રાર્થનાઓ કરી.** આ કોન્ફરન્સમાં અમુક **હરામ કાર્યો તથા કુફ્રી કામો પણ થયાં જેને પ્રોફેસર તાહિરુલ ક઼ાદરીએ ચલાવી લીધાં** અને પોતાના તરફથી કોઈ રદિયો કે ઈન્કાર પ્રદર્શિત ન કર્યો. C.D.માં કોન્ફરન્સનો અહેવાલ તેમજ તેનાં દશ્યો જોઈ શકાય છે. આ C.D. હિંદુસ્તાનમાં પણ ફરતી થઈ છે અને એને સરળતાપૂર્વક હાંસલ કરીને કોઈ પણ વ્યક્તિ પોતાની જાતે સર્વ કાંઈ જોઈ શકે તથા સાંભળી શકે છે. (youtube પર પણ જોઈ શક છો)

પ્રો. તાહિરુલ ક઼ાદરીની તજદ્દુદ પસંદી (નવ સંશોધનવૃત્તિ) તથા તેમની ''તેહક઼ીક઼ તથા

ઈજતેહાદ"ની શરૂઆત ત્યારે થઈ જ્યારે તેમણે દિયત (ખૂનનો બદલો માલ થકી)ના મસ્અલા પર પોતાના ખયાલો પ્રદર્શિત કર્યા જે ઈમામે આ'ઝમ અબૂ હનીફા તથા જમહૂર ઉલમા તથા ફક઼ીહો તથા હનફી ઈમામોના મૌક઼ફ તથા મસ્લકથી તદ્દન વિરૂદ્ધ છે. પાકિસ્તાનના જલીલુલ ક઼દર (મહાન રુત્બાવાળા) આલિમ તેમજ પ્રોફેસર તાહિરુલ ક઼ાદરીના ઉસ્તાદ હઝરત અલ્લામા અહમદ સઈદ કાઝમી (મુલતાન, પંજાબ–પાકિસ્તાન)એ પ્રોફેસર તાહિરુલ ક઼ાદરીને ખૂબ જ સમજાવ્યા પણ એ પોતાના "ઈજતેહાદ" પર અડેલા રહ્યા અને સર્વ ઉલમાએ અહલે સુન્નત મળીને પણ તેમને આ મસ્અલામાં સીધા માર્ગ પર લાવવામાં સફળ ન થઈ શક્યા. એટલે સુધી એક ચર્ચા દરમ્યાન એક આલિમે જ્યારે તેમને કહ્યું કે, "આ મસ્અલામાં ઈમામે આ'ઝમ અબૂ હનીફા આવુ ફર્માવે છે." તો તેમણે આ અતિશય કક્ષાની બહાદૂરીપૂર્ણ તથા આશ્ચર્યજનક જવાબ આપ્યો કે, "તમો મારી દલીલોના જવાબમાં એમનું નામ શા માટે રજૂ કરો છો ?! તે તો આ મસ્અલામાં અમારા ફરીક઼ (પક્ષકાર) છે !" આ જવાબનો ખુલાસો એ છે કે એક મસ્અલામાં મેં ઈજતેહાદ કર્યો, અને એ જ મસ્અલામાં સદીઓ પહેલાં ઈમામે આ'ઝમ અબૂ હનીફાએ પણ ઈજતેહાદ કર્યો, જેમના ઈજતેહાદથી અલગ મારો ઈજતેહાદ છે. આવી સ્થિતિમાં એક પક્ષકાર (પાર્ટી) હું થયો અને એક પક્ષકાર તે છે. પછી વિરોધી પક્ષકારનું નામ અથવા તેમના ઈજતેહાદનો ઉલ્લેખ મારા મુક઼ાબલામાં શા માટે રજૂ કરી રહ્યા છો ?!

આ પ્રથમ ઈજતેહાદી પગલાને વાંચકો નજરો સમક્ષ રાખે અને એના પર ચર્ચા વિચારણા કરીને જાતે જ ફેંસલો કરે કે પ્રોફેસર તાહિરુલ ક઼ાદરીની વિચારસરણી તથા લાયકાતે તેમને સૌ પ્રથમ કોના મુક઼ાબલામાં લાવીને ખડા કરી દીધા ?! અને પછી એ પરિણામ જાતે જ કાઢી લો કે મુજતહિદ ઈમામો તથા ઈસ્લામના ફક઼ીહો તથા ઉલમાના મુક઼ાબલા જે શખ્સ પોતાના ઈલ્મ તથા બુદ્ધિ તથા પોતાના ખયાલ તથા મંતવ્યોને અગ્રતા આપે છે એનો અંજામ શું થાય ? અને આખો બંધ કરીને એને માનનારાઓનો અંજામ શો થાય ?

પ્રો. તાહિરુલ ક઼ાદરીનો બીજો ઈજતેહાદ તેમને કુર્આને કરીમના મુક઼ાબલામાં ખડા કરી આપે છે ! અને તે એલાનિયા પોતાના આ કુર્આન વિરોધી "ઈજતેહાદ"ને પ્રદર્શિત કરે છે કે, "એક સ્ત્રીની ગવાહી એક પુરૂષના સમાન થાય છે." પ્રો. તાહિરુલ ક઼ાદરીએ પોતાના આ ઈજતેહાદમાં કુર્આન તથા હદીષથી સ્પષ્ટ વિરૂદ્ધ વલણ અપનાવ્યું અને ચારેવ ઈમામો ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈમામ શાફઈ, ઈમામ માલિક તથા ઈમામ અહમદ ઈબ્ને હંબલના મુત્તફિક઼ અલૈહ મસ્લક તથા મૌક઼ફને નઝરંઅદાઝ (ઠુકરાવ્યો) જ નથી બલ્કે પાયમાલ કરીને રાખી દીધો છે અને સવાદે આ'ઝમ અહલે સુન્નતના સર્વ માન્ય મસ્લકની રજ માત્ર પણ કોઈ પરવા નથી કરી. (અલ્અયાઝુ બિલ્લાહ !)

ક્રમે ક્રમે વાત એટલે સુધી પહોંચી કે પોતાની કોન્ફરન્સ (મિન્હાજુલ કુર્આન માનવ શાંતિ સંમેલન, વેમ્બલી–લંડન, તા. ૨૪–૯–૨૦૧૧)માં પોતાના સ્ટેજ પર યહૂદી તથા ઈસાઈના ધર્મગુરૂઓ તથા કાફિર તથા મુશ્રિકોના ધર્મગુરૂઓના હરામ તથા ગુમરાહીનાં તથા કુફ્રનાં અમલો તથા કામો પ્રતિ આંખ આડા કાન કરી રહ્યા છે અને તેમનાં કથનો તથા પ્રવચનો જેમાં હરામ, ગુમરાહી તથા કુફ્રથી કાનને બહેરા કરી લીધા ! જે ન કોઈ મજબૂરી છે ન જરૂરત, બલ્કે **એને સાફ તથા સ્પષ્ટ શબ્દોમાં કુફ્ર પર રાજી રહેવા સિવાય અન્ય કાંઈ નથી કહી શકાતુ.**

શું એક સામાન્ય બુદ્ધિ ધરાવનારો માણસ પણ જાણીબુઝીને એવી મૂર્ખાઈ કરી શકે છે જેના બારામાં એને મજબૂત ઈલ્મ તથા યક઼ીન છે કે આ વ્યક્તિ કદી કદી મધમાં ઝહેર મિલાવી દે છે અને કદી કદી મીઠાઈઓની સાથે ઝહેર પણ ખવડાવી આપે છે, તો એના હાથથી કે એના દસ્તરખાન પર કાંઈ ખાશે ? અથવા એની નજીક જશે ? વિચારો ! ચિંતન કરો પછી યોગ્ય નિર્ણય લો. અને બેહતર એ છે કે તમારી નજીકના અહલે સુન્નતના મુસ્તનદ (સ્ટાન્ડર્ડ) આલિમોથી મુલાકાત કરીને હક઼ીક઼તની જાણકારી પ્રાપ્ત કરો અને પોતાની આખેરતને સમારવાની કોશિશ કરો. અલ્લાહ તબારક વ તઆલા આપણને સૌને હક્ક઼ થતા હિદાયત તથા સિરાતે મુસ્તક઼ીમ પર ચાલતા રાખે અને આપણા પૂર્વજ બુઝુર્ગો તથા પેશવાઓના મઝહબ તથા મસ્લક પર ક઼ાઈમ દાયમ રાખે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ. *(હવાલો : મુસ્લિમ ટાઈમ્સ, અઠવાડિક–મુંબઈ, ૩૧ ઓકટો. થી ૬ નવે. ૨૦૧૧)*

# પન્ગનુર (આંધ્રપ્રદેશ)માં સુન્ની દેવબંદી મુનાઝરામાં

# સુન્નીઓની શાનદાર ફતહ

રજૂકર્તા : જનાબ અલી મુહમ્મદ અહમદ બાબી–પોરબંદર

આંધ્રપ્રદેશના જિલ્લા ચિત્તુરના તાલુકા પન્ગનુર ગામમાં દેવબંદીઓની સંખ્યા વધારે છે તથા સુન્ની લોકોની વસ્તી ઓછી છે. ૧૩ મસ્જિદો દેવબંદીઓની છે જ્યારે સુન્નીઓની ફક્ત ૪ મસ્જિદો છે.

દેવબંદીઓ પોતાની બહુમતિ અને તાક઼તના નશામાં ચૂર થઈ ત્યાંની સુન્નિયતનો સફાયો કરવાની મેલી મુરાદ લઈને પ્રવૃતમય થયા હતા. હાલમાં જ ઉર્સ ઉજવવાના પ્રસંગે તનાવ ઉત્પન્ન થયો. પોલીસની જિમ્મેદારીમાં ઉર્સ ઉજવાયો. ત્યારબાદ સુન્નીની મસ્જિદોમાં તબ્લીગી નિસાબનો દર્સ જબરદસ્તીથી શરૂ કરવાની કોશિશ દેવબંદીઓએ કરી. સુન્નીઓએ પોતાની મસ્જિદમાં તબ્લીગી નિસાબનો દર્સ શરૂ કરવાની મનાઈ કરી જેના પરથી દેવબંદીઓ તરફથી મુનાઝરાની ચેલેંજ કરવામાં આવી જેને સુન્નીઓએ તુરત જ ક઼બૂલ કરી લીધી.

પન્ગનુરના સુન્ની મુસલમાનોએ મર્કઝે અહલે સુન્નત જામેઆ હઝરત બિલાલના પ્રમુખ અલ્હાજ અમીરજાન ક઼ાદરીનો સંપર્ક કર્યો. અલ્હાજ અમીરજાન ક઼ાદરીની તબિયત નાદુરૂસ્ત હોવા છતાં મહેનત કરીને હિંદુસ્તાનના ટોચના સુન્ની મુનાઝિરોને હાજર કરવાની કોશિશ ચાલુ કરી દીધી. અંતે ૧૦ જુલાઈ સને ૨૦૧૧ રવિવાર મુનાઝરાની તારીખ નક્કી કરવામાં આવી.

**સુન્ની મુનાઝિર ઓલમાની નામાવલી :–**

★ મુનાઝિરે અહલે સુન્નત મુફતી અ. મન્નાન કલીમી *(નાઝિમે આ'લા વ શૈખુલ હદીષ જામેઅ અકરમુલ ઉલૂમ–મુરાબાદબાદ, યુ.પી.)*

★ મુનાઝિરે અહલે સુન્નત મુફતી અખ્તરહુસૈન અલીમી *(સદર દારુલ ઉલૂમ અલીમિયા, જમદાશાહી, જિ. બસ્તી, યુ.પી.)*

★ મુનાઝિરે અહલે સુન્નત મુફતી ઈશ્તિયાક ક઼ાદરી *(બરેલી શરીફ, યુ.પી.)*

★ અલ્લામા ડોકર ગુલામ મુસ્તફા નઝમુલ ક઼ાદરી *(મોડગેરે)*

★ મુફતી મુહમ્મદ અસલ *(ક઼ાઝી દારુલકુઝા મર્કઝ અહલે સુન્નત જામિઆ હઝરત બિલાલ–બેંગ્લોર)*

★ મુફતી મુહમ્મદ અબુલ કલામ નૂરી *(સદર મુદર્રિસ : જામેઅતુર્રઝા મર્કઝે અહલે સુન્નત મસ્જિદે આ'ઝમ, બિહારપેટ, ચિત્રદુર્ગ)*

**દેવબંદી મુનાઝિરોની નામાવલી :–**

★ મૌલાના તાહિર ગ્યાવી *(ગયા)*

★ મૌલાના નઝરમુહમ્મદ ક઼ાસમી *(મુઝફ્ફરનગર)*

★ મૌલાના અ. રહમાન *(કટક)*

★ મૌલાના માસુમષાકિબ *(રાયચૂર)*

★ મુફતી શમ્સુદીન શાહવલીઉલ્લાહ *(બેંગ્લોર)*

★ મૌલાના વલીઉલ્લાહ *(વામનબાળી)*

૧૦ જુલાઈ સને ૨૦૧૧ રવિવારે નક્કી થયેલ તારીખ મુજબ સવારે સુન્ની બરેલ્વી મુનાઝિરો પન્ગનુરમાં પોતાની ક઼યામગાહ પર પહોંચી ગયા. અને ત્યારબાદ સમયસર મુનાઝરાગાહમાં હાજર થઈ ગયા. દેવબંદી મુનાઝિરોની રાહ જોવામાં આવી રહી હતી. પોલસ ઓફીસરોને કહેવામાં આવ્યું કે દેવબંદી

પેજ નં. ૨૦ નું ચાલુ...

મુનાઝિરો હજુ સુધી કેમ નથી આવ્યા ?! પોલીસ ઓફીસરોએ કહ્યું, અમે તેઓને સીક્યુરીટી આપીને લઈ આવીએ છીએ. લગભગ ચાર કલાક થઈ ગયા. પોલીસ અધિકારીઓ ખાલી હાથે પરત ફર્યા અને માફી તલબ કરી. સુન્ની મુનાઝિરોએ પૂછયું, દેવબંદી મુનાઝિરો કેમ હાજર થતા નથી ?! પોલીસ અધિકારીઓએ કહ્યું કે અમોએ ચાર કલાક સુધી ભરપુર સમજાવવાની કોશિશ કરી, તેઓ પોતાની કયામગાહમાં તો આવી ગયા છે પરંતુ મુનાઝરામાં આવવા માટે તૈયાર નથી. મુનાઝરાગાહમાં ન આવવાનું કારણ પૂછવામાં આવ્યું તો કહ્યું કે સુન્ની મુનાઝિરોના નામ જાણી લીધા બાદ તેઓ ડરી ગયા છે ! આ સાંભળી સુન્નીઓમાં ખુશીની લહેર દોડી ગઈ. પોલીસ અધિકારીઓને માનવું પડયું કે સુન્ની બરેલ્વીઓ હક્ક઼ પર છે.

ત્યારબાદ તુરત જ તેજ જગ્યાએ સુન્ની ઓલમાએ જશ્ને ફતેહનું એલાન જાહેર કર્યું. તિલાવત, નઅત તથા પુરજોશ તક઼રીરનો એક શાનદાર પ્રોગ્રામ ઉજવવામાં આવ્યો. તમામ સુન્નીઓ અને પોલીસ અધિકારીઓની હાજરીમાં હઝરત મૌલાના મુફતી અ. મન્નાન કલીમી સાહબે જોરદાર ખિતાબ ફર્માવી દેવબંદી વહાબીઓના અક઼ીદાઓ અને તેમની ગુમરાહીથી લોકોને વાકેફ કર્યા હતા.

આપે ફર્માવ્યું, "અમે લોકો અહલે સુન્નત વ જમાઅત છીએ, અમારી ઓળખાણ હાલના દૌરમાં બરેલ્વી તરીકે થાય છે. વહાબીઓનું પણ એક ગૃપ લોકોને ફરેબ આપવા અને ગુમરાહ કરવા માટે પોતાને અહલે સુન્નત વ જમાઅત કહેવડાવે છે. એટલા માટે અસલી અને નકલી સુન્ની દરમ્યાન પહેચાન કરવાના હેતુથી "બરેલ્વી" શબ્દ લગાડવો જરૂરી થઈ ગયો છે. અમે લોકો સૂફીઈઝમના માનવાવાળા છીએ. હિંદુસ્તાનમાં સૂફીઓના બાદશાહ સુલ્તાનુલ્ હિંદ હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ છે અને અમો તેઓના અનુયાયીઓ છીએ. યાદ રાખો ! જે હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના માનવાવાળા છે તેઓ જ ભારતના સાચા મુહાફિઝ અને રખેવાળ છે. આખરમાં સલાતો સલામ અને દુઆ બાદ જશ્ને ફતેહ મહેફિલની સમાપ્તિ થઈ. *(હવાલા : ઉર્દૂ માસિક "માહનામા કન્ઝુલ ઈમાન" દિલ્હી, નવેમ્બર, ૨૦૧૧માંથી સાભાર)*

પૂરું કરવું સુન્નતે મોઅક્ક઼દા છે. અને બે વખત પૂરું કરવું ફઝીલત ધરાવે છે અને ત્રણવાર પૂરું કરવું અફઝલ છે. લોકોની સુસ્તીના કારણે કુર્આન શરીફ ખત્મ કરવાનું છોડવું નહીં.

**મસ્અલો** : હાફિઝને મહેનતાણું આપીને કુર્આન શરીફ તરાવીહમાં પઢાવવું **નાજાઈઝ** છે. **આપનાર અને લેનાર બંને ગુનેહગાર** છે. મહેનતાણુ ફક્ત એ જ નહીં કે પહેલેથી નક્કી કરી લેવામાં આવે કે આ દઈશું આ આપીશું, બલ્કે જો એવી ખબર હોય કે અહીંયાથી કંઈક મળે છે પછી ભલે નક્કી કરવામાં ન આવતુ હોય એ પણ **નાજાઈઝ** છે. જો એમ કહી દે કે કંઈ જ નહીં લઉં કે કંઈ જ નહીં આપીએ પછી પઢે અને લોકો હાફિઝને સેવા રૂપે કાંઈક મદદ કરે તો તેમાં કંઈ વાંધો નથી. *(બહારે શરીઅત)*

**શબીના** : શબીના એટલે એક જ રાતમાં પૂરુ કુર્આન શરીફ તરાવીહમાં પૂરું કરવું જે અત્યારના સમયમાં કેટલીક જગ્યાએ રિવાજ છે કે **હાફિઝો એટલા ઝડપથી પઢે છે કે શબ્દો સુદ્ધાં સમજમાં આવતા નથી. તો પછી હરફોના મખરઝ (અક્ષરોના ઉચ્ચાર) બરાબર અદા કરવાની તો વાત જ શી ?! વળી સાંભળનારાઓની પણ એ હાલત હોય છે કે કોઈ બેઠો છે તો કોઈ સૂતો કે કોઈ આડો પડેલો કે ઊંઘતો છે, કેટલાક વળી ચા પાણી કરે છે. જ્યાં ઈમામે રકૂઅની તકબીર કહી કે દોડીને તરત જ નિય્યત બાંધી રુકૂઅમાં જઈ મળે છે ! આ રીતે સબીના પઢવી નાજાઈઝ છે.** જો હાફિઝ પોતાની ઝડપ અને ઉતાવળ નામનાને ખાતર કરે છે તો "રિયા" (દેખાવ) કરવાનો ગુનો અલગ થશે.

જે કોઈ મોહર્રમના પ્રથમ જુમ્આનો રોઝો રાખે તો તેના પાછલા ગુનાહો માફ થઈ જાય છે. *(રાવી : હઝરત અનસ رضی اللہ عنہ )* જે કોઈ મોહર્રમના ત્રણ રોઝા રાખે તો તેના માટે ૯૦૦ વરસની ઈબાદતનો સવાબ લખવામાં આવે છે.

## ★ આશૂરાની રાતના નવાફિલ ★

# યૌમે આશૂરાની ઈબાદતો

કાર્યાલય

**ચાર રકાત નફલ નમાઝ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી **"કુલ્હુવલ્લાહ શરીફ"** પચાસ વખત પઢે. **ફઝીલત :** પઢનારાના પચાસ વર્ષ આગળના અને પચાસ વર્ષ પાછળના ગુનાહ (સગીરા) બખ્શી દેવામાં આવે છે.

**ચાર રકાત નફલ નમાઝ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી **"આયતુલ કુર્સી"** એક વખત અને **"કુલ્હુવલ્લાહ શરીફ"** ત્રણ વખત પઢે. નમાઝ પઢી લીધા બાદ ૧૦૦ વખત "કુલ્હુવલ્લાહ શરીફ" પઢે પછી દુઆ માંગે.

**ફઝીલત :** આ પઢનાર ગુનાહોથી પાક થઈ જશે અને તેને જન્નતમાં અગણિત નેઅમતો પ્રાપ્ત થશે.

**બે રકાત નફલ નમાઝ : "અલ્હમ્દુ શરીફ"** પછી **"કુલ્હુવલ્લાહ શરીફ"** ત્રણ વખત પઢે.

**ફઝીલત :** હક્ક તઆલા તેની મહેરબાનીથી કયામત સુધી આ પઢનારની કબ્રને રોશન અને મુનવ્વર રાખશે.

હદીષે પાકમાં આશૂરાના રોઝાથી ઘણી ફઝીલત આવી છે. રમઝાન શરીફ પછી બેહતર રોઝા મુર્હરમના આશૂરાના રોઝા છે. ૯, ૧૦, અથવા ૧૦, ૧૧ એમ બે દિવસે રોઝા રાખી યહૂદીઓની મુખાલેફત કરો.

## ★ આશૂરાના દિવસના નવાફિલ ★

**૪ રકાત નફલ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી પાંચ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે. અને તેનો સવાબ સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની રૂહે મુબારકને પહોંચાડે.

**૪ રકાત નફલ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી ત્રણ–ત્રણ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે. અને તેનો સવાબ હઝરત ફાતિમાતુઝ્ઝોહરાની રૂહે મુબારકને પહોંચાડે.

**૪ રકાત નફલ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી પાંચ પાંચ વખત **"કુલ્હવલ્લાહ શરીફ"** પઢે. અને તેનો સવાબ હઝરત ઈમામ હસન અને ઈમામ હુસૈનની રૂહે મુબારકને પહોંચાડે.

**૬ રકાત નફલ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી જે સૂરત યાદ હોય તે ક્રમશઃ (તરતીબથી) પઢે અથવા ત્રણ–ત્રણ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે. આ છ રકાત પૂરી થાય ત્યારે સજદામાં જઈ સાત વખત **"કુલ યા અય્યહુલ્ કાફેરૂન"**ની સૂરત પઢે અને તેનો સવાબ તમામ શોહદાએ કરબલાની રૂહ મુબારકને પહોંચાડે.

## ★ દુઆએ આશૂરા ★

આશૂરાના દિવસે ફજરની નમાઝ બાદ સૂર્ય ઊંચે ચઢયા બાદ બે રકાત નમાઝ પઢે, દરેક રકાતમાં **સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ)** પછી કોઈ પણ સૂરત પઢે અને સલામ બાદ એક વાર આ દુઆ પઢો :–

*બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ. યા કાબિલ તૌબતિ આદમ યૌમ આશૂરાઅ, યા ફારિજ કર્બિ ઝીન્નૂનિ યૌમ આશૂરાઅ, યા જામિઅ શમ્લિ યઅ્કૂબ યૌમ આશૂરાઅ, યા સામિઅ દઅ્વતિ મૂસા વ હારૂન યૌમ આશૂરાઅ, યા મુગીષ ઈબ્રાહીમ મિન્નારિ યૌમ આશૂરાઅ, યા રાફિઅ ઈદ્રીસ ઈલસ્સમાઈ યૌમ આશૂરાઅ, યા મુજીબ દઅ્વતિ સાલિહિન્ ફિન્નાકતિ યૌમ આશૂરાઅ. યા નાસિર સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ યૌમ આશૂરાઅ. યા રહ્માન દુન્યા વલ્આખિરતિ વ રહીમહુમા સલ્લલ્લાહુ અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વ અલા આલિ સૈયિદિના મુહમ્મદિંવ્ વ સલ્લિઅલા જમીઈલ્ અંબિયાઈ*

*વલ્મુર્સલીન વક્દિ હાજાતિના ફીદુન્યા વલ્આખિરતિ વ અતિલ્ ઉમ્રના ફી તાઅતિક વ મહબ્બતિક વ રિદ્દાક વ અહ્યિના હયાતન્ તૈયિબતંવ્ વતવફ્ફના અલલ્ ઈમાનિ વલ્ઈસ્લામિ બિરહ્મતિક યા અર્હમર્રાહિમીન. અલ્લાહુમ્મ બિઈઝ્ઝિલ્ હસનિ વઅખીહિ વઉમ્મિહી વ અબીહિ વજદ્દિહી વ બનીહિ ફર્રિજ અન્ના મા નહ્નુ ફીહિ.*

પછી સાત વાર પઢે :–

*સુબ્હાનલ્લાહિ મિલ્અલ્મીઝાનિ વ મુન્તહલ્ઈલ્મિ વલ્મબ્લગર્રિદ્દા વઝિનતલ્ અર્શિ લામલ્જાઅ વલા મન્જાઅ મિનલ્લાહિ ઈલ્લા ઈલૈહ. સુબ્હાનલ્લાહિ અદદ શ્શફઈ વલ્વત્રિ વ અદદ કલિમા તિલ્લાહિત્તામ્માતિ કુલ્લિહા નસ્અલુકસ્સલામત બિરહ્મતિક યા અર્હમર્રાહિમીન. વહુવ હસ્બુના વ નિઅ્મલ્ વકીલ. નિઅ્મલ્ મૌલા વ નિઅ્મન્નસીર. વલા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલિય્યિલ્ અઝીમ. વ સલ્લલ્લાહુ તઆલા અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વ અલા આલિહી વ સહ્બિહી વ અલલ્ મુઅ્મિનીન વલ્મુઅ્મિનાતિ વલ્મુસ્લિમીન વલ્મુસ્લિમાતિ અદદ ઝર્રાતિલ્વુજૂદિ વ અદદ મઅ્લુમાતિલ્લાહિ વલ્હમ્દુ લિલ્લાહિ રબ્બિલ્ આલમીન.*

આ અમલ કરનારને અગણિત ઈબાદતનો સવાબ મળશે.

આશૂરાના દિવસે કોઈપણ સમયે બાવુઝૂ થઈને ૭૦ વાર પઢે : **હસ્બિયલ્લાહ વ નિઅ્મલ્વકીલ.** ગુનાહોની માફી માટે આ વઝીફો અફઝલ છે.

**આશૂરાના દિવસના મુસ્તહબ કામો :** (૧) રોઝો રાખવો (૨) સદકો કરવો (૩) નફલ નમાઝ પઢવી (૪) ૧૦૦ વખત કુલ્હુવલ્લાહ શરીફ પઢવું (૫) આલિમોની ઝિયારત કરવી (૬) યતીમોના માથા ઉપર હાથ ફેરવવો (૭) પોતાના બાલ–બચ્ચાંની ખાધા ખોરાકીમાં વધારો કરવો (૮) ગુસ્લ કરવું (૯) સુરમો લગાડવો (૧૦) નખ કાપવા (૧૧) બીમારોની ખબર કાઢવી (૧૨) દુશ્મનોથી મેળાપ કરવો (૧૩) આશૂરાની દુઆ પઢવી.

## નબીની હયાત શહીદોથી વધીને છે

તફસીરે મઝહરી, ભાગ–૧, પેજ–૧૫૨, અલ્લામા કાઝી ષનાઉલ્લાહ પાનીપતી رحمۃ اللہ علیہ ફર્માવે છે : હયાતે અંબિયા હયાતે શોહદાથી વધારે સશક્ત છે અને તેનાં ચિન્હો દુનિયામાં વધારે જાહેર છે. એટલે સુધી કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની પત્નીઓ સાથે નબીની વફાત પછી (કોઈના માટે) નિકાહ જાઈઝ નથી. જ્યારે શહીદોની પત્નીઓ સાથે એમની શહાદત પછી નિકાહ જાઈઝ છે. અને સિદ્દીકીનની પણ એ હાલત છે. સિદ્દીકીન દરજામાં શોહદા અને વલીઓથી વધીને છે. વલીઓ શહીદો સાથે મેળવી દેવામાં આવ્યા છે. જેમ કે આની ઉપર અલ્લાહના આ ફર્માનના અનુક્રમથી દલીલ છે :

مِنَ النَّبِيِّيْنَ وَ الصِّدِّيْقِيْنَ وَ الشُّهَدَآءِ وَ الصَّالِحِيْنَ

ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ હાવી, ભાગ–૨, પેજ–૩૩૦ પર ફર્માવે છે કે નબીઓ શહીદોથી ઉત્તમ છે, તેમનાથી અધિક બુઝુર્ગી અને અઝમતવાળા છે, દરેક નબીએ નુબવ્વત સાથે શહાદતની સિફત ભેગી કરી લીધી છે, તો તેઓ આયતના સામાન્ય શબ્દોમાં દાખલ રહેશે.

એટલે કે શોહદાની હયાતવાળી આયતમાં માત્ર શહીદો જ નહીં તેમાં નબીઓ પણ દાખલ છે એટલા માટે કે નબીઓ દરજામાં તેમનાથી વધીને છે.

મદારિજુન્નબુવ્વતમાં હઝરત અબ્દુલ હક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે **હયાતે અંબિયા કામિલ તર અઝ હયાતે શોહદા અસ્ત** નબીઓની હયાત શહીદોથી અધિક સંપૂર્ણ છે.

ઝરકાની અલલ મવાહિબ, ભાગ–૫, પેજ–૩૩૪, અલ્લામા ઈમામ મુહમ્મદ બિન અબ્દુલ બાકી ઝરકાની ફર્માવે છે કે ફતાવા રમલિયામાં છે : નબીઓ, શહીદો અને આલિમો જૂના નથી થતા. (એમની બદન એવું જ તરોતાજા રહે છે) નબીઓ અને શહીદો પોતાની કબ્રોમાં ખાવા પીવા ખાય છે, નમાઝો પઢે છે, રોઝા રાખે છે અને હજ્જ કરે છે.

## બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

### ★ ડંકાની ચોટ પર સત્ય ★

મોહતરમ જનાબ તંત્રી સાહબ ''બરકાતે ખ્વાજા'' (માસિક) સલામ બાદ.....''ઈસ્લામિક વેલ્ફેર મિશન દયાદરા''નું મુખપત્ર ''બરકાતે ખ્વાજા'' (માસિક) પ્રિન્ટમિડીયા દ્વારા મઝહબી ક્ષેત્રે જબરદસ્ત ખિદમત અંજામ આપી રહેલ છે. તેના દરેક અંકોમાંના દરેક લેખો, દરેક વિભાગો, ખાસ કરીને તંત્રી લેખો જે સાંપ્રત પ્રવાહને અનુરૂપ વિષયોને આવરી લઈ પ્રસિદ્ધ કરવામાં આવે છે જે ખૂબ જ માહિતીસભર, ચોટદાર, મનનીય હોય છે. દા.ત. ઉર્સના પ્રોગ્રામોમાં, શાદીના પ્રોગ્રામોમાં, સમૂહ શાદીના પ્રોગ્રામોમાં શરીઅત વિરુદ્ધના જે કાર્ય થઈ રહ્યાં છે તેની સામે કોઈની પણ શેહશરમ રાખ્યા વિના હક્ક વસ્તુ, હક્ક બાબત, નીડરતાથી ડકાંની, ચોટે સત્ય વાતો લખવામાં આવે છે જે ઘણાને ગમતું નથી ! આ રીતે આ મુખપત્ર તથા તેના તંત્રીની કામગીરી સરાહનીય પ્રશંસનીય નોંધનીય છે. સુંદર મઝહબી કામગીરી બદલ સર્વે ટીમને અભિનંદન ! મુબારકબાદ ! *–લિ. હબીબ એ. તરકવાડીયા (જસદણ)*

### ★ હક્કાનિયતની રોશન દલીલ ★

મુહિબ્બે અહલે સુન્નત, નાશિરે મસ્લકે આ'લા હઝરત જનાબ પટેલ શબ્બીર અલી રઝવી સાહબ, સલામ મસ્નૂન, આજના આ પુરફિતન દૌરમાં તરહ તરહના ફિર્કા નીકળેલ છે, જેમ કે વહાબી, રાફઝી, કાદયાની તથા એક નવો કામ ગુમરાહીનાં કરે છે. આપ હઝરતે પ્રો. તાહિરુલ સાહબના બારામાં કલમ ચલાવેલ છે તે હક્કનિયતની રોશન દલીલ છે. ખુદા પાક પરવરદિગાર લોકોને હક્કની સમાજ આપે.
*–અબ્દુસ્સત્તાર રઝવી નૂરી તસ્નીમી (વઢવાણ)*

### ★ શાદીખાના આબાદી ★

**જંબુસર :** સૈયદ હશ્મતઅલી બાપુ બરકાતી લખી જણાવે છે કે વડોદરા તાંદલજા નિવાસી હાજી ઉષ્માન હસનજી ખત્રી (રટાયર્ડ.બેક મેનેજર S.B.I.)ના નેક ફરઝદ સાદિક મુહમ્મદની શાદી ભાયલી મુકામે ખત્રી મુસ્તફા ઈબ્રાહીમની નેક દુખ્તર સફીયા સાથે તા. ૧૮–૬–૨૦૧૧ના રોજ યોજાઈ હતી. તેમજ જનાબ ખત્રી સાહબના ફરઝદ (C.A.) પૂરુ કર્યું તેની ખુશીમાં રૂા. ૫૦૦/–ની ઈમદાદ આપેલ છે. *(અલ્લાહ તબારક વ તઆલા દુલ્હા–દુલ્હનને સદા આબાદ રાખે. આમીન –તંત્રી)*

**વડોદરા :** (ખાનકાહ મહોલ્લા)થી અઝીઝ અહમદ એમ. ખાન જણાવે છે કે તેમની દુખ્તરે નેક અખ્તર મખ્દૂમ ફાતિમાના નિકાહ મોઈનુદ્દીન ખાન (S/o. કમરુદ્દીનખાન) સાથે તા. ૧૭–૧૦–૨૦૧૧ના રોજ મોરબી ટંકારા હોલ ખાતે રાખવામાં આવ્યા. *(મુબારકબાદ ! અલ્લાહ દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનોને સદા ખુશ આબાદ રાખે. આમીન –તંત્રી)*

**ભાવનગર :** મુકામે હાજી મુહમ્મદ અલ્તાફ હાજી અબ્દુર્રહીમ ચૌહાણની નેક દુખ્તર અંજુમન રઝાની નિકાહખ્વાની તા. ૧૧–૧૧–૨૦૧૧ના રોજ રાખવામાં આવી. દુલ્હા દુલ્હન તેમજ કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં સૌને ખુશીઓ ભરી જિંદગીથી નવાઝે. (આમીન) –તંત્રી

**પીપળીયા :** થી યાકૂબ ઉમરજી બગસ જણાવે છે કે તેમના ભત્રીજા મૌલાના મુહમ્મદ સઈદ મિસ્બાહી (S/o. મર્હૂમ યૂસુફ ઉમરજી)ના નિકાહ તા. ૨૨–૧૦–૨૦૧૧ શનિવારે કુરચણ નિવાસી દાઉદ અહમદની નેક દુખ્તર આલિમા શાહીન સાથે રાખવામાં આવ્યા. ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી*

### ★ શાદી પ્રસંગે સુન્ની ઈજતેમા ★

**ભરૂચ :** નેશનલ પાર્ક ખાતે જનાબ રફીકભાઈ મેમણ ધનાની ભાવનગરીના નેક ફરઝંદ મુહમ્મદ

સાજિદની શાદીના પ્રસંગે તા. ૨૭–૧૦–૨૦૧૧ના રોજ ઈશા બાદ સુન્ની ઈજતેમા યોજાયો જેમાં હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) સાહબે શાદીના પ્રસંગને અનુરૂપ અસરકારક બયાન કર્યું. જેમાં સ્ત્રીઓના પર્દા વિશે ઈસ્લામી પાકીઝા હુકમો કુર્આન હદીષની રોશનીમાં સમજાવીને દિયર, બનેવીથી પણ પર્દો અનિવાર્ય છે એ ખૂબ જ સચોટ અંદાજમાં સમજાવ્યું. શહેર તથા આસપાસના સુન્ની અવામનો ભરચક મજમો જમા થયો હતો.

### ★ અલ્લાહ મર્હૂમોની મગફેરત ફર્માવે ★

**ચકલાસી** : થી મુહમ્મદ તૌફીકભાઈ તરફથી મર્હૂમ હાજી અબ્દુસ્સત્તાર હાજી ગુલામ રસૂલના સવાબ અર્થે રૂા. ૫૦૦૦/– નુઝહતુલ કારી બુખારી શરીફની શરહ (ભાગ–૩)ના છાપકામ માટે **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**ને લિલ્લાહ મળ્યા છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં સખીના માલમાં બરકત આપે, મર્હૂમાની મગફેરત ફર્માવે. (આમીન) –તંત્રી

**સાંસરોદ** : થી મહબૂબ હસન ઈસા તરફથી રૂા. ૧૦,૦૦૦/– લિલ્લાહ **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ**ને પોતાના મર્હૂમ ફરઝંદ ઈમરાનના ઈસાલે સવાબ અર્થે મળ્યા છે. રબ્બે કરીમ તેમની આ નેકી કબૂલ કરે અને મર્હૂમને જન્નતમાં આ'લાથી આ'લા મકામ આપે, કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી*

**દયાદરા** : મુકામે ઈસ્માઈલબાપુ બોરડીવાલાના ફરઝંદ ઈબ્રાહીમભાઈનો ઈન્તેકાલ તા. ૩૧–૧૦–૨૦૧૧ સોમવારના રોજ થઈ ગયો છે. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે. કુટુંબીઓને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી*

**જંબુસર** : તા. ૧૬–૧૦–૨૦૧૧ રવિવાર ઈશા બાદ ''ગુલશને ગરીબનવાઝ ઈબાદતગાહ' પાસે સુન્ની ઈજતેમા હઝરત સૈયદ શૌકત અલીબાવા જંબુસરીની સદારતમાં યોજાયો જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના મુહમ્મદઝહીર મિસ્બાહી દહેગામીએ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. શહેરની અવામ બહોળી સંખ્યામાં હાજરી રહી હતી.

*–રજૂ. તલાટી યૂસુફ મલેક (જંબુસર)*

**વેરાવળ** : મુકામે તા. ૧૦ તથા ૧૧ નવેમ્બર ૨૦૧૧ના રોજ મસ્જિદે મુસ્તફા ટ્રસ્ટ કમિટી તરફથી ''જશ્ને ફૈઝાને સહાબાએ કિરામ વ નૂરી મેહફિલ'' મૌલાના જાવિદ તુર્કી સાહબની સદારતમાં, ઝેરે સિયાદત હઝરત મૌલાના સિકંદરબાપુ–રાજકોટ તથા મૌલાના સરફરાઝ અહમદ નૂરી, નિઝામતમાં મૌલાના નઝમુલહુદા સાહબ હતા. ઉપરાંત અન્ય ઉલમા, સાદાત, નઅતખાં હાજર રહ્યા હતા. જેમાં મર્કઝી બયાન મુફતીએ મહારાષ્ટ્ર હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ મુજીબ અશ્રફ સાહબે કર્યું હતું.

**વલસાડ** : થી મહબૂબ જી. શેખ (આ'લા હઝરત ચેરિટી ટ્રસ્ટ) લખે છે કે દિલગીરી સાથે જણાવવાનું કે અમારા સેક્રેટરી જનાબ હાજી અલ્લારખુ આદમભાઈ શેખ ગત રમઝાન મહિનામાં અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે જેમની મસ્લકે આ'લા હઝરત ચેરિટી ટ્રસ્ટને બહુ મોટી ખોટ પડી છે. અલ્લાહ તબારક વ તઆલા એમને જન્નત નસીબ કરે તથા જન્નતમાં આ'લાથી આ'લા દરજજો નસીબ કરે તેવી દુઆ કરશો તથા કરાવશોજી.

**ટંકારીઆ** : મુકામે સાબેરાબેન અ. સત્તાર સીતપણીયા (D/o. મર્હૂમ અહમદ ભા કંડકટર–દયાદરા)નો તા. ૧૩–૧૧–૨૦૧૧ રવિવારના રોજ અચાનક દુઃખદ ઈન્તેકાલ થયો છે. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે અને કુટુંબીજનો સગાંઓને સબ્રેજમીલ આપે. (આમીન) *–તંત્રી*

# સુન્ની દા'વતે ઈસ્લામીનો મુંબઈમાં ૨૧મો સાલાના

## સુન્ની ઈજતેમા અતિ કામયાબ !

અલ્હમ્દુલિલ્લાહ ! આલમી તેહરીક઼ ''સુન્ની દા'વતે ઈસ્લામી''નો અક઼ીદા તથા અમલોની ઈસ્લાહ તથા દુરુસ્તગી કરી સુન્નિયત પર તથા સુન્નતો પર અડીખમ કરે તેવાં બયાનો તથા દર્સો તર્બિયતવાળો સુન્ની ઈજતેમા મુંબઈ—વાદીએ નૂર આઝાદ મેદાન ખાતે તા. ૨૧, ૨૨, ૨૩ ઓકટોબર ૨૦૧૧ના દિવસોમાં યોજાયો જેમાં પ્રથમ દિવસે જુમ્આની નમાઝ બાદ ઔરતોના ઈજતેમામાં રસૂલુલ્લાહ ﷺની દીવાનીઓના સૈલાબથી વાદીએ નૂર ભરાઈ ગયું. મુંબઈ તેમજ ભીંવડી, માલેગાંવ તથા અન્ય સ્થળોએથી બહેનો હાજરી આપી નૂરાની ઈસ્લાહી બયાનો, નઅતોથી ફયઝયાબ થઈ. જનાબ ક઼ારી રિયાઝુદ્દીનની ક઼િરાઅતે કુર્આનથી તથા અલ્હાજ ક઼ારી રિઝવાન સાહબની નઅતથી શરૂઆત થઈ જેમાં હઝરત સૈયદ મોઈન અશ્રફ જીલાની સાહબે દુઆ ફર્માવી. દર્સ, નઅત, બયાનનો ક્રમ જારી રહ્યો તથા અસર બાદ હઝરત અલ્લામા મુફ્તી નિઝામુદ્દીન આ'ઝમી સાહબના થકી દીની સવાલ જવાબનો ક્રમ ચાલ્યો બાદમાં મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા ક઼મરુઝ્ઝમાં આ'ઝમી સાહબ (સેક્રેટરી : વર્લ્ડ ઈસ્લામિક મિશન) તેમજ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરીનાં ઔરતોની ઈસ્લાહ કરતાં ઈન્કિ઼લાબી બયાનો થયાં. રાત્રે ઈશાબાદ ઝિક્ર દુઆ પર પ્રથમ દિવસનો ઈજતેમા પૂર્ણ થયો. બીજા દિવસે શનિવારે તહજ્જુદની નમાઝથી મર્દોનો ઈજતેમા શરૂ થયો જેમાં સુન્ની દા'વતે ઈસ્લામીના ચુનંદા મુબલ્લિગો જનાબ ઈમ્તયાઝભાઈ ભીવંડીવાળા, જનાબ હાફિઝ અબ્દુર્રહીમ ભરૂચી, જનાબ મુહમ્મદ સાદિક઼, સઈદનૂરી, જનાબ સૈયદ મુહમ્મદ સાહબ, જનાબ મુહમ્મદ રઝા અશરફી, જનાબ ક઼ારી રિઝવાન સાહબ, જનાબ ક઼ારી રિયાઝુદ્દીન, જનાબ સૈયદ મોઈનુદ્દીન ચિશ્તી.... વગેરેએ નઅત, બયાન, દર્સની ખિદમતો અંજામ આપી વિવિધ મસાઈલ, વિવિધ સુન્નતો વગેરેની તા'લીમો તર્બિયત જારી રાખી, સાથોસાથ વિવિધ ઉલમાનાં બયાનો થયાં જેમ કે મૌલાના અબુલ હસન નૂરી, મુફ્તી અખ્તર રઝા સાહબ, મુફ્તી ઝુબેર સાહબ, ડો. અહમદ હુસૈન શૈખ, મૌલાના ફૈયાઝ અહમદ (જોધપુર), મૌલાના શમ્સુદ્દીન ક઼ાદરી. ત્યારબાદ મુહક્કિ઼કે઼ મસાઈલે જદીદા મુફ્તી નિઝામુદ્દીન રઝવી (મુબારકપુર) થકી સવાલો જવાબનો ક્રમ ચાલ્યો. મગરિબ બાદ ક઼ારી ઝહીરુદ્દીન સાહબનું બયાન છેવટમાં અલ્લામા ક઼મરુઝ્ઝમાંખાં આ'ઝમી સાહબે ''ઈસ્લામમેં ગરીબી કા ઈલાજ'' એ વિષયે શાનદાર બયાન કર્યું. સલાતો સલામ બાદ સરબરાહે આ'લા અઝીઝે મિલ્લતે (મુબારકપુર)એ દુઆ કરી હતી. ત્રીજા દિવસે સવારથી ઈજતેમા ચાલુ રહ્યો જેમાં મૌલાના ઈર્શાદ નઝમી, મૌલાના હસન ફારૂકી, રાશિદ રઝવી, મૌલાના મુજાહિદ હુસૈન, સૈયદ અમીન અલી માલેગાંવી, ખાલિદ રઝવી, મૌલાના સલમાન અઝહરી વગેરે ઉપરાંત સદર જામિઆ અશ્રફિયા મુબારકપુર હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી સાહબે જામિઆ ગૌષિયા નજમુલ ઉલૂમ સુન્ની દા'વતે ઈસ્લામીના ઈદારામાં ફારિગ થનારાઓનો ખત્મે બુખારીનો પ્રોગ્રામ કર્યો હતો. વિવિધ ઉલમા મુબલ્લિગોનાં બયાન થયાં. ફરી અસરબાદ હઝરત અલ્લામા મુફ્તી નિઝામુદ્દીન સાહબ થકી સવાલો જવાબનો ક્રમ ચાલ્યો. મગરિબાદ બાદ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર નૂરી સાહબે દિલોમાં ઈન્કિ઼લાબ જન્માવનારું બયાન લાખોના મજમામાં કર્યું હતું. છેવટમાં અલ્લામા ક઼મરુઝ્ઝમાં આ'ઝમી સાહબે ''ગરીબીનો ઈસ્લામમાં ઈલાજ'' એ જ વિષય પર ઈસ્લામની શાન જાહેર કરતું લાજવાબ બયાન કર્યું હતું. છેવટમાં ઝિક્ર તથા રિક્કત અંગેઝ દુઆ થઈ હતી. અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી ઉપરાંત વિવિધ અકાબિર ઉલમાએ અહલે સુન્નતે હાજરી આપી દુઆઓ આપી હતી.

ચાલો ભરૂચ ! ચાલો ભરૂચ !

## આલમી તેહરીક સુન્ની દાવતે ઈસ્લામીનો ૯મો સાલાના બે દિવસીય સુન્ની ઈજતેમા

**કબ ?** : **૩૧/૧૨/૨૦૧૧** શનિવાર ઝોહરથી મગરિબ સુધી (બહેનો માટે)

**૦૧/૦૧/૨૦૧૨** રવિવારે ૧૦ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી (ભાઈઓ માટે)

**કહાં ?** : સબ જેલ ગ્રાઉન્ડ, મહમદપુરા, સંતોષી વસાહત પાછળ–ભરૂચ

**અદાઈ** : સુન્ની દાવતે ઈસ્લામી (ભરૂચ શાખા)

સંપર્ક કરો : મો. ૯૪૨૭૪૬૪૪૧૧, ૯૪૨૬૮૪૦૨૭૭, ૯૮૨૪૧૩૬૨૫૭, ૯૪૦૮૭૩૬૯૬૫

ઈલ્મે દીનની રોશનીથી માલામાલ થવા આ ઈર્ફાની રૂહાની તર્બિયતી સુન્ની ઈજતેમામાં મોજા મારતાં સમુદ્ર જેમ જોશભેર મિત્રો સાથીઓ સહિત તશરીફ લાવશો.

**જરૂરી એલાન :** ભરૂચ સબજેલ ગ્રાઉન્ડ ખાતે તા. ૩૧ ડિસે. ૨૦૧૧ અને ૧–જાન્યુ. ૨૦૧૨ અનુક્રમે બહેનો માટે તથા ભાઈઓ માટે સુન્ની દા'વતે ઈસ્લામીનો સુન્ની ઈજતેમા થશે જેમાં આવનાર ભાઈ બહેનોને **ન્યાઝ જમાડવા માટે જે સખીદાતા રસ ધરાવતા હોય તેઓ અમારો વેળાસર સંપર્ક કરે અને સવાબના હક્કદાર બને.** *–તંત્રી*
સંપર્ક નં. મો. ૯૮૨૪૧ ૭૬૫૯૬, ૯૪૨૮૦ ૨૭૫૯૨, ૯૪૨૭૪૬૪૪૧૧, ૯૪૨૬૮૪૦૨૭૭, ૯૪૦૮૭૩૬૯૬૫

## ચાલો ભાવનગર ! ચાલો ભાવનગર ! ચાલો ભાવનગર !

### આલમી તેહરીક સુન્ની દાવતે ઈસ્લામીનો બે દિવસીય અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા

**કબ ?** : **તા. ૧૭–૧૨–૨૦૧૧** શનિવારે બપોરના બે વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધી (બહેનો માટે)

**તા. ૧૮–૧૨–૨૦૧૧** રવિવારે સવારના ૧૦ વાગ્યાથી રાતના ૧૦ સુધી (મર્દો માટે)

**સ્થળ** : વાદીએ રઝા, ક્રેસન સર્કલ, શાંતિલાલ શાહ હાઈસ્કૂલ ક્રિકેટ મેદાન–ભાવનગર

**અદાઈ** : સુન્ની દાવતે ઈસ્લામી (ભાવનગર શાખા)

**સંપર્ક કરો** : મો. ૯૮૭૯૩ ૪૦૦૭૩, ૯૧૭૩૧૦૫૦૨૯, ૯૪૨૭૪ ૩૧૪૪૩

## છે કોઈ હદીષોના પ્રચારનો ચાહક ?!

**નુઝહતુલ કારી શરહે બુખારી** એટલે **"બુખારી શરીફની શરહ (ભાગ–૩)"** હાલમાં છપાઈને આવવાની તૈયારી છે. તો પોતાના મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે આ કામમાં કોણ છે જે અમારી મદદ કરે ?! અંદાજીત ખર્ચ **રૂા. સાડા ત્રણ લાખ** (૪૦૦૦ કોપી)નો ખર્ચ થયો છે. તો અમારા આ સાહસમાં અલ્લાહ વ રસૂલની મહોબ્બતને ખાતર કોણ છે જે અમને ટેકો કરે ?! **રૂા. ૩૦૦/–** ભરી **"અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"**ના **મેમ્બર** થનારને આ કિતાબ તથા વરસભર છપાતી અન્ય કિતાબો ફ્રીમાં ઘેર બેઠાં મળશે. (ભાગ : ૪નો અનુવાદ પ્રગતિમાં છે.)

**સંપર્ક કરો :–** તંત્રી બરકાતે ખ્વાજા, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૧૦૪૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો અને મફત કિતાબ મેળવો

**સ્કીમમાં ભાગ લો**

તા. **૧–૧૦–૨૦૧૧થી ૩૧–૧૨–૨૦૧૧** સુધીમાં "બરકાતે ખ્વાજા (માસિક)ના **નવા ગ્રાહક** થનારને તેમજ **રિન્યુ કરાવનાર**ને નીચેની કિતાબ મફતમાં મળશે.

**સ્કીમમાં ભાગ લો**

**તોહફાએ નજાત (ભાગ–૯)** યા'ને **"મૌતને ભૂલશો નહીં !"** (પેજીસ : ૪૮૦)

લેખક : હઝરત મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાળા (હાલ : પ્રેસ્ટન)